ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : 20 ઓક્ટોબર 2026 મંગળવાર
વિક્રમ સંવત 2082, આસો સુદ - 9

વર્ષ : 18
અંક : 111

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
ઓસ્ટ્રેલિયાના મહિલા સાંસદ હેલેનને કારે ટક્કર મારી:ઓફિસની બહાર અકસ્માત, હાલત ગંભીર

4 
ઓબેસિટી ઘટાડવાના નામે દેશમાં નકલી દવાઓનો વેપલો વધ્યો

6 
ઈમરાન ખાનને દેશ છોડવાની નોટિસ મળતાં આમિર ખાન રાજ ઠાકરેને મળવા પહોંચ્યો, રાજકીય હિલચાલ વધી

7 
શેરબજારમાં કડાકો, સેન્સેક્સ 1000 પોઇન્ટ ગગડ્યો, નિફ્ટી 22,850ની સપાટીએ

NEWS BRIEF

બોલિવૂડના જાણીતા સિંગરના પિતા કોંગ્રેસમાં જોડાયા, કહ્યું- ભાજપમાં અપમાન થયું

લોકપ્રિય બોલિવૂડ પ્લેબેક સિંગર જુબીન નૌટિયાલના પિતા અને દિગ્ગજ નેતા રામશરણ નૌટિયાલે ભારતીય જનતા પાર્ટી (BJP) સાથેનો 12 વર્ષ જૂનો નાતો તોડીને સત્તાવાર રીતે કોંગ્રેસ પક્ષનો ખેસ ધારણ કરી લીધો છે. નવી દિલ્હી સ્થિત કોંગ્રેસ હેડક્વાર્ટર ખાતે ઉત્તરાખંડ કોંગ્રેસના પ્રભારી કુમારી સેલજા દ્વારા તેમને કોંગ્રેસનું સભ્યપદ અપાવવામાં આવ્યું હતું.



ભાજપથી નારાજ ચાલી રહેલા રામશરણ નૌટિયાલે થોડા દિવસો અગાઉ જ પોતાનું રાજીનામું સ્ટેનોગ્રાફર દ્વારા મોકલાવીને પાર્ટી છોડી દીધી હતી. પાર્ટી છોડવા અંગે તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, કોઈ પણ વ્યક્તિ માટે એ જગ્યા છોડવી ક્યારેય આસાન નથી હોતી જ્યાં તેણે 12 વર્ષ સુધી સખત મહેનત કરી હોય. પરંતુ માન-સન્માન સૌથી ઉપર છે અને જ્યાં કામ કરનારને યોગ્ય સન્માન ન મળે ત્યાંથી અંતર જાળવી લેવું જ યોગ્ય છે. ભાજપ છોડવાનું મુખ્ય કારણ જણાવતા તેમણે પ્રદેશ અધ્યક્ષ મહેન્દ્ર ભટ્ટ તરફ ઈશારો કરતાં કહ્યું કે, જો પાર્ટી માત્ર બે-ત્રણ લોકોના જ ઇશારે ચાલતી હોય તો મુશ્કેલીઓ ઊભી થાય છે. તેમણે ગંભીર આક્ષેપ કર્યો હતો કે મને અનેક વખત સાર્વજનિક મંચો પર અપમાનનો સામનો કરવો પડ્યો છે. મેં ક્યારેય પોતાના અંગત સ્વાર્થ કે વ્યક્તિગત લાભ માટે સરકાર પાસે ક્યારેય કશું માંગ્યું નહોતું, હું હંમેશા પોતાના ક્ષેત્રના વિકાસ અને જનહિતના પ્રશ્નો ઉઠાવતો હતો.

રિજિજુ બોલ્યા- ભારત ન તો બાંગ્લાદેશ છે, ન ફ્રાન્સ

માત્ર ચૂંટણી દ્વારા જ ભારતમાં સત્તા પરિવર્તન થઈ શકે છે

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ રવિવારે આરોપ લગાવ્યો કે ફ્રાન્સ અને બાંગ્લાદેશમાં બનેલી હિંસક ઘટનાઓ જેવું જ ષડયંત્ર ભારતામાં પણ રચવામાં આવ્યું હતું. કેટલાક નેતાઓએ યુવાનોને ઉશ્કેરવા અને રસ્તાઓ પર હિંસા ફેલાવવાનો પ્રયાસ કર્યો. રિજિજુએ કહ્યું કે આવું ખતરનાક ષડયંત્ર રચનારા લોકો એ ભૂલી ગયા કે ભારત ન તો બાંગ્લાદેશ છે અને ન તો ફ્રાન્સ. ભારતમાં સત્તા પરિવર્તન ચોક્કસપણે થઈ શકે છે, પરંતુ માત્ર ચૂંટણીઓ દ્વારા, સોરોસ દ્વારા નહીં. રિજિજુએ X પર પોસ્ટ ઉપરાંત એક વીડિયો પણ શેર કર્યો, જેમાં રાહુલ ગાંધી અને નેહા બોરાને દર્શાવવામાં આવ્યા છે. હકીકતમાં, 14 ઓક્ટોબરે બાંગ્લાદેશમાં થયેલા હિંસક પ્રદર્શનના સમર્થનમાં નેહા બોરાનો વીડિયો સામે આવ્યો હતો. નેહા બોરાએ બે દિવસ પહેલાં બાંગ્લાદેશના સોશિયાલિસ્ટ સ્ટુડન્ટ્સ ફ્રન્ટ (SSF)ને તેની છઠ્ઠી સેન્ટ્રલ કોન્ફરન્સ માટે શુભેચ્છા પાઠવતો એક વીડિયો સંદેશ મોકલ્યો હતો. તેમાં તેમણે કહ્યું હતું કે ભારતનું જેન-ઝી આંદોલન બાંગ્લાદેશના આંદોલનથી પ્રેરિત છે. SSF બાંગ્લાદેશના વિદ્યાર્થી આંદોલન અને સત્તાપલટાની ઘટનાઓમાં સક્રિય હતું.



તમને લાલ સલામ. આજે ભારતમાં જે જેન-ઝી આંદોલન થઈ રહ્યું છે, તે સૌથી પહેલાં બાંગ્લાદેશમાં શરૂ થયું હતું. તમે અમને માર્ગ બતાવ્યો, તેના માટે અમે તમારા આભારી છીએ.

અમે જાણીએ છીએ કે બાંગ્લાદેશમાં શરૂ થયેલું આંદોલન લોકશાહી અને મતદારોના અધિકારો માટે હતું. આજે ભારતમાં યુવાનો જે આંદોલનમાં ભાગ લઈ રહ્યા છે, તે પણ લોકશાહી અને મતદારોના અધિકારોની રક્ષા માટેની લડાઈ છે. અમે જાણીએ છીએ કે બાંગ્લાદેશમાં યુવાનો ધાર્મિક કટ્ટરપંથ વિરુદ્ધ લડી રહ્યા હતા. ભારતમાં જેન-ઝી પણ આ જ લડાઈ લડી રહ્યું છે. ઢાકા યુનિવર્સિટી અને જહાંગીર યુનિવર્સિટી વધી રહેલી ધમકીઓ અને હુમલાઓ વચ્ચે મુશ્કેલ પરિસ્થિતિમાં છે. ભારતમાં પણ અમારી સંસ્થાઓ અને કેન્દ્રીય યુનિવર્સિટીઓની સ્થિતિ આવી જ છે.

ગોવા રાજકારણ / કોંગ્રેસ જનસંપર્ક અભિયાન

ગોવામાં રાહુલ ગાંધીના પ્રહાર: પીએમ મોદી પર મતચોરીનો આરોપ મૂકતા કહ્યું, "મારા પર કેસ કરતા ડરે છે કારણ કે તેઓ ફસાઈ જશે"

કોંગ્રેસની 28 દિવસીય 'ગોય રાખોન યાત્રા'નું સમાપન, દિલ્હીમાં સરકાર સામે લડત અને ગોવામાં જમીન તથા રોજગારીના મુદ્દે ભાજપ સરકાર પર આકરા પ્રહારો

પણજી, તા.19

રાહુલ ગાંધી રવિવારે ગોવામાં કહ્યું કે હું દરેક રાજ્યને કહું છું કે વડાપ્રધાન મતચોરી કરે છે. પરંતુ મારા પર કોઈ કેસ નોંધાતો નથી. કારણ કે તેઓ જાણે છે કે જો કેસ થયો તો મામલો કાનૂની બની જશે અને તેઓ ફસાઈ જશે.

દિલ્હીમાં અમે થોડા જ સમયમાં વડાપ્રધાન અને ગૃહમંત્રીનો સામનો કરી લઈશું. કામ ચાલુ છે. સરકારની સમયસીમા પૂરી થવાની તારીખ નજીક આવી રહી છે. તમે જોયું છે કે આજકાલ વડાપ્રધાન સામે ઊભા રહી શકતા નથી. કારણ કે તેઓ જાણે છે કે દેશના યુવાનો તેમની વિરુદ્ધ ઊભા થઈ ગયા છે.

રાહુલ કોંગ્રેસના જનસંપર્ક અભિયાન 'ગોય રાખોન યાત્રા'માં ભાગ લેવા ગોવા પહોંચ્યા હતા. અહીં કોંગ્રેસની 28 દિવસ લાંબી યાત્રાનું સમાપન થયું છે. છેલ્લા 4 વર્ષમાં રાહુલની આ પહેલી ગોવા મુલાકાત છે. આ પહેલાં તેઓ 2022માં અહીં આવ્યા હતા. ગોવામાં આવતા વર્ષે 2027માં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે.

દરેક શિક્ષણ વ્યવસ્થામાં RSSના લોકો: આખી દુનિયા માનતી હતી કે ભારતની શિક્ષણ વ્યવસ્થા શ્રેષ્ઠ મોડલ હતી. પરંતુ આજે દિલ્હીમાં વિદ્યાર્થીઓને જ મારવામાં આવી રહ્યા છે. દરેક શિક્ષણ વ્યવસ્થામાં તેમણે ભાજપ અને આરએસએસના લોકોને બેસાડી દીધા છે.

કોંગ્રેસ ભ્રષ્ટાચારનું મોડલ ખતમ કરશે: હાઈટેક ભ્રષ્ટાચાર, જમીનનો ભ્રષ્ટાચાર- આ લોકો અહીં કરે છે. જેમ પહેલાં ગુજરાતમાં નરેન્દ્ર મોદીનું



મોડલ હતું, તેવી જ રીતે ગોવામાં ભ્રષ્ટાચારનું મોડલ છે. તેને માત્ર કોંગ્રેસ જ ખતમ કરી શકે છે.

દેશમાં સૌથી વધુ બેરોજગારી ગોવામાં: પહેલા માસ્ટર પ્લાન હતો, માસ્ટર પ્લાનને રદ કરી દીધો. તેમનું એકમાત્ર કામ છે કે પૈસા કેવી રીતે કમાઈ શકાય. તેમનું એકમાત્ર કામ છે. ગોવાના લોકોને લૂંટવાનું, તમારી જમીન છીનવીને અબજોપતિઓને આપવાનું.

ગોવામાં સરકાર તમારી જમીન છીનવી રહી છે: ગોવા દેશનું સૌથી સુંદર સ્થળ છે, સૌથી સારી સંસ્કૃતિ છે. પરંતુ અહીં પણ સરકાર તમારી જમીન છીનવીને ગોવાની બહારના લોકોને કરોડોમાં વેચે છે. પહેલા માસ્ટર પ્લાન હતો, માસ્ટર પ્લાનને રદ કરી દીધો. તેમનું એકમાત્ર કામ છે કે પૈસા કેવી રીતે કમાઈ શકાય.

રાહુલ ગાંધી કોંગ્રેસની 'ગોય રાખોન યાત્રા'ના સમાપન કાર્યક્રમમાં સામેલ થયા. આ યાત્રા 22 સપ્ટેમ્બરથી શરૂ થઈ હતી અને ગોવાની તમામ 40 વિધાનસભા બેઠકો સુધી પહોંચી હતી. કોંગ્રેસે તેમાં જમીન, ઓળખ, પર્યાવરણ, બેરોજગારી, ભ્રષ્ટાચાર અને સુરક્ષા જેવા મુદ્દા ઉઠાવ્યા છે.

ગોવામાં આગામી વિધાનસભા ચૂંટણી 2027ની શરૂઆતમાં, સંભવતઃ ફેબ્રુઆરી-માર્ચ 2027માં યોજાઈ શકે છે. ચૂંટણીની સત્તાવાર તારીખ હજુ જાહેર કરવામાં આવી નથી. વર્તમાન વિધાનસભાનો કાર્યકાળ 14 માર્ચ 2027ના રોજ સમાપ્ત થશે.

ગોવામાં કોંગ્રેસ 2012થી સત્તાની બહાર છે, એટલે કે લગભગ 15 વર્ષથી. 2012માં કોંગ્રેસ સરકારને BJP-MGP ગઠબંધને હરાવ્યું હતું. 2017માં કોંગ્રેસ 17 બેઠકો સાથે સૌથી મોટી પાર્ટી બની હતી, પરંતુ BJPએ ગઠબંધન કરીને સરકાર બનાવી લીધી. 2022માં BJPએ 20 બેઠકો જીતી હતી અને બાદમાં કોંગ્રેસના 8 ધારાસભ્યો BJPમાં જોડાઈ ગયા.

CJP નેતાઓના જામીન મામલે મેજિસ્ટ્રેટને ધમકી: FIR નોંધાઈ, સૌરવ દાસ અને આશુતોષ રાંકા 6 દિવસ પહેલાં જંતર-મંતર પરથી પકડાયા હતા

નવી દિલ્હી, તા.19

દિલ્હી પોલીસે કોંકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતાઓ આશુતોષ રાંકા અને સૌરવ દાસના જામીન કેસના વિશેષ મેજિસ્ટ્રેટને ધમકાવવા બદલ અજાણ્યા લોકો વિરુદ્ધ FIR નોંધાવી છે. પોલીસના જણાવ્યા મુજબ, ધમકી આપનારાઓની ઓળખ હજુ સુધી થઈ નથી. હકીકતમાં, રાંકા અને દાસની ન્યાયિક કસ્ટડી અંગે રવિવારે નિર્ણય થવાનો હતો, પરંતુ ધમકીની વાત સામે આવ્યા બાદ સુનાવણી થઈ શકી નહીં. પોલીસે બંનેને અન્ય CJP કાર્યકરો



સાથે 13 ઓક્ટોબરે જંતર-મંતર ખાતે પ્રદર્શન દરમિયાન પકડી લીધા હતા. ત્યારબાદ વિશેષ અદાલતે 14 ઓક્ટોબરે બંનેને 5 દિવસની ન્યાયિક કસ્ટડીમાં તિહાર જેલમાં મોકલી દીધા હતા. બંને તિહાર જેલમાં બંધ છે. પોલીસના જણાવ્યા મુજબ, દાસ અને રાંકાએ શાંતિ જાળવવાના બૉન્ડનું ઉલ્લંઘન કર્યું અને જંતર-મંતરમાં પ્રવેશ કર્યો. જંતર-મંતરને તાજેતરમાં પ્રદર્શન સ્થળોની યાદીમાંથી દૂર કરવામાં આવ્યું છે. CJPએ પોલીસ અને વહીવટીતંત્ર પર નેતાઓની મુક્તિમાં ઇરાદાપૂર્વક વિલંબ કરવાનો આરોપ લગાવ્યો છે. CJPએ જણાવ્યું કે તે નેતાઓની મુક્તિ માટે કાનૂની કાર્યવાહી કરશે. પાર્ટીની કાનૂની પ્રમુખ રત્ના સિંહે આરોપ લગાવ્યો કે જામીનની સુનાવણીમાં કલાકોનો વિલંબ થયો અને ચાર જામીનદારોને અસ્પષ્ટ કારણોસર નકારી કાઢવામાં આવ્યા. તેમણે જણાવ્યું કે બાદમાં મેજિસ્ટ્રેટે ધમકી મળવાની જાણકારી આપી, જેના પગલે વકીલોએ આરોપી વિરુદ્ધ કાર્યવાહી કરવાની માંગ કરી.

કોકરોચ જનતા પાર્ટી SIRના વિરોધમાં અને જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગને લઈને પ્રદર્શન કરી રહી છે. પાર્ટીએ 10 ઓક્ટોબરે જંતર-મંતર પર પ્રદર્શનનું આહ્વાન કર્યું હતું. તે દિવસે સવારે CJPના સ્થાપક અભિજીત દીપકે, સૌરવ અને આશુતોષને દિલ્હી એરપોર્ટ પર ફ્લાઈટમાંથી જ પોલીસે કસ્ટડીમાં લીધા હતા.

'સરકાર મંદિરની મિલકતોની સંરક્ષક છે, માલિક નથી...', સુપ્રીમ કોર્ટે CM થલપતિ વિજયને સંભળાવી દીધું

ચેન્નઈ, તા.19

મદ્રાસ હાઈકોર્ટના એક મહત્ત્વપૂર્ણ ચુકાદાને પલટી નાખતા સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં સંભળાવ્યું છે કે રાજ્ય સરકાર મંદિરની સંપત્તિઓની માત્ર સંરક્ષક અને નિયામક (ટ્રસ્ટોડિયન) છે, તેની માલિક નથી. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા જણાવ્યું કે કોઈ પણ ટ્રસ્ટી પાસેથી રાજ્ય સરકાર આવી સંપત્તિ ભેટ (ગિફ્ટ) સ્વરૂપે સ્વીકારી શકે નહીં, ભલે તે ટ્રાન્સફર સાર્વજનિક હેતુ કે જાહેર હિત માટે જ કેમ ન કરવામાં આવી હોય. જસ્ટિસ પીએસ નરસિંહા અને જસ્ટિસ આલોક અરાધેની બેન્ચે તમિલનાડુ સરકારને



આકરા શબ્દોમાં ફટકાર લગાવતા ગિફ્ટ ડીડને અમાન્ય જાહેર કરી દીધી છે. આ વિવાદની શરૂઆત ત્યારે થઈ હતી જ્યારે તમિલનાડુના ઈરોડ જિલ્લામાં આવેલા નાગપાલયમ મરિયમ્મન-પોન્નાચિયમ્મન મંદિરના એક અસ્થાઈ ટ્રસ્ટીએ 30 ઓગસ્ટ, 2017ના રોજ ગિફ્ટ ડીડ દ્વારા મંદિરની 1 એકર અને 10 સેન્ટ જમીન તાલુક કાર્યાલય બનાવવા માટે રાજ્ય સરકારને સોંપી દીધી હતી.

ટાઇગર પર ફાયરિંગના બે આરોપી હરિયાણાના રહેવાસી: સોનીપતના હોવાનું જણાવાયું

પાણીપત, તા.19

મુંબઈમાં એક્ટર ટાઈગર શ્રોફ પર થયેલા ફાયરિંગની ઘટનામાં પોલીસે ત્રણ યુવકોની રાજસ્થાનના કોટા રેલવે સ્ટેશન પરથી ધરપકડ કરી છે. તેમાંથી બે આરોપી હરિયાણાના સોનીપતના અને એક બિહારનો રહેવાસી છે. યુવાનોમાંથી એકનું નામ રેહાન છે, જ્યારે બીજો સગીર છે. રેહાનના પિતાએ જણાવ્યું કે તેમનો પુત્ર વેલ્ડિંગનું કામ શીખવા ગયો હતો, પરંતુ ત્યારબાદ તે પાછો ફર્યો નથી. આ કેસમાં ફાયરિંગની જવાબદારી લેનાર ગેંગસ્ટર અનિલ પંડિત હરિયાણાના પાણીપત જિલ્લાના રેરકલાં ગામનો રહેવાસી છે. તે 2022માં નોકરી માટે દુબઈ ગયો હતો અને 2024માં ડંકી રૂટ મારફતે અમેરિકા પહોંચ્યો હતો. ભારત છોડતા પહેલાં દેશમાં તેના વિરુદ્ધ એક પણ કેસ નોંધાયેલો નહોતો, પરંતુ અમેરિકા પહોંચ્યા બાદ તે લૉરેન્સ ગેંગ સાથે જોડાઈ ગયો અને હેરી બોક્સરના સંપર્કમાં આવ્યો. હવે વિદેશમાં બેસીને તે ભારતમાં ખંડણી માંગવા અને ગોળીબાર જેવી ઘટનાઓ કરાવવાના નેટવર્કમાં સક્રિય છે. હાલમાં અનિલ પંડિતે હરિયાણવી ગાયક દિલેર ખરકિયાની ગાડી પર થયેલા ગોળીબારની જવાબદારી પણ સ્વીકારી હતી. પાણીપતમાં અનિલ વિરુદ્ધ 10 કેસ નોંધાયેલા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર,



અનિલ પંડિત લૉરેન્સના નામે ધમકીઓ તો આપે છે, પરંતુ તેને સીધા લૉરેન્સ તરફથી સૂચનાઓ મળતી નથી. તેનો મુખ્ય સંચાલક ભારતનો ઇનામી બદમાશ હરિ ચંદ જાટ ઉર્ફે હેરી બોક્સર છે. તે પણ અમેરિકામાં બેઠો છે. હરિયાણા પોલીસની વિશેષ ટીમો આ નેટવર્કને ધ્વસ્ત કરવાની સાથે અનિલ પંડિતના પ્રત્યાર્પણ અને તેની વિરુદ્ધ ઇન્ટરપોલ રેડ કોર્નર નોટિસ જાહેર કરાવવાની પ્રક્રિયામાં લાગી છે. અનિલ પંડિત અને તેનો સાથી રણદીપ મલિક વિદેશમાં બેસીને સોશિયલ મીડિયા અને ખાસ એન્ક્રિપ્ટેડ એપ દ્વારા ખંડણીનું નેટવર્ક ચલાવી રહ્યા છે. આ નેટવર્કની સૌથી વધુ અસર પાણીપતમાં જોવા મળી છે. રવિવારે રાત્રે ટાઈગર શ્રોફ પર થયેલા હુમલા બાદ અનિલ પંડિતનો એક ઑડિયો સામે આવ્યો હતો. જેમાં તેણે કહ્યું- હું અનિલ પંડિત, લોરેન્સનો નાનો ભાઈ. આજે મુંબઈમાં ટાઈગર શ્રોફ પર જે હુમલો થયો છે, તેની જવાબદારી હું અનિલ પંડિત અને મારો મોટો ભાઈ હરમન સંધુ લઈએ છીએ. અમે તને સમજાવ્યો હતો, પરંતુ તને સમજાયું નહીં. અને સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જે કોઈ અમારી વિરુદ્ધ જઈને કામ કરશે અથવા સલમાન ખાન સાથે મળીને કામ કરશે, તેને અમે મારી નાખીશું. આ પહેલી અને છેલ્લી ચેતવણી છે. સલમાન ખાન, એક વાત ધ્યાનથી સાંભળી લે. જો તેં મારા મોટા ભાઈ લૉરેન્સ વિરુદ્ધ..... તો તારા આખા પરિવારને ખતમ કરી નાખીશું. આ વાત મગજમાં બેસાડી લે. તું એવું વિચારે છે ને કે તું સુરક્ષામાં છે, તને કંઈ નહીં થાય- તારા એવા હાલ કરીશું કે આખી દુનિયા યાદ રાખશે.



અમદાવાદમાં સ્ટ્રીટ લાઈટ ટેન્ડરમાં ગરબડ-ગોટાળા, 5-5 વખત પ્રક્રિયા ફેલ, ખર્ચો 190 કરોડથી વધીને 398 કરોડ પહોંચાડ્યો

અમદાવાદ, તા.19

અમદાવાદમાં સ્ટ્રીટ લાઈટની કામગીરી અને જાળવણીના કોન્ટ્રાક્ટ માટેની ટેન્ડર પ્રક્રિયા પાંચ વખત નિષ્ફળ ગયા બાદ હવે છઠ્ઠા પ્રયાસની તૈયારી ચાલી રહી છે. આ સમગ્ર પ્રક્રિયામાં ટેન્ડરના અંદાજિત ખર્ચમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. શરૂઆતનાં ત્રણ ટેન્ડરનો અંદાજિત ખર્ચ 190.70 કરોડ રૂપિયા હતો, જે ચોથા અને પાંચમા પ્રયાસમાં કામગીરીનો વ્યાપ વધારાતાં આશરે 663.37 કરોડ રૂપિયા સુધી પહોંચાડી દેવામાં આવ્યો હતો. હવે SITC સંબંધિત કામગીરી અલગ કરીને નવું ટેન્ડર તૈયાર કરવામાં આવી રહ્યું છે, જેનો અંદાજિત ખર્ચ 398.41 કરોડ રૂપિયા છે. એટલે કે, શરૂઆતના અંદાજની સરખામણીએ છઠ્ઠા પ્રયાસમાં પણ ટેન્ડરનો ખર્ચ 207.71 કરોડ રૂપિયા વધારે છે.



સ્ટ્રીટ લાઈટની કામગીરી અને જાળવણી માટે અગાઉ સિટાલૂમ કંપનીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. જાન્યુઆરી 2025માં કોન્ટ્રાક્ટ પૂરો થયા બાદ કંપનીએ કામગીરી ચાલુ રાખવાનો ઈનકાર કર્યો હતો. ત્યારથી કાયમી કોન્ટ્રાક્ટ ફાળવવા માટે વારંવાર ટેન્ડર બહાર પાડવામાં આવ્યાં, પરંતુ પાંચ પ્રયાસ છતાં પ્રક્રિયા અંતિમ તબક્કે પહોંચી શકી નથી. દરમિયાન સબ કોન્ટ્રાક્ટરો મારફતે કામચલાઉ વ્યવસ્થા ચલાવવામાં આવી હતી. આ સમયગાળામાં સ્ટ્રીટ લાઈટ સંબંધિત ફરિયાદોનો આંકડો પણ મોટો રહ્યો છે. 15 ઓક્ટોબર સુધીમાં કોર્પોરેશનના ચોપડે 1.21 લાખ ફરિયાદો નોંધાઈ હતી.

સ્ટ્રીટ લાઈટની કામગીરી અને જાળવણી માટે શરૂઆતમાં ત્રણ વખત ટેન્ડર બહાર પાડવામાં આવ્યાં હતાં. ત્રણેય પ્રયાસનો અંદાજિત ખર્ચ 190.70 કરોડ રૂપિયા હતો. જોકે, બિડની સંખ્યા અને કંપનીઓની ટેકનિકલ લાયકાત અંગેના વિવાદને કારણે કોન્ટ્રાક્ટ ફાળવી શકાયો નહોતો.

પ્રથમ પ્રયાસમાં માત્ર એક જ ટેન્ડર મળ્યું હતું. ત્યારબાદ બીજા પ્રયાસમાં મુંબઈની ઈ-સ્માર્ટ એનર્જી (E Smart Energy) અને કોયમ્બતુરની સ્નેલ એનર્જી (Schnell Energy Equipments pvt. ltd.) એ બિડ કરી હતી. સ્ટ્રીટ લાઈટ વિભાગે સ્નેલ એનર્જીને ટેકનિકલ કારણોસર ગેરલાયક ઠેરવતાં ફરી એક જ કંપનીની બિડ બાકી રહી હતી. આથી મ્યુનિસિપલ કમિશનરે ફરી ટેન્ડર બહાર પાડવાની સૂચના આપી હતી. ત્રીજા પ્રયાસમાં બંને કંપનીઓએ ફરી બિડ કરી હતી, પરંતુ ટેકનિકલ લાયકાત અંગેના નિર્ણયમાં ફેરફાર થયો હતો. અગાઉ લાયક ઠરેલી ઈ-સ્માર્ટ એનર્જીને આ વખતે ગેરલાયક ઠેરવવામાં આવી હતી, જ્યારે અગાઉ ગેરલાયક ઠરેલી સ્નેલ એનર્જીને લાયક ગણવામાં આવી હતી. આ નિર્ણય સામે ઈ-સ્માર્ટ એનર્જીએ મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરી હતી. કંપનીએ સ્નેલ એનર્જીએ પોતાના અનુભવ અંગે ખોટી માહિતી રજૂ કરી હોવાનો આક્ષેપ કર્યો હતો અને તેના સમર્થનમાં પુરાવા આપ્યા હતા.

પ્રથમ ત્રણ પ્રયાસમાં સફળતા ન મળતાં ચોથા અને પાંચમા પ્રયાસમાં ટેન્ડરની રચના તથા કામગીરીનો વ્યાપ બદલવામાં આવ્યો હતો. પૂર્વ અમદાવાદ અને પશ્ચિમ અમદાવાદ એમ બે ભાગમાં ટેન્ડર બહાર પાડવામાં આવ્યાં હતાં. સ્ટ્રીટ લાઈટના ઓપરેશન અને મેન્ટેનન્સ ઉપરાંત નવા પોલ લગાવવા, SITC એટલે કે સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ તથા CCMS સ્માર્ટ પેનલ અને કંટ્રોલર સંબંધિત કામગીરીનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ફેરફારો બાદ ટેન્ડરનો અંદાજિત ખર્ચ આશરે 663.37 કરોડ રૂપિયા સુધી પહોંચ્યો હતો. જોકે, આટલા મોટા અંદાજ છતાં બંને પ્રયાસમાં કોન્ટ્રાક્ટ ફાળવવામાં સફળતા મળી નહોતી. ચોથા ટેન્ડરની કેટલીક ટેકનિકલ શરતોને લઈને પણ વિવાદ ઊભો થયો હતો. ટેન્ડરની કેટલીક શરતો યુરોપની ટ્વીલાઈટ કંપનીને અનુકૂળ હોવાનો આક્ષેપ થયો હતો. અન્ય કેટલીક શરતોને કારણે ભારતીય કંપનીઓ માટે લાયકાત મેળવવી મુશ્કેલ બને તેવી રજૂઆતો પણ કરવામાં આવી હતી. રિલાયન્સ જિયો અને સુરતની મેમાઈટી ઈન્વેન્શન્સ પ્રાઈવેટ લિમિટેડ (Memighty Invenstions Pvt ltd.) ટેન્ડરની શરતો સામે વાંધા ઉઠાવ્યા હતા. આ રજૂઆતો છતાં શરતોમાં ફેરફાર કરવામાં આવ્યો ન હોવાની માહિતી સામે આવી હતી. અંતે ટેન્ડરની મુદત પૂરી થાય તે પહેલાં જ ચોથા પ્રયાસની પ્રક્રિયા રદ કરવામાં આવી હતી.

'અહીં રાતે કાંડ થયો છે, ઘરેણાં ઉતારી બેગમાં મુકી દો' કહી અમદાવાદમાં વૃદ્ધાના ₹4 લાખના દાગીના લઈ નકલી પધરાવ્યા

અમદાવાદ, તા.19

અમદાવાદના પોશ વિસ્તાર ગણાતા રામદેવનગર વિસ્તારમાં સિનિયર સિટીઝનોને નિશાન બનાવીને ઠગાઈ આચરતી ગેસનો એક વધુ ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં સુરક્ષા અને સલામતીનો ભય ઊભો કરીને એક 69 વર્ષીય વૃદ્ધ મહિલા સાથે લાખો રૂપિયાની ઠગાઈ કરવામાં આવી છે. આરોપીઓએ બહુ જ ચાલાકીથી અસલી સોનાના ઘરેણાં સેરવી લઈને તેના બદલે કાગળમાં નકલી ઘરેણાં પધરાવી દીધા હતા અને નજર ચૂકવીને ફરાર થઈ ગયા હતા, જે મામલે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં સત્તાવાર રીતે ગુનો નોંધાવવામાં આવ્યો છે.

ઘટનાની વિગતો મુજબ, ગત 18મી ઓક્ટોબરના રોજ સવારના સુમારે 69 વર્ષીય સુનીતાબહેન ગર્ગ રામદેવનગર ચાર રસ્તા પાસે આવેલા પ્રખ્યાત રામ મંદિર ખાતે દર્શન કરવા માટે ગયા હતા. દર્શન કરીને તેઓ પરત ફરી રહ્યા હતા અને બાગેશ્રી ત્રણ રસ્તા પાસેથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન અચાનક એક અજાણ્યો શખસ તેમની પાસે આવ્યો હતો અને તેમને રોકીને વાતચીતમાં ફસાવ્યા હતા. તે શખસ સુનીતાબહેનને થોડે દૂર રોડના ખૂણે બાઈક ચાલુ કરીને ઊભેલા અન્ય એક શખસ પાસે ખેંચી ગયો હતો.



આ બંને શખસોએ વૃદ્ધાને ડરાવતા કહ્યું હતું કે આ વિસ્તારમાં ગઈ રાત્રે કોઈ મોટી ઘટના કે કાંડ થઈ ગયો છે અને પોલીસ ચેકિંગ ચાલે છે, તેથી તમારી પોતાની સલામતી અને સુરક્ષા માટે તમારા ગળામાં પહેરેલી સોનાની ચેઈન અને હાથમાં પહેરેલી સોનાની બંગડીઓ તાત્કાલિક ઉતારીને તમારી બેગમાં મૂકી દો. આ દરમિયાન ત્યાં ૨૦ થી ૨૫ વર્ષની વયનો ત્રીજો શખસ પણ ડ્રામામાં જોડાઈ ગયો હતો અને વૃદ્ધાનો ભરોસો જીતવા માટે પોતાની આંગળીમાંથી વીંટી કાઢીને તેમને બતાવતા કહ્યું હતું કે આંટી, તમે જરાય ગભરાશો નહીં, કોઈ જોખમ નથી, જુઓ મેં પણ મારી વીંટી ઉતારી દીધી છે.

આ ત્રણેય ઠગોએ ભેગા મળીને એટલી કુશળતાથી વૃદ્ધાને માનસિક દબાણમાં અને વિશ્વાસમાં લીધા કે વૃદ્ધા તેમની વાતોમાં આવી ગયા અને તેમણે પોતાના એક તોલા વજનની સોનાની કિંમતી ચેઈન તથા ત્રણ તોલા વજનની સોનાની બે બંગડીઓ ઉતારીને બેગમાં મુકાવવા માટે તેમના હાથમાં આપી દીધી હતી. તેમાંથી એક ચાલાક શખસે બંગડીઓને બેગમાં છૂટ્ટી મૂકવાને બદલે એક કાગળમાં સરખી રીતે લપેટીને મૂકવી પડશે તેમ કહીને નાટક કર્યું હતું. તેણે હાથની સફાઈ વાપરીને અસલી ઘરેણાં પોતાની પાસે રાખી લીધા અને એકદમ સમાન દેખાતો કાગળનો પૂળો બનાવીને તેમાં બીજી કોઈ સસ્તી ધાતુના નકલી ઘરેણાં વીંટાળીને બેગમાં પાછા મૂકી દીધા હતા. સાથે જ તે ઠગે વૃદ્ધાને સખત સૂચના આપી હતી કે આ કાગળ અત્યારે રસ્તામાં ખોલતા નહીં અને ઘરે પહોંચીને જ ખોલજો, અને આટલું કહીને ત્રણેય જણા બાઈક પર પૂરઝડપે ઈસ્કોન ચાર રસ્તા તરફ નાસી છૂટ્યા હતા. બનેલી આ ઘટનાથી સહેજ પણ અજાણ રહેલા સુનીતાબહેન પોતાના ઘરે પહોંચ્યા બાદ જ્યારે શાંતિથી બેગ ખોલીને તપાસ કરી ત્યારે તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. બેગમાંથી સોનાની અસલી ચેઈન સંપૂર્ણપણે ગાયબ હતી અને કાગળમાં જે બંગડીઓ વીંટાળેલી હતી તે સોનાની નહીં પરંતુ તદ્દન નકલી અને અન્ય કોઈ ધાતુની નીકળી હતી. ઠગાઈનો ભોગ બન્યાની જાણ થતાં જ વૃદ્ધાના હોશ ગયા હતા અને તેમણે તાત્કાલિક પરિવારજનોને જાણ કરી હતી. આ મામલે કુલ ૪,૦૦,૦૦૦ રૂપિયાની માતબર કિંમતના સોનાના ઘરેણાંની છેતરપિંડી થવા અંગે પોલીસમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

સિંધુ ભવન રોડ પર ગરબામાં ડુપ્લિકેટ પાસ કૌભાંડ, આયોજકોની જાણ બહાર નકલી પાસ છાપનારા શખસો સામે ફરિયાદ

અમદાવાદ, તા.19

અમદાવાદના અતિ પોશ અને ચર્ચિત એવા સિંધુ ભવન રોડ પર નવરાત્રી દરમિયાન આયોજિત 'સંકલ્પ નગરી' ગરબા મહોત્સવમાં એક મોટું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે, જ્યાં ખેલૈયાઓના ઉત્સાહનો ગેરલાભ ઉઠાવીને ડુપ્લિકેટ પાસ વેચવાનું મસમોટું રેકેટ ખૂલ્યું છે. આયોજકો દ્વારા કાયદેસર રીતે છપાવવામાં આવેલા 10 દિવસના કુલ 80,000 પાસ ઉપરાંત વિપુલ ભીમાણી નામના શખસે આયોજકોની જાણ બહાર વધારાના નકલી પાસ બારોબાર છાપીને લોકોમાં પધરાવી દીધા હોવાનો સનસનાટીભર્યો ઘટસ્ફોટ થયો છે. ગરબા ગ્રાઉન્ડમાં નિર્ધારિત ક્ષમતા કરતાં અચાનક વધુ પડતી ભીડ ઉમટી પડતાં આયોજકો સતર્ક થયા હતા અને ત્યારબાદ ગેટ પર કરવામાં આવેલા સઘન ચેકિંગ દરમિયાન ૧૬ અને ૧૭ ઓક્ટોબરના રોજ કેટલાક ખેલૈયાઓ જૂની ડિઝાઈનના રદ કરાયેલા તેમજ ખાસ સ્ટીકર વગરના નકલી પાસ સાથે ઝડપાઈ જતાં આ સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. જે બાદ આયોજકોએ ગંભીરતા દાખવીને છેતરપિંડી કરનાર શખસો સામે સરખેજ પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.

ઘટનાની વિગતો મુજબ, અમદાવાદના સાઉથ બોપલ વિસ્તારમાં રહેતા અને ઈવેન્ટ



મેનેજમેન્ટ ક્ષેત્રે સક્રિય ૨૭ વર્ષીય દ્રુપદ હિમાંશુ ગાંધીએ તેમના વ્યવસાયિક મિત્રો ધીરજસિંહ રાઠોડ અને દક્ષ આચાર્ય સાથે મળીને સરખેજ સિંધુ ભવન રોડ પર આવેલી ઔડાની જમીનમાં 'સંકલ્પ નગરી' નામે ભવ્ય ગરબાનું આયોજન કર્યું હતું. આ દસ દિવસીય નવરાત્રી મહોત્સવ માટે તેઓએ શહેરની પ્રખ્યાત 'આગમ ઝેરોક્ષ' ખાતેથી દરરોજના ૮,૦૦૦ પાસ લેખે ૧૦ દિવસના કુલ ૮૦,૦૦૦ પ્રવેશ પાસ કાયદેસર રીતે પ્રિન્ટ કરાવ્યા હતા. પરંતુ ગરબાના પ્રારંભિક દિવસોમાં જ ગ્રાઉન્ડ પર ક્ષમતા કરતા ક્યાંય વધુ ભીડ જોવા મળતા આયોજકોને શંકા ગઈ હતી કે કોઈ અજાણ્યા કે પરિચિત શખસો દ્વારા બોગસ પાસ બનાવીને ગેરકાયદેસર રીતે વિતરણ કરવામાં આવી રહ્યું છે. ભીડને નિયંત્રિત કરવા અને આ કૌભાંડને રોકવા માટે ૧૬મી ઓક્ટોબરે આયોજકોએ તાત્કાલિક નિર્ણય લઈને પાસની મૂળ ડિઝાઈન અને કલર કોડ બદલી નાખ્યા હતા, જ્યારે જૂની ડિઝાઈનના તમામ પાસ રદ કરીને પોતાની પાસે સુરક્ષિત રાખી લીધા હતા.

આ બદલાયેલી વ્યવસ્થા વચ્ચે ૧૬મી ઓક્ટોબરે રાત્રે જ્યારે એન્ટ્રી ગેટ પર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું ત્યારે કેટલાક ખેલૈયાઓ અગાઉ પ્રિન્ટ કરાવાયેલા અને બાદમાં રદ કરાયેલા જૂની ડિઝાઈનના પાસ લઈને ગરબામાં પ્રવેશવાનો પ્રયાસ કરતા પકડાઈ ગયા હતા. આયોજકો અને સિક્યુરિટી સ્ટાફે જ્યારે તેમની કડક પૂછપરછ કરી ત્યારે આશ્ચર્યજનક વિગતો સામે આવી હતી, જેમાં ખેલૈયાઓએ ખુલાસો કર્યો હતો કે આ પાસ તેમને વિપુલ ભીમાણી નામના શખસ દ્વારા આપવામાં આવ્યા હતા. ત્યારબાદ સ્થિતિ વધુ સ્પષ્ટ કરવા ૧૭મી ઓક્ટોબરે આયોજકોએ નવા પાસ પર એક ખાસ હોલોગ્રામ અથવા સ્ટીકર લગાવવાનું શરૂ કર્યું હતું, છતાં પણ ચેકિંગ દરમિયાન અનેક લોકો સ્ટીકર વગરના નકલી પાસ સાથે એન્ટ્રી ગેટ પરથી ઝબેડે ઝડપાયા હતા. આ આખી ઘટનાથી સ્પષ્ટ થઈ ગયું હતું કે વિપુલ ભીમાણી અને તેની સાથે સંકળાયેલા અન્ય શખસોએ પોતાના આર્થિક ફાયદા માટે આયોજકોની જાણ બહાર અને મંજૂરી વિના મોટા પ્રમાણમાં વધારાના નકલી પાસ છપાવી લીધા હતા અને તેનું ગેરકાયદેસર રીતે વિતરણ કરી લોકો તથા આયોજકો સાથે મસમોટી છેતરપિંડી આચરી હતી.


કેન્દ્રની મદદ છતાં વીજળીની કટોકટીનું સંકટ થાળે પડતાં હજુ વાર લાગશે, કારખાનાઓમાં ઉત્પાદન ઠપ થવાની ભીતિ

અમદાવાદ, તા.19

ગુજરાતમાં વીજળીની માગ અને પુરવઠા વચ્ચેનું સંતુલન ખોરવાતાં રાજ્યમાં વીજ કટોકટીની સ્થિતિ સર્જાવાની ભીતિ ઊભી થઈ છે. પવન આધારિત વીજ ઉત્પાદનમાં થયેલા મોટા ઘટાડા અને કોલસાની અછતને કારણે વીજ ઉત્પાદન તથા પુરવઠા વ્યવસ્થા પર દબાણ વધ્યું છે. પરિસ્થિતિને પહોંચી વળવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર પાસે તાકીદે વધારાની વીજળીની માગણી કરી છે. રાજ્ય સરકાર દ્વારા 1,000 મેગાવોટ વધારાની વીજળી ફાળવવા રજૂઆત કરવામાં આવી હતી, જેના જવાબમાં કેન્દ્ર તરફથી હકારાત્મક ખાતરી મળ્યાનું જણાવવામાં આવી રહ્યું છે. જોકે, વધારાની વીજળીનો પુરવઠો વ્યવસ્થિત રીતે ઉપલબ્ધ થવામાં અને પુરવઠાની સ્થિતિ સામાન્ય બનવામાં સમય લાગી શકે છે. આ દરમિયાન ખાસ કરીને વીજળીની માગ વધુ રહેતા પીક અવર્સમાં વીજ કાપની સંભાવનાને નકારી શકાય તેમ નથી.

રાજ્યમાં વીજળીની અછત ઊભી થવા પાછળ પવન આધારિત વીજ ઉત્પાદન ઘટવું અને કોલસાના પુરવઠામાં અવરોધ ઊભો થવો મુખ્ય કારણો તરીકે સામે આવ્યાં છે. મળતી માહિતી મુજબ, પવન આધારિત વીજ ઉત્પાદનમાં એકાએક આશરે 5,000 મેગાવોટનો ઘટાડો નોંધાયો છે. પવનની ગતિ અને હવામાનની સ્થિતિમાં ફેરફાર થવાથી વિન્ડ પાવરનું ઉત્પાદન ઘટે ત્યારે વીજળીની માગ પૂરી કરવા માટે અન્ય ઊર્જા સ્ત્રોતો પર આધાર વધે છે. ગુજરાતમાં વીજળીની માગ પહેલેથી જ ઊંચા સ્તરે પહોંચી રહી છે ત્યારે પવન આધારિત ઉત્પાદન ઘટતાં વીજ પુરવઠા પર વધારાનું દબાણ ઊભું થયું છે. પરિણામે માગ અને ઉપલબ્ધ વીજળી વચ્ચેનું અંતર વધવાની સ્થિતિ સર્જાઈ છે.

આ ઉપરાંત, કોલસાના પુરવઠામાં ખલેલ પડતાં વીજ ઉત્પાદનની સમસ્યા વધુ ગંભીર બની છે. ઉત્તર પ્રદેશ અને બિહાર તરફ પ્રતિકૂળ હવામાનની સ્થિતિને કારણે ગુજરાત સુધી પહોંચતા કોલસાના પુરવઠા પર અસર પડી હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. કોલસા આધારિત વીજ મથકોમાં સતત ઉત્પાદન જાળવી રાખવા માટે પૂરતો કોલસો ઉપલબ્ધ હોવો જરૂરી છે. સામાન્ય સંજોગોમાં



રાજ્યમાં આશરે 20થી 25 દિવસ ચાલે તેટલો કોલસાનો બફર સ્ટોક રાખવામાં આવતો હોય છે, પરંતુ હાલ આ સ્ટોકમાં નોંધપાત્ર ઘટાડો થયો હોવાની માહિતી સામે આવી છે. કોલસાની ઉપલબ્ધતા ઘટવાથી વીજ મથકોની કામગીરી અને વીજ ઉત્પાદન જાળવી રાખવાની ક્ષમતા પર અસર પડવાની આશંકા છે.

ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોથી વીજળીની માગમાં સતત વધારો થઈ રહ્યો છે. ઔદ્યોગિક પ્રવૃત્તિઓનો વિસ્તાર, શહેરીકરણ, ખેતીમાં વીજળીનો ઉપયોગ અને ઘરેલુ વપરાશમાં વધારા સહિતનાં પરિબળોને કારણે રાજ્યની કુલ વીજ માગ ઊંચી સપાટીએ પહોંચી રહી છે. ઉપલબ્ધ આંકડા મુજબ, વર્ષ 2025 દરમિયાન ગુજરાતમાં કુલ વીજ ઉત્પાદન આશરે 1,19,500 મિલિયન યુનિટ નોંધાયું હતું, જ્યારે વીજળીની માગ 1,28,200 મિલિયન યુનિટ સુધી પહોંચી હતી. આ આંકડા ઉત્પાદન અને માગ વચ્ચેનું અંતર દર્શાવે છે. વધતી માગને અનુરૂપ વીજ ઉત્પાદન તથા અન્ય સ્ત્રોતોમાંથી વીજળીની ઉપલબ્ધતા જાળવી રાખવી રાજ્ય માટે મહત્ત્વનો પડકાર બની રહી છે.

ચાલુ વર્ષે ઓક્ટોબરના મધ્યમાં જ રાજ્યની પીક ડિમાન્ડ 29,822 મેગાવોટ સુધી પહોંચી હોવાનું જણાવાયું છે. તેની સરખામણીએ ઓક્ટોબર 2025માં પીક ડિમાન્ડ 21,822 મેગાવોટ હતી. એટલે કે, ગત વર્ષની સરખામણીએ પીક ડિમાન્ડમાં આશરે 8,000 મેગાવોટનો વધારો નોંધાયો છે. આટલા મોટા વધારા સામે વીજ ઉત્પાદન અને પુરવઠાની વ્યવસ્થા પૂરતી મજબૂત ન હોય તો વીજળીની અછત ઊભી થવાની શક્યતા રહે છે. પવન આધારિત ઉત્પાદન ઘટે અને કોલસાની ઉપલબ્ધતા પણ મર્યાદિત બને ત્યારે આ પડકાર વધુ ગંભીર બની શકે છે. જોકે, પીક ડિમાન્ડના આંકડાઓની સાથે વાસ્તવિક પુરવઠો, ઉપલબ્ધ વીજ મથકોની ઉત્પાદન ક્ષમતા અને અન્ય સ્ત્રોતોમાંથી મળતી વીજળી પણ સ્થિતિ નક્કી કરવામાં મહત્ત્વની રહેશે.

વીજ કટોકટીની સૌથી મોટી અસર રાજ્યના ઔદ્યોગિક ક્ષેત્ર પર પડવાની આશંકા છે. ગુજરાતનાં વિવિધ જીઆઈડીસી વિસ્તારોમાં હજારો ઔદ્યોગિક એકમો કાર્યરત છે. આ એકમોમાં ઉત્પાદન પ્રક્રિયા સતત વીજ પુરવઠા પર આધારિત હોય છે. જો પીક અવર્સ દરમિયાન વીજ કાપ લાગુ કરવામાં આવે અથવા વીજ પુરવઠામાં વારંવાર વિક્ષેપ પડે તો ઉત્પાદન પ્રક્રિયા ખોરવાઈ શકે છે. મશીનરી બંધ થવાથી ઉત્પાદનના સમયપત્રકમાં વિલંબ થઈ શકે છે, જ્યારે કેટલાક એકમોને વધારાનો ખર્ચ કરીને વૈકલ્પિક વીજ વ્યવસ્થાનો સહારો લેવો પડી શકે છે. વીજ પુરવઠો લાંબા સમય સુધી અનિયમિત રહે તો ઉત્પાદન, ઓર્ડરની સમયમર્યાદા અને ઔદ્યોગિક કામગીરી પર પણ તેની અસર પડી શકે છે.

ઔદ્યોગિક એકમોમાં વીજળીની અછતની અસર માત્ર માલિકો કે ઉત્પાદન પૂરતી મર્યાદિત રહેતી નથી, પરંતુ શ્રમિકોની રોજીરોટી પર પણ પડી શકે છે. ખાસ કરીને દૈનિક વેતન પર કામ કરતા શ્રમિકોને કારખાનામાં ઉત્પાદન બંધ રહે અથવા કામના કલાકોમાં ઘટાડો થાય તો સીધી અસર થવાની ભીતિ છે.

ગુજરાતમાં માતૃત્વ સહાય યોજનાઓની પોલ ખૂલી, 'નમો શ્રી'નો લાભ માત્ર 4.8 ટકા મહિલાઓ સુધી

અમદાવાદ, તા.19

ગુજરાતમાં ડિજિટલ ગવર્નન્સ અને મહિલા સશક્તિકરણને લઈને સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અને પહેલો હાથ ધરવામાં આવી રહી છે, પરંતુ ગર્ભવતી અને ધાત્રી માતાઓને મળવાપાત્ર નાણાકીય સહાયના અમલીકરણ અંગે ગંભીર સવાલો ઊભા થયા છે. 'અન્ન સુરક્ષા અધિકાર અભિયાન' દ્વારા રાજ્યના નવ જિલ્લાઓમાં હાથ ધરવામાં આવેલા સર્વે અને અભ્યાસમાં સામે આવેલા આંકડા મુજબ, માતૃત્વ લાભની પાત્રતા ધરાવતી મોટી સંખ્યામાં મહિલાઓ સુધી સરકારી યોજનાઓની સહાય પહોંચી શકી નથી. કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના હેઠળ પાત્ર મહિલાઓમાંથી માત્ર 27.4 ટકા મહિલાઓને જ નાણાકીય સહાય મળી હોવાનું સર્વેમાં જણાવાયું છે. બીજી તરફ, રાજ્ય સરકારની 'નમો શ્રી' યોજના હેઠળ સહાય મેળવવા માટે અરજી કરનારી મહિલાઓમાંથી માત્ર 4.8 ટકા સુધી જ લાભ પહોંચ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ આંકડાઓને પગલે યોજનાઓની જાહેરાત અને તેના વાસ્તવિક અમલીકરણ વચ્ચેના અંતર અંગે ચર્ચા શરૂ થઈ છે.

માતૃત્વ દરમિયાન મહિલાઓને પોષણ, આરોગ્યસંભાળ અને આર્થિક સુરક્ષા પૂરી પાડવાના હેતુથી વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. ગર્ભાવસ્થા અને પ્રસૂતિનો સમય મહિલાઓ માટે શારીરિક, માનસિક અને આર્થિક રીતે મહત્ત્વપૂર્ણ હોય છે. આ સમયગાળા દરમિયાન નિયમિત તબીબી તપાસ, દવાઓ, પૌષ્ટિક આહાર અને પ્રસૂતિ સંબંધિત ખર્ચ માટે નાણાંની જરૂર પડે છે. ખાસ કરીને ગરીબ, શ્રમિક અને અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા પરિવારો માટે આ ખર્ચ મોટો બોજ બની શકે છે. આવી સ્થિતિમાં સરકાર તરફથી મળતી સહાય પરિવારને આર્થિક રાહત આપવા માટે મહત્ત્વની બની શકે છે. પરંતુ સર્વેમાં દર્શાવાયેલા આંકડા મુજબ, પાત્ર મહિલાઓનો મોટો હિસ્સો સહાયથી વંચિત



રહેતાં આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે.

સર્વેના સૌથી ચિંતાજનક તારણોમાંથી એક એ છે કે 77.2 ટકા મહિલાઓએ પ્રસૂતિ દરમિયાનનો તમામ તબીબી ખર્ચ પોતાના ખિસ્સામાંથી ચૂકવવો પડ્યો હતો. અભ્યાસ અનુસાર, ગરીબ અને શ્રમિક પરિવારોને પ્રસૂતિ માટે સરેરાશ રૂ.16,951નો ખર્ચ કરવો પડ્યો હતો. દૈનિક મજૂરી કરીને જીવનનિર્વાહ કરતા પરિવારો માટે આટલી મોટી રકમ એકસાથે ખર્ચવી મુશ્કેલ બની શકે છે. પ્રસૂતિ સમયે મહિલાને કામમાંથી વિરામ લેવાની જરૂર હોય છે, જ્યારે પરિવારની આવક પણ મર્યાદિત રહેતી હોય છે. આવા સંજોગોમાં તબીબી ખર્ચ માટે ઉધાર લેવું, બચત વાપરવી અથવા અન્ય આવશ્યક ખર્ચમાં કાપ મૂકવો પડે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. માતૃત્વના સમયગાળામાં આરામ અને પૌષ્ટિક આહારની જરૂરિયાત હોવા છતાં આર્થિક સંકડામણને કારણે મહિલાઓ અને તેમના પરિવારો પર વધારાનું દબાણ ઊભું થવાની શક્યતા રહે છે. પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અને નમો શ્રી યોજના જેવી યોજનાઓનો હેતુ માતૃત્વ દરમિયાન મહિલાઓને આર્થિક સહાય પૂરી પાડવાનો છે. જોકે, સર્વેમાં દર્શાવાયેલા આંકડા પ્રમાણે, આ યોજનાઓનો લાભ પાત્ર મહિલાઓ સુધી પહોંચાડવામાં નોંધપાત્ર મુશ્કેલીઓ જોવા મળી છે. પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના હેઠળ માત્ર 27.4 ટકા પાત્ર મહિલાઓને સહાય મળી હોવાનો અહેવાલ છે, જ્યારે નમો શ્રી યોજના હેઠળ અરજી કરનારાઓમાંથી માત્ર 4.8 ટકા મહિલાઓ સુધી જ નાણાકીય લાભ પહોંચ્યો હોવાનું અભિયાન દ્વારા જણાવાયું છે. આ તફાવતને કારણે યોજનાની માહિતી લોકો સુધી પહોંચાડવા ઉપરાંત અરજીની પ્રક્રિયા, દસ્તાવેજોની ચકાસણી અને મંજૂરી બાદ સહાયની રકમ જમા કરવાની વ્યવસ્થાની પણ સમીક્ષા કરવાની જરૂરિયાત સામે આવે છે. જોકે, આ આંકડા સર્વેમાં આવરી લેવાયેલા જિલ્લાઓ અને મહિલાઓના અભ્યાસ પર આધારિત છે, તેથી સમગ્ર રાજ્યની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે સત્તાવાર માહિતી સાથે તેની સરખામણી પણ જરૂરી બને છે.

સરકારી યોજનાઓને વધુ પારદર્શક અને ઝડપી બનાવવા માટે ઓનલાઈન અરજી તથા ડિજિટલ ચકાસણીની વ્યવસ્થાનો ઉપયોગ વધારવામાં આવ્યો છે. પરંતુ સર્વેમાં સામે આવેલા તારણો સૂચવે છે કે ટેકનોલોજી આધારિત પ્રક્રિયાઓનો લાભ દરેક મહિલાને સમાન રીતે મળી રહ્યો નથી. સર્વેમાં 93.2 ટકા મહિલાઓ પાસે આધાર કાર્ડ અને 82.7 ટકા મહિલાઓ પાસે પોતાનું બેંક ખાતું હોવા છતાં મોટી સંખ્યામાં મહિલાઓને સહાય મેળવવામાં મુશ્કેલી પડી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. એટલે કે, માત્ર આધાર કાર્ડ અને બેંક ખાતું હોવું પૂરતું નથી; આ દસ્તાવેજો સાથે જોડાયેલી વિગતો, મોબાઈલ નંબરની નોંધણી, ઓળખની ચકાસણી અને અરજીની પ્રક્રિયા પણ સરળતાથી પૂર્ણ થાય તે જરૂરી છે.

જીવરાજ પાર્કમાં વાહન હટાવવા મુદ્દે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અને તેના મિત્રો પર હુમલો, 3 સામે ફરિયાદ

અમદાવાદ, તા.19

અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આવેલા જીવરાજ પાર્ક જેવા પોશ અને શાંત ગણાતા વિસ્તારમાં રાત્રિના સુમારે સામાન્ય બાબતે હિંસક અથડામણ સર્જાઈ હોવાની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં સોશિયલ મીડિયા પર લોકપ્રિય એવા યુવા ઈન્ફ્લુએન્સર અને તેના મિત્રો પર કેટલાક શખસો દ્વારા લોહિયાળ હુમલો કરવામાં આવ્યો છે. માત્ર રસ્તા વચ્ચેથી મોપેડ હટાવવા જેવી નજીવી બાબતે થયેલી બોલાચાલી એટલી હદે વધી ગઈ કે મામલો મારામારી સુધી પહોંચ્યો હતો અને ત્રણેય હુમલાખોરોએ મળીને ઈન્ફ્લુએન્સર તેમજ તેના સાથીદારો પર જીવલેણ હુમલો કરી દીધો હતો. આ હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા યુવાનોને તાત્કાલિક ધોરણે હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, અને આ મામલે ભોગ બનનાર સોશિયલ મીડિયા સ્ટારે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં સત્તાવાર રીતે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગતો અનુસાર, જીવરાજ પાર્ક વિસ્તારમાં રહેતા અને સોશિયલ મીડિયા જગતમાં



'આર કે બાપુ' તરીકે જાણીતા ૨૫ વર્ષીય યુવા ઈન્ફ્લુએન્સર ઋત્વિક ધગિયા ગત ૧૭મી ઓક્ટોબરના રોજ મોડી રાત્રે પોતાના મિત્રો સાથે નવરાત્રીના ગરબાની મજા માણીને પરત ફરી રહ્યા હતા. રાત્રિના અંદાજે ૨:૪૫ વાગ્યાના સુમારે ઋત્વિક જીએમડીસી ગ્રાઉન્ડ ખાતેથી ગરબા રમીને પોતાના મિત્રોને કારમાં બેસાડીને તેમને ઘર તરફ છોડવા માટે નીકળ્યો હતો. તેઓ જ્યારે જીવરાજ પાર્ક વિસ્તારમાં આવેલા રામતીર્થ સોસાયટી પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સોસાયટીની બહાર મુખ્ય રસ્તા વચ્ચે જ એક મોપેડ આડું રાખીને મૂકવામાં આવ્યું હતું, જેના કારણે તેમનો રસ્તો બ્લોક થઈ ગયો હતો.

કાર ચલાવી રહેલા ઋત્વિકે રસ્તો મોકળો કરવા માટે ત્યાં ઊભેલા શખસોને વિનંતી કરી હતી કે તેઓ પોતાનું વાહન સાઈડમાં રાખે જેથી કાર પસાર થઈ શકે. પરંતુ આ સામાન્ય વાત પરથી ત્યાં હાજર રહેલા રક્ષિત, ઉર્વિક શાહ અને શાલીન રૂપાણી નામના ત્રણ શખસો એટલા બધા ઉશ્કેરાઈ ગયા કે તેઓએ વાહન હટાવવાને બદલે ઉલટાનું ઋત્વિક સાથે બોલાચાલી શરૂ કરી દીધી હતી અને અપશબ્દો બોલવા લાગ્યા હતા. મામલો ઉગ્ર બનતા અને વાતચીત બિચકાતા ઋત્વિકની કારમાં બેઠેલા અન્ય મિત્રો પણ મામલો થાળે પાડવા માટે કારમાંથી નીચે ઉતર્યા હતા.

પરંતુ વિરોધ કરવાને બદલે તે ત્રણેય શખસો વધુ આક્રમક બની ગયા હતા અને ઉશ્કેરાઈને ઋત્વિક તથા તેના મિત્રો પર તૂટી પડ્યા હતા અને આડેધડ માર મારવાનું શરૂ કર્યું હતું. રાત્રિના સમયે અચાનક થયેલી આ મારામારી અને રાડારાડીથી આસપાસની સોસાયટીના લોકો જાગી ગયા હતા અને ઘટનાસ્થળે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. લોકો ભેગા થઈ જતા અને મામલો વધુ ગંભીર બનતો જોઈને ત્રણેય હુમલાખોરો ત્યાંથી ધમકીઓ આપીને નાસી છૂટ્યા હતા. આ અચાનક થયેલા હુમલામાં ઈજાગ્રસ્ત બનેલા ઋત્વિક અને તેના મિત્રોને શરીરના વિવિધ ભાગોમાં ઈજાઓ પહોંચી હતી, જેથી તેમને તાત્કાલિક સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલ તેમજ બાદમાં સોલા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

કેનેડાથી અલગ થવા અંગે અલ્બર્ટામાં મતદાન: 70% લોકો સાથે રહેવાના પક્ષમાં, તેલની કમાણી અંગે 50 વર્ષ જૂનો વિવાદ

ઓટાવા, તા.19

કેનેડાના અલ્બર્ટા પ્રાંતમાં 19 ઑક્ટોબરે જનમત સંગ્રહ યોજાઈ રહ્યો છે. તેમાં લોકો નક્કી કરશે કે પ્રાંતે કેનેડાનો હિસ્સો બનીને રહેવું જોઈએ કે નહીં. ઈપ્સોસ-ગ્લોબલ ન્યૂઝના સર્વેમાં અલ્બર્ટાના લગભગ 70% લોકો કેનેડા સાથે જોડાયેલા રહેવાના પક્ષમાં છે. તેમ છતાં અલગ દેશ બનાવવાની માગણી કરનારા લોકો પીછેહઠ કરવા તૈયાર નથી. અલ્બર્ટામાં અલગ દેશ બનાવવાની માગણી કોઈ નવી વાત નથી. તેની પાછળનું સૌથી મોટું કારણ તેલથી થતી આવક અને કેન્દ્ર સરકાર સાથે નાણાંની વહેંચણીને લઈને નારાજગી છે.

અલ્બર્ટામાં વિશ્વના પ્રમાણિત તેલ ભંડારોની દૃષ્ટિએ ચોથો સૌથી મોટો ભંડાર છે. અહીંનો તેલ ઉદ્યોગ રોજગાર અને આવકનો મોટો સ્ત્રોત છે.

અલગ દેશ બનાવવાના સમર્થકોનું કહેવું છે કે અલ્બર્ટા કેન્દ્ર સરકારને ઘણાં પૈસા આપે છે, પરંતુ તેના બદલામાં તેને એટલો લાભ મળતો નથી. તેમનો આરોપ છે કે પ્રાંતની કમાણીનો ઉપયોગ કેનેડાના અન્ય ભાગોની મદદ માટે કરવામાં આવે છે.


વર્ષ 2015માં જસ્ટિન ટ્રુડોના વડાપ્રધાન બન્યા બાદ આ વિવાદ ફરી વકર્યો. તેમની સરકારે કાર્બન ટેક્સ અને પ્રદૂષણ ઘટાડવા માટે અનેક નિયમો લાગુ કર્યા.

અલ્બર્ટાના તેલ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોએ તેનો વિરોધ કર્યો. તેમનું માનવું હતું કે આ નિયમોથી તેલના વ્યવસાયને અસર થશે. ના. આ જનમત સંગ્રહમાં લોકોને સીધો આ નિર્ણય લેવા માટે કહેવામાં આવી રહ્યું નથી કે અલ્બર્ટા તરત જ અલગ દેશ બને કે નહીં. તેમને પૂછવામાં આવી રહ્યું છે કે શું અલગ થવાની દિશામાં આગળ વધવા માટે કાનૂની પ્રક્રિયા શરૂ કરવી જોઈએ.

જો લોકો બીજા વિકલ્પની તરફેણમાં મત આપે, તો પણ અલ્બર્ટા તરત જ અલગ દેશ બની જશે નહીં. આ માટે કેનેડાની કેન્દ્ર સરકાર, અન્ય પ્રાંતો અને ત્યાં રહેતા મૂળનિવાસી સમુદાયો સાથે વાટાઘાટો કરવી પડશે.

અલગ થવાની સ્થિતિમાં અનેક મુદ્દાઓ પર નિર્ણય લેવો પડશે. તેમાં સંસાધનોની વહેંચણી, અધિકારો અને કેનેડા સાથેના ભવિષ્યના સંબંધોનો સમાવેશ થાય છે.

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની પોતે આલ્બર્ટામાં ઉછર્યા છે. તેઓ પણ માને છે કે પ્રાંતના લોકોમાં નારાજગી છે. જોકે, તેઓ



આલ્બર્ટાને કેનેડાથી અલગ કરવાના પક્ષમાં નથી. તેમણે લોકોને ચેતવણી આપી છે કે તેઓ અલગ થવાના પક્ષમાં મત ન આપે. આવો નિર્ણય દેશમાં લાંબા સમય સુધી રાજકીય ખેંચતાણ અને અનિશ્ચિતતા ઊભી કરી શકે છે.

કાર્નીએ કહ્યું કે કેન્દ્ર સરકારની નીતિઓને કારણે આલ્બર્ટાના ઘણા લોકોને એવું લાગે છે કે જાણે તેમના પોતાના સંસાધનો પણ તેમના નથી. જોકે સરકાર આલ્બર્ટા સાથેના સંબંધો સુધારવાનો પ્રયાસ કરી રહી છે.

આલ્બર્ટાના મુખ્યમંત્રી ડેનિયલ સ્મિથે ગયા વર્ષે જનમતસંગ્રહ કરાવવાની પ્રક્રિયા સરળ બનાવી દીધી હતી. ત્યારબાદ સ્વતંત્રતાનો મુદ્દો રાજ્યની રાજનીતિમાં વધુ ચર્ચામાં આવ્યો. જોકે, સ્મિથ પોતે આલ્બર્ટાને કેનેડાથી અલગ કરવાના પક્ષમાં નથી. તેમણે કહ્યું કે તેઓ અલગ થવાના વિરોધમાં મત આપી રહ્યાં છે.

નિષ્ણાતોના મતે આ જનમત સંગ્રહ પાછળ સ્મિથની પોતાની પાર્ટીની રાજનીતિ પણ છે. તેમની પાર્ટીમાં ઘણા લોકો અલ્બર્ટાને અલગ દેશ બનાવવાના પક્ષમાં છે. સ્મિથ જનમત સંગ્રહ દ્વારા પોતાની જ પાર્ટીના નેતાઓ અને સમર્થકો વચ્ચે ચાલી રહેલા મતભેદોને ઉકેલવા માંગે છે.

અલ્બર્ટામાં માત્ર સ્વતંત્રતાના મુદ્દા પર જ મતદાન થઈ રહ્યું નથી. લોકોને કુલ 10 પ્રશ્નો પર પોતાનો અભિપ્રાય આપવા માટે કહેવામાં આવી રહ્યું છે. અલ્બર્ટાની સ્વતંત્રતા: શું અલ્બર્ટાએ કેનેડાથી અલગ થઈને સ્વતંત્ર દેશ બની જવું જોઈએ? સ્થળાંતર કરનારાઓની સંખ્યા: શું અલ્બર્ટા સરકારને પ્રાંતમાં આવતા સ્થળાંતર કરનારાઓની સંખ્યા મર્યાદિત કરવાનો અધિકાર મળવો જોઈએ? સ્થાનિક લોકોને પ્રાથમિકતા: શું નોકરીઓમાં અલ્બર્ટાના લોકોને બહારથી આવતા લોકોની સરખામણીએ પ્રાથમિકતા આપવી જોઈએ?

આરોગ્ય સેવાઓ માટે અલગ નિયમો: શું અસ્થાયી રીતે રહેતા લોકોને સરકારી આરોગ્ય સેવાઓ આપવા માટે અલગ નિયમો બનાવવામાં આવવા જોઈએ? શિક્ષણની સુવિધાઓ: શું અસ્થાયી રીતે રહેતા લોકોનાં બાળકોને સરકારી શિક્ષણ આપવા પર કેટલીક મર્યાદાઓ લાદવી જોઈએ?

સરકારી આર્થિક સહાય: શું સરકારી આર્થિક સહાય અને અન્ય સુવિધાઓ મેળવવા માટે લોકો માટે અલ્બર્ટામાં ઓછામાં ઓછા 12 મહિના રહેવું ફરજિયાત હોવું જોઈએ? મતદાન માટે ઓળખપત્ર: શું પ્રાંતીય ચૂંટણીમાં મત આપનારાઓ માટે નાગરિકત્વનો પુરાવો દર્શાવવો ફરજિયાત હોવો જોઈએ? પ્રાંતોને જજ પસંદ કરવાનો અધિકાર: શું અલ્બર્ટા અને અન્ય પ્રાંતોને પોતાની અદાલતોના જજ પસંદ કરવાનો અધિકાર મળવો જોઈએ? કેનેડાની સેનેટને ખતમ કરવી: શું દેશની સંસદના ઉપલા ગૃહ સેનેટને ખતમ કરી દેવી જોઈએ? પ્રાંતોને વધુ અધિકારો: શું આરોગ્ય અને શિક્ષણ જેવા મુદ્દાઓમાં પ્રાંતીય સરકારોને કેન્દ્ર સરકારની સરખામણીએ વધુ અધિકારો મળવા જોઈએ? મુખ્યમંત્રી સ્મિથે પહેલા પ્રસ્તાવની વિરુદ્ધમાં અને બાકીના નવ પ્રસ્તાવોનું સમર્થન કરવાની અપીલ કરી છે. તેમનું કહેવું છે કે તેનાથી કેન્દ્ર સરકાર સાથેની વાતચીતમાં અલ્બર્ટાને વધુ તાકાત મળશે. ટ્રમ્પ સરકાર પર અલગ દેશની માગ કરી રહેલા લોકોને પ્રોત્સાહન આપવાનો આરોપ છે.

અમેરિકા- 170 ફૂટની ઊંચાઈ પરથી નીચે ઉતરી રહેલા સૈનિકનું મોત: દોરડાના સહારે લાઈવ ડેમો આપી રહ્યો હતો

સેન એન્ટોનિયો, તા.19

અમેરિકાના સાન એન્ટોનિયોમાં એક સૈનિકનું 170 ફૂટની ઊંચાઈ પરથી પડી જવાથી મોત થયું. સૈનિક શનિવારે અલામોડોમ સ્ટેડિયમમાં ફૂટબોલ મેચ પહેલાં મોટી સંખ્યામાં હાજર દર્શકોને દોરડા વડે નીચે ઉતરવાનો લાઈવ ડેમો આપી રહ્યો હતો.

આ દરમિયાન તેનું સંતુલન બગડ્યું અને તે ઝડપથી જમીન પર પટકાયો. તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, પરંતુ સારવાર દરમિયાન તેનું મોત થયું.

ઘટના સમયે દર્શકો સ્ટેન્ડમાં બેઠા હતા અને મેદાન પાસે એક બેન્ડ પણ હાજર હતું. સૈનિક પડી ગયા બાદ ઘટનાસ્થળે જ કેટલાક મિનિટ સુધી તેની સારવાર કરવામાં આવી. ત્યારબાદ તેને સ્ટ્રેચર પર હોસ્પિટલ લઈ જવામાં આવ્યો.

નેલિસ એર ફોર્સ બેઝ મુજબ, સૈનિક અમેરિકન સેનામાં કાર્યરત હતો અને છઠ્ઠી કોમ્બેટ ટ્રેનિંગ સ્ક્વોડ્રનની ડિટેચમેન્ટ-2 યુનિટમાં તૈનાત હતો.

ઘટનાનું કારણ જાણવા માટે તપાસ શરૂ કરી દેવામાં આવી છે. અધિકારીઓ એ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે કે પ્રદર્શન દરમિયાન આખરે શું થયું હતું.

દુર્ઘટના બાદ પણ ફૂટબોલ મેચ રદ કરવામાં આવી નહોતી. AP અનુસાર, લગભગ 10 મિનિટના વિલંબ બાદ મેચ શરૂ થઈ ગઈ. આ મેચ સેનામાં સેવા આપી ચૂકેલા



અને હાલમાં સેવા આપી રહેલા સૈનિકોના સન્માનમાં યોજાઈ હતી. આ મેચ યુનિવર્સિટી ઑફ ટેક્સાસ એટ સાન એન્ટોનિયો (UTSA) અને નેવી વચ્ચે યોજાઈ હતી.

UTSAએ ઘટન પર દુઃખ વ્યક્ત કરતાં કહ્યું, 'અમારી સંવેદનાઓ અને પ્રાર્થનાઓ અસરગ્રસ્ત સૈનિક, તેમના પરિવાર અને સેનામાં તેમના સાથીદારો સાથે છે.'

આ કાર્યક્રમમાં તે સૈનિક ઉપરાંત અન્ય ત્રણ સૈન્યકર્મીઓએ પણ દોરડાની મદદથી નીચે ઉતરવાના પ્રદર્શનામાં ભાગ લેવાનો હતો.

અમેરિકન વાયુસેનાની વેબસાઈટ મુજબ, અમેરિકામાં સૈનિકોને ઊંચાઈ પરથી દોરડાની મદદથી ઝડપથી નીચે ઉતરવાની તાલીમ આપવામાં આવે છે.

તેનો હેતુ સૈનિકોને એવી પરિસ્થિતિઓ માટે તૈયાર કરવાનો છે, જેમાં તેમને ઓછા સમયમાં કોઈ ઊંચી જગ્યાથી જમીન પર ઉતરવું પડે.

આ તાલીમમાં ઉડતા હેલિકોપ્ટરમાંથી નીચે ઉતરવાની કસરત પણ સામેલ છે. સૈનિકો જમીનથી 100 ફૂટ અથવા તેનાથી વધુ ઊંચાઈએ ઉડી રહેલા હેલિકોપ્ટરમાંથી દોરડાની મદદથી નીચે ઉતરવાનું શીખે છે.

આ દરમિયાન તેમને દોરડું પકડવા, શરીરનું સંતુલન જાળવવા અને ઝડપથી નીચે પહોંચવાની કસરત કરાવવામાં આવે છે.

આ પ્રકારની તાલીમમાં સૈનિકોને ઊંચાઈ પર કામ કરવા અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં ઝડપથી કાર્યવાહી કરવા માટે તૈયાર કરવામાં આવે છે.

ઓસ્ટ્રેલિયાના મહિલા સાંસદ હેલેનને કારે ટક્કર મારી:ઓફિસની બહાર અકસ્માત, હાલત ગંભીર

મેલબર્ન, તા.19

ઓસ્ટ્રેલિયામાં અપક્ષ મહિલા સાંસદ હેલેન હેન્સને સોમવારે તેમની ઓફિસની બહાર કારે કચડી નાખ્યા હતા. 65 વર્ષીય હેન્સની સ્થિતિ ગંભીર છે. તેમને એરલિફ્ટ કરીને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા.

આ ઘટના વિક્ટોરિયા રાજ્યના વાંગારાટા શહેરમાં બની હતી. આ શહેર મેલબોર્નથી લગભગ ત્રણ કલાકના અંતરે આવેલું છે. પોલીસના જણાવ્યા અનુસાર, હેન્સ પોતાના મતવિસ્તારની ઓફિસની બહાર હતાં, ત્યારે ટોયોટા લેન્ડ ક્રૂઝર SUVએ તેમને ટક્કર મારી હતી.

પોલીસે 43 વર્ષીય આરોપી ડ્રાઈવરની ધરપકડ કરી છે. પોલીસને શંકા છે કે સાંસદને જાણીજોઈને નિશાન બનાવવામાં આવ્યા હતા. મામલાની તપાસ ચાલી રહી છે. આરોપીની કારની અંદરથી એક છરી પણ મળી આવી છે. પીએમ એન્થની અલ્બનીઝે કહ્યું કે હુમલા પાછળનું કારણ જણાવવું અત્યારે ઉતાવળભર્યું રહેશે. તેમણે જણાવ્યું કે ધરપકડ કરાયેલા આરોપીની તપાસમાં આતંકવાદ વિરોધી ટીમ પણ સામેલ થશે.

વિક્ટોરિયા પોલીસના કાર્યકારી સુપરિન્ટેન્ડેન્ટ એશ્લે મેસને કહ્યું કે હાલ સામાન્ય લોકો માટે કોઈ વધુ જોખમ નથી. PM અલ્બનીઝ હેલેન વિશે વાત કરતાં ભાવુક પણ થઈ ગયા. ABCના લાઈવ ટીવી કાર્યક્રમ '730'માં ઈન્ટરવ્યૂ દરમિયાન તેમની આંખોમાં આંસુ આવી ગયા.



તેમને પૂછવામાં આવ્યું હતું કે શું તેઓ અને તેમના સાથી સાંસદો એકબીજાને મળતી ધમકીઓ અને સુરક્ષા સંબંધિત જોખમો અંગે ચર્ચા કરે છે. આ અંગે અલ્બનીઝે કહ્યું કે હાલમાં તેમને પોતાના એક સાથીની ચિંતા છે.

અલ્બનીઝે હેલેનને ઈમાનદાર અને પોતાના સમુદાય માટે સમર્પિત ગણાવ્યાં. તેમણે કહ્યું કે હેલેન પોતાના વિસ્તારના લોકોની જરૂરિયાતો અંગે ખુલ્લેઆમ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. અલ્બનીઝે કહ્યું કે તેઓ એવું રાજકીય વાતાવરણ જોવા માંગતા નથી, જેમાં જનપ્રતિનિધિઓ સુપરમાર્કેટ, રસ્તાઓ અથવા જાહેર સભાઓમાં લોકો સાથે વાતચીત કરતાં ડરે.

હેલેન હેન્સના પરિવારે તેમના ફેસબુક પેજ પર જાહેર કરાયેલા નિવેદનમાં રાહદારીઓ, આરોગ્યકર્મીઓ અને પોલીસનો આભાર માન્યો. પરિવારે કહ્યું કે લોકોએ તરત મદદ કરી અને આરોગ્યકર્મીઓએ સાંસદને બચાવવા માટે પ્રયાસો કર્યા. હેલેન હેન્સ 2019માં પહેલીવાર ઓસ્ટ્રેલિયાની સંસદ માટે ચૂંટાઈ આવ્યાં હતાં. તેઓ અપક્ષ સાંસદ છે. પોલીસે 43 વર્ષીય આરોપી ડ્રાઈવરની ધરપકડ કરી છે. પોલીસને શંકા છે કે સાંસદને જાણીજોઈને નિશાન બનાવવામાં આવ્યા હતા. મામલાની તપાસ ચાલી રહી છે. આરોપીની કારની અંદરથી એક છરી પણ મળી આવી છે. પીએમ એન્થની અલ્બનીઝે કહ્યું કે હુમલા પાછળનું કારણ જણાવવું અત્યારે ઉતાવળભર્યું રહેશે. તેમણે જણાવ્યું કે ધરપકડ કરાયેલા આરોપીની તપાસમાં આતંકવાદ વિરોધી ટીમ પણ સામેલ થશે. તેમને પૂછવામાં આવ્યું હતું કે શું તેઓ અને તેમના સાથી સાંસદો એકબીજાને મળતી ધમકીઓ અને સુરક્ષા સંબંધિત જોખમો અંગે ચર્ચા કરે છે. આ અંગે અલ્બનીઝે કહ્યું કે હાલમાં તેમને પોતાના એક સાથીની ચિંતા છે.

RBI ના પગલાં રૂપિયાને સ્થિર કરી શકે, પરંતુ FY27 ના અંત સુધીમાં નવા નીચલા સ્તરે પહોંચવાની શક્યતા

નવી દિલ્હી, તા.19

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ડાલરની માંગ પર અંકુશ મૂકવાના તાજેતરના પગલાંથી રૂપિયાને ટૂંકા ગાળાનો ટેકો મળવાની ધારણા છે, પરંતુ મૂડીનો પ્રવાહ બહાર જવો (કેપિટલ આઉટફ્લો) અને વૈશ્વિક બજારમાં ઊંચી યીલ્ડ ચલણ પર દબાણ બનાવી રાખતી હોવાથી માર્ચ ૨૦૨૭ના અંત સુધીમાં રૂપિયો નવી નીચી સપાટીએ પહોંચી શકે છે. આ તારણ ૧૦ બજાર નિષ્ણાતો પર કરાયેલા 'બિઝનેસ સ્ટાન્ડર્ડ'ના એક સર્વેક્ષણમાં સામે આવ્યું છે.

આરબીઆઈ દ્વારા શ્રેણીબદ્ધ પગલાંની જાહેરાત કરાયા બાદ રૂપિયામાં ૨ એપ્રિલ, ૨૦૨૬ પછીનો એક દિવસનો સૌથી મોટો ઉછાળો નોંધાયો હતો. આ પગલાંઓમાં સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ માટે સમર્પિત દૈનિક ડાલર વિન્ડો શરૂ કરવાનો સમાવેશ થાય છે, જે ગત સોમવારથી અમલમાં આવી હતી. બીજી તરફ, બેન્ચમાર્ક ૧૦-વર્ષીય સરકારી બોન્ડની યીલ્ડ ૯ બેસિસ પોઈન્ટ વધીને ૭.૩૯ ટકા થઈ ગઈ હતી, જે ૧૦ માર્ચ, ૨૦૨૩ પછીની સૌથી ઊંચી સપાટી છે. આરબીઆઈના આયોજિત ઓપન માર્કેટ ઓપરેશન બોન્ડ વેચાણને કારણે વેચવાલીનું દબાણ વધ્યું હતું. આ જાહેરાતે સરકારી સિક્યોરિટીઝના વધારાના પુરવઠા અંગે ચિંતા વધારી દીધી છે, જેથી વધતી યીલ્ડ વચ્ચે રોકાણકારો દૂર રહ્યા હતા.

રૂપિયા માટે મળેલી આ રાહત કામચલાઉ સાબિત થવાની ધારણા છે. વર્ષ ૨૦૨૬માં ડાલર સામે અત્યાર સુધીમાં ૬.૧૭ ટકા ઘટેલો રૂપિયો ડિસેમ્બરના અંત સુધીમાં ઘટીને ડાલર દીઠ આશરે ૯૬ થવાની આગાહી કરવામાં આવી છે. કેટલાક નિષ્ણાતો માર્ચ ૨૦૨૭ના અંત સુધીમાં તે ઘટીને ૯૬.૭૫-૯૭.૨૫ થવાની અપેક્ષા રાખે છે. મે મહિનામાં ભારતીય ચલણ પ્રતિ ડાલર ૯૬.૯૬ ના અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે બંધ થયું હતું.

બેંકિંગ ક્ષેત્રના સુત્રોએ જણાવ્યું હતું કે, અમે વારંવાર દોહરાવ્યું છે કે બાહ્ય ક્ષેત્રની સમસ્યા હવે કરંટ એકાઉન્ટ (ચાલુ ખાતા) તરફથી નથી, પરંતુ કેપિટલ એકાઉન્ટ (મૂડી ખાતા)ની નબળાઈને કારણે છે. મુખ્યત્વે વૈશ્વિક ભૌગોલિક-રાજકીય જોખમો અને વૈશ્વિક સ્તરે ઊંચા યીલ્ડ (વળતર)ને લીધે ભારતમાં મૂડીનો પ્રવાહ ઘટવાને કારણે. આ પગલાંથી રૂપિયામાં કોઈ લાંબા ગાળાનો સુધારો થવાની શક્યતા ઓછી છે, અને માર્ચ ૨૦૨૭ના અંત સુધીમાં ડાલર સામે રૂપિયામાં ૯૬.૭૫ થી ૯૭.૨૫ ની રેન્જની અપેક્ષા રખાય છે. બાર્કલેઝની નોંધ અનુસાર, રિઝર્વ બેંકના આ પગલાં યુએસ ડાલર



ક્યાં અને ક્યારે ખરીદવામાં આવે છે, પરંતુ તે ક્રૂડ ઓઈલ, વેપાર અને મૂડીના બહિર્ગમન (આઉટફ્લો) દ્વારા સર્જાતી મૂળભૂત માંગને બદલતા નથી. નિષ્ણાંતોનો મત રૂપિયાના ક્રમશઃ અને વધુ વ્યવસ્થિત અવમૂલ્યન (ઘસારા) તરફ જ રહે છે. આ પગલાં રૂપિયાને ટૂંકા ગાળાનો ટેકો આપી શકે છે અને બજારની કામગીરી સુધારી શકે છે, પરંતુ તે ધીમા અવમૂલ્યનના મૂળભૂત કારણોને દૂર કરતા નથી.

૧૬ ઓક્ટોબરથી શરૂ થતા પખવાડિયાથી લાગુ થતા કેશ રિઝર્વ રેશિયો (ભઈઈ) માટે લઘુત્તમ દૈનિક જાળવણી જરૂરિયાત ૯૦ ટકાથી વધારીને ૯૯ ટકા કરવાના સેન્ટ્રલ બેંકના નિર્ણયની મર્યાદિત વધારાની અસર જોવા મળી હતી, કારણ કે બેંકો પાસે અગાઉની જરૂરિયાત હેઠળ બહુ ઓછી વધારાની જગ્યા (હેડરૂમ) હતી. જોકે, આયોજિત રૂ. ૨૫,૦૦૦ કરોડના બોન્ડના વેચાણે સપ્લાય અંગેની ચિંતાઓમાં વધારો કર્યો હતો, ખાસ કરીને એવા સમયે જ્યારે વધતા યીલ્ડ વચ્ચે રોકાણકારો સિક્યોરિટીઝ ખરીદવામાં અચકાઈ રહ્યા હતા. આ ક્ષેત્રના સુત્રોના મતે વ્યાજદરમાં વધારો અગાઉની ધારણા કરતાં વધુ તીવ્ર જણાઈ રહ્યો છે, જેણે સેન્ટિમેન્ટ (બજારના માનસ)ને ફટકો માર્યો છે. ઓપન માર્કેટ ઓપરેશન્સ વેચાણ હંમેશાં બજારમાં ગભરાટ પેદા કરે છે, તેથી બજારમાં વેચવાલી જોવા મળે છે.

રૂપિયાએ એક જ સત્રમાં લગભગ ૧ ટકાનો ઉછાળો નોંધાવ્યો હોય તેવો છેલ્લો કિસ્સો ૨ એપ્રિલના રોજ બન્યો હતો, જ્યારે રિઝર્વ બેંક દ્વારા બેંકોને સ્થાનિક અને બિન-નિવાસી ક્લાયન્ટ્સને રૂપિયાના નોન-ડિલિવરેબલ ફોરવર્ડ્સ ઓફર કરવા પર પ્રતિબંધ મૂક્યા બાદ રૂપિયો મજબૂત થયો હતો. આ પગલું સેન્ટ્રલ બેંક દ્વારા ઓનશોર રૂપિયાના બજારમાં બેંકોની નેટ ઓપન પોઝિશનને ૧૦૦ મિલિયન ડોલર સુધી મર્યાદિત કરવાના નિર્ણય બાદ લેવામાં આવ્યું હતું, જેના કારણે ધિરાણકર્તાઓને તેમની પોઝિશન સમેટીને (અનવાઈન્ડ કરીને) ડાલર વેચવાની ફરજ પડી હતી.

૧૮ સપ્ટેમ્બર સુધી ૧૪૩ બિલિયન ડોલર એકત્ર કરવામાં મદદ કરનારી ખાસ રાહતદરે ફોરેક્સ સ્વેપ વિન્ડો છતાં ભારતીય ચલણ પર દબાણ યથાવત રહ્યું છે. સેન્ટ્રલ બેંકે પાછલા મહિના દરમિયાન ફોરેન એક્સચેન્જ માર્કેટમાં મોટા પાયે હસ્તક્ષેપ કર્યો હતો, જેના પરિણામે ચાર અઠવાડિયામાં વિદેશી હૂંડિયામણ અનામત (ફોરેક્સ રિઝર્વ)માં ૫૧ બિલિયન ડોલરનો ઘટાડો થયો હતો. ઘસારાનું વલણ ચાલુ રહેવા વચ્ચે, કેટલાકનું સૂચન છે કે રિઝર્વ બેંક એ વ્યાજ દરો વધારવાની જરૂર પડી શકે છે.

વાસ્તવમાં, રિઝર્વ બેંક રૂપિયાને ટેકો આપવા માટે ચલણ બજારમાં મોટા પાયે હસ્તક્ષેપ કરી રહી છે. ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેંક) અથવા ખભશઇ (મ્) ડિપોઝિટ્સ સહિતની રાહત દરે સ્વેપ વ્યવસ્થાઓથી ફોરેક્સ રિઝર્વ એકત્રિત કરવામાં મદદ મળી હતી, જે ૪ સપ્ટેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ૭૮૫.૭ બિલિયન ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયું હતું. જોકે, ત્યારથી તેમાં ૫૧ બિલિયન ડોલરથી વધુનો ઘટાડો થયો છે (૨ ઓક્ટોબર સુધીમાં). આમાંથી અમુક ઘટાડો રિવેલ્યુએશન (પુનઃમૂલ્યાંકન) ને કારણે હોઈ શકે છે, પરંતુ તે સ્પષ્ટપણે દર્શાવે છે કે સેન્ટ્રલ બેંક ચલણ બજારમાં ખાસ્સી સક્રિય છે. આરબીઆઈની જાહેર કરાયેલી નીતિ એવી છે કે તે કોઈ ચોક્કસ સ્તરને લક્ષ્ય બનાવતી નથી અને માત્ર અતિશય અસ્થિરતાને નિયંત્રિત કરવા માટે જ હસ્તક્ષેપ કરે છે. જોકે, એવું જણાય છે કે તે અન્ય ઉદ્દેશ્યો પર પણ ધ્યાન આપી રહી છે.

પાકિસ્તાન- 200 વર્ષ જૂના હિંદુ મંદિરને તોડી પાડવાનો પ્રયાસ: કોમર્શિયલ પ્લાઝા બનાવવા માટે રામલીલા મંદિર તોડી પાડવાનો આરોપ

ઇસ્લામાબાદ, તા.19

પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતમાં લગભગ 200 વર્ષ જૂના રામલીલા મંદિરને તોડી પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આરોપ છે કે મંદિરની જગ્યાએ કોમર્શિયલ પ્લાઝા બનાવવા માટે આ પગલું લેવામાં આવ્યું હતું. હિંદુ સમુદાય અને સામાજિક કાર્યકરોના વિરોધ બાદ સ્થાનિક પ્રશાસને શનિવારે મંદિરને પોતાના કબજામાં લીધું. ત્યારબાદ ઈવેક્યુઈ ટ્રસ્ટ પ્રોપર્ટી બોર્ડ (ETPB)એ તેને સીલ કરી દીધું. આ મંદિર ડેરા ઈસ્માઈલ ખાન શહેરના રહીમ બજાર વિસ્તારમાં આવેલું છે. ડેરા સિવિલ સોસાયટી અને સ્થાનિક વેપાર સંઘના અધ્યક્ષ સોહેલ અહમદ અજમીના જણાવ્યા મુજબ, તેમને મંદિર તોડી પાડવાની માહિતી મળતાં તેઓ અન્ય લોકો સાથે ઘટનાસ્થળે પહોંચ્યા અને કામ અટકાવ્યું. મંદિર તોડવાનો પ્રયાસ



થયા બાદ હિંદુ સમુદાય અને સામાજિક કાર્યકર્તાઓએ માંગ કરી કે મંદિરની જમીન કોની છે અને ત્યાં પ્લાઝા બનાવવાની મંજૂરી કોણે આપી, તેની તપાસ થવી જોઈએ. તેમણે નેતાઓને આ મામલો પાકિસ્તાનની સંસદમાં ઉઠાવવાની અપીલ પણ કરી. રામલીલા મંદિરને ડેરા ઈસ્માઈલ ખાનની પ્રાચીન ધાર્મિક ધરોહર માનવામાં આવે છે. ઈવેક્યૂઈ ટ્રસ્ટ પ્રોપર્ટી બોર્ડ (ETPB)એ જિલ્લાના આશરે 400 ઈમારતોને ઐતિહાસિક ધરોહર તરીકે ઓળખી છે.

આ સરકારી સંસ્થા ભાગલા પછી ભારત ચાલ્યા ગયેલા લોકોની છોડી ગયેલી સંપત્તિઓ અને લઘુમતીઓના ધાર્મિક સ્થળોની દેખરેખ રાખે છે. આ પહેલાં ઑગસ્ટમાં પણ પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં આશરે 100 વર્ષ જૂના હિંદુ મંદિરના તોડી પાડવામાં આવ્યાના સમાચાર સામે આવ્યા હતા. સ્થાનિક લોકો અને હિંદુ સમુદાયના પ્રતિનિધિઓએ આરોપ મૂક્યો હતો કે મંદિરને જાણીજોઈને તોડી પાડવામાં આવ્યું, જેથી તેની જમીન પર મદરેસા બનાવી શકાય.

પાકિસ્તાને દાવો કર્યો હતો કે 21 જુલાઈએ ભારે વરસાદને કારણે મંદિરની ઈમારત ક્ષતિગ્રસ્ત થઈને ધરાશાયી થઈ ગઈ હતી. મંદિર તોડી પાડવાના મામલે પાકિસ્તાન મસીહા મિલ્લત પાર્ટી (PMMP), સ્થાનિક લોકો અને હિંદુ સમુદાયે સ્થાનિક મુસ્લિમ સમુદાયના કેટલાક લોકો પર આરોપ મૂક્યા હતા. તેમણે પ્રતિબંધિત સંગઠન તહરીક-એ-લબ્બૈક પાકિસ્તાન (TLP) સાથે જોડાયેલા લોકોની ભૂમિકા પર પણ સવાલ ઉઠાવ્યા હતા. મામલો સામે આવ્યા બાદ ભારતના વિદેશ મંત્રાલયે 2 સપ્ટેમ્બરે મંદિર તોડી પાડવાની નિંદા કરી હતી. ભારતે કહ્યું હતું કે મંદિરની સુરક્ષા માટે સ્થાનિક અધિકારીઓએ સમયસર કાર્યવાહી કરી નહોતી. ઓલ પાકિસ્તાન હિંદુ રાઈટ્સ મૂવમેન્ટના અધ્યક્ષ હારૂન સરબ ડાયલે ધાર્મિક સ્થળોને વિશેષ સુરક્ષા આપવાની માંગ કરી છે. તેમણે 2013થી 2026 વચ્ચે ધાર્મિક સંપત્તિઓ પર થયેલા કથિત ગેરકાયદેસર કબજાઓ અને તેમની વેચાણની તપાસ કરાવવાની પણ અપીલ કરી છે. પાકિસ્તાનના માનવાધિકાર આયોગે પણ ધાર્મિક લઘુમતીઓના અધિકારોને લઈને ચિંતા વ્યક્ત કરી છે. આયોગના તાજેતરના અહેવાલમાં હિંદુ અને ખ્રિસ્તી યુવતીઓના અપહરણ, બળજબરીથી લગ્ન અને ધર્મ પરિવર્તનના કેસો સાથે ભેદભાવપૂર્ણ વ્યવહારનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.


ચર્ચમાં પ્રેયર વખતે પાદરી પર ક્રોસ પડ્યો, મોત: ઓનલાઈન પ્રવચનમાં વીડિયો રેકોર્ડ થયો.....

વોશિંગ્ટન, તા.19

દક્ષિણ અમેરિકન દેશ ઈક્વાડોરમાં શનિવારે પ્રાર્થના દરમિયાન પાદરીની ઉપર લાકડાનો બનેલો ક્રોસ પડી ગયો. આથી પાદરીના માથામાં ઈજા થઈ અને તેમનું મૃત્યુ થયું. પ્રાર્થનાનું ઑનલાઈન પ્રસારણ કરવામાં આવી રહ્યું હતું. સમગ્ર ઘટના કેમેરામાં રેકોર્ડ થઈ ગઈ.

મળતી માહિતી અનુસાર, આ ઘટના 17 ઓક્ટોબરના રોજ ઈક્વાડોરના દરિયાકાંઠાના બંદર શહેર ગ્વાયાકિલના પર્પેતુઓ સોકોરો ચર્ચમાં બની હતી. અહીં અવર લેડી ઑફ પરપેચ્યુઅલ હેલ્પ ચર્ચમાં ફાધર પેટ્રિસિયો અલ્ફ્રેડો સાંચેઝ મોલીનારી પ્રવચન આપી રહ્યા હતા.

સોશિયલ મીડિયા પર પ્રાર્થનાનું લાઈવ પ્રસારણ બતાવવામાં આવી રહ્યું હતું. તેનો વીડિયો જોતા જાણવા મળે છે કે લગભગ 27 મિનિટ બાદ ચર્ચની દીવાલ પર લગાવેલો ક્રોસ અને ઈસુ ખ્રિસ્તની મૂર્તિ ફાધર પેટ્રિસિયોની બરાબર



ઉપર પડી જાય છે.

ઘટના બાદ ચર્ચમાં હાજર લોકો પાદરીની મદદ માટે દોડી આવ્યા. ચર્ચે જણાવ્યું કે ઈમરજન્સી મેડિકલ સ્ટાફ પણ તેમને બચાવી શક્યો નહીં. ફાધર સાંચેઝે ઉપદેશ દરમિયાન સ્પેનિશમાં કહ્યું-'ટોડોસ વૅમોસ એ મોરિર' (Todos vamos a morir); આ શબ્દોનો અર્થ છે, 'એક દિવસ આપણે સૌએ મરવાનું છે.' તેમણે કહ્યું કે ઓછા મહત્વની બાબતો પાછળ વિતાવેલો સમય ઈશ્વર અને પ્રિયજનો સાથે વિતાવેલા સમય જેટલો અર્થપૂર્ણ ન હોઈ શકે. ચર્ચ તરફથી જણાવાયું કે ચર્ચની દીવાલ પરથી મોટો ક્રોસ પડવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ તેને દીવાલ સાથે જોડનારા માઉન્ટિંગ ફિક્સચરમાં ખામી હોવાની આશંકા છે. હાલમાં સ્થાનિક પ્રશાસન તપાસ કરી રહ્યું છે.

તંત્રી લેખ

સત્તા પરીવર્તનના નિવેદન પછી ભાજપ - કોંગ્રેસ વચ્ચે તીખુ યુદ્ધ

સુપ્રીમ કોર્ટના વકીલ અને એક સમયે આમ આદમી પાર્ટીના સહસ્થાપક રહેલા પ્રશાંત ભૂષણના 'રેજીમ ચેન્જ' એટલે કે સત્તા પરિવર્તન અંગેના નિવેદનને લઈને રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે. પ્રશાંત ભૂષણનું આ નિવેદન ભાજપ માટે રાજકીય રીતે અનુકૂળ સાબિત થયું છે. ભાજપે આ નિવેદનને પકડીને વિપક્ષો પર પ્રહાર શરૂ કર્યા છે. ભાજપનો આરોપ છે કે દેશના યુવાનોને ગેરમાર્ગે દોરીને દેશમાં અસ્થિરતા ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ મુદ્દે ભાજપે વિપક્ષોની રાજકીય વિચારધારા અને તેમની કામગીરી પર પણ સવાલો ઉઠાવ્યા છે.

પ્રશાંત ભૂષણના નિવેદન બાદ ભાજપને વિપક્ષો સામે આક્રમક વલણ અપનાવવાની તક મળી હતી. ભાજપે એવો સંદેશ આપવાનો પ્રયાસ કર્યો કે સત્તા પરિવર્તન માટે લોકશાહી પ્રક્રિયા અને ચૂંટણીનો માર્ગ અપનાવવાને બદલે દેશમાં અસ્થિરતા ઊભી કરવાની વાતો કરવામાં આવી રહી છે. ભાજપે આ નિવેદનને દેશના યુવાનોને છેતરવાના પ્રયાસ સાથે જોડીને વિપક્ષોની ટીકા કરી હતી. આ મુદ્દે ભાજપના નેતાઓએ સવાલ ઉઠાવ્યો કે જો સત્તા પરિવર્તન જ ઉદ્દેશ્ય હોય તો તેના માટે બંધારણીય અને લોકશાહી માર્ગ સિવાયના વિકલ્પોની વાત શા માટે કરવામાં આવે છે.

આ વિવાદમાં લાંબા સમયથી શાંત રહેલા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ પણ અચાનક સક્રિય થયા હતા. તેમણે આ મુદ્દાને લઈને વિપક્ષો પર નિશાન સાધ્યું હતું. રાજનાથ સિંહના નિવેદનથી આ વિવાદને વધુ રાજકીય મહત્ત્વ મળ્યું હતું. ભાજપના ટોચના નેતાઓ દ્વારા આ મુદ્દે નિવેદનો આપવામાં આવતાં વિપક્ષો પર પણ પોતાની સ્થિતિ સ્પષ્ટ કરવાનું દબાણ વધ્યું હતું. પ્રશાંત ભૂષણના નિવેદનને લઈને શરૂ થયેલી ચર્ચા હવે માત્ર એક વ્યક્તિના નિવેદન પૂરતી મર્યાદિત ન રહેતાં સત્તા પરિવર્તન, લોકશાહી અને રાજકીય વિરોધના સ્વરૂપ સુધી પહોંચી હતી.

રાજનાથ સિંહના નિવેદન બાદ કોંગ્રેસને પણ આ વિવાદમાં પોતાની સ્થિતિ સ્પષ્ટ કરવાની ફરજ પડી હતી. કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડાએ જણાવ્યું હતું કે કોંગ્રેસ ચોક્કસપણે સત્તા પરિવર્તન ઈચ્છે છે, પરંતુ આ પરિવર્તન ચૂંટણીના માધ્યમથી થવું જોઈએ. પવન ખેડાએ કોંગ્રેસનો પક્ષ રજૂ કરતાં સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો કે તેમની પાર્ટી લોકશાહી પ્રક્રિયામાં વિશ્વાસ ધરાવે છે અને સત્તા પરિવર્તન માટે ચૂંટણીને જ યોગ્ય માર્ગ માને છે. તેમના આ નિવેદન દ્વારા કોંગ્રેસે ભાજપના આરોપોનો જવાબ આપવાની સાથે સત્તા પરિવર્તન અંગે પોતાની રાજકીય ભૂમિકા પણ સ્પષ્ટ કરી હતી.

જોકે, પવન ખેડાના નિવેદન બાદ ભાજપે પણ વળતો પ્રહાર કરવામાં મોડું કર્યું નહોતું. ભાજપના પ્રવક્તાએ કોંગ્રેસ પર નિશાન સાધતાં આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસની વાસ્તવિક ઈચ્છા ચૂંટણી લડ્યા વિના જ પોતાની સરકાર બનાવવાની છે. આ નિવેદનથી બંને પક્ષો વચ્ચેનો રાજકીય વિવાદ વધુ તીવ્ર બન્યો હતો. એક તરફ કોંગ્રેસે ચૂંટણી દ્વારા સત્તા પરિવર્તનની વાત કરી હતી, તો બીજી તરફ ભાજપે કોંગ્રેસના ઈરાદાઓ સામે સવાલો ઉઠાવ્યા હતા.

આ સમગ્ર ઘટનાક્રમમાં પ્રશાંત ભૂષણના એક નિવેદનથી શરૂ થયેલો વિવાદ ભાજપ અને કોંગ્રેસ વચ્ચેના આક્ષેપ-પ્રતિઆક્ષેપ સુધી પહોંચી ગયો છે. ભાજપે આ મુદ્દાને વિપક્ષોની રાજકીય વિશ્વસનીયતા પર સવાલ ઉઠાવવા માટે ઉપયોગમાં લીધો છે, જ્યારે કોંગ્રેસે ચૂંટણી દ્વારા સત્તા પરિવર્તનની વાત કરીને પોતાનો બચાવ કર્યો છે. હવે આ વિવાદમાં મુખ્ય મુદ્દો એ બની રહ્યો છે કે સત્તા પરિવર્તન અંગેની રાજકીય ચર્ચાને બંને પક્ષો લોકશાહી પ્રક્રિયા સાથે કેવી રીતે જોડે છે અને આગામી દિવસોમાં આ મુદ્દો રાજકીય મંચો પર કેટલો ઉગ્ર બને છે. પ્રશાંત ભૂષણના નિવેદન બાદ ભાજપને વિપક્ષો સામે આક્રમક વલણ અપનાવવાની તક મળી હતી. ભાજપે એવો સંદેશ આપવાનો પ્રયાસ કર્યો કે સત્તા પરિવર્તન માટે લોકશાહી પ્રક્રિયા અને ચૂંટણીનો માર્ગ અપનાવવાને બદલે દેશમાં અસ્થિરતા ઊભી કરવાની વાતો કરવામાં આવી રહી છે.

ડેનમાર્કની નોવો નોર્ડિસ્ક કંપનીએ 'ઓઝેમ્પિક' નામનું ઈન્જેક્શન બજારમાં ઉતાર્યું હતું, જે મૂળભૂત રીતે ટાઇપ-૨ ડાયાબિટીસના નિયંત્રણ માટે તૈયાર કરાયું હતું. આ દવાનું મુખ્ય સક્રિય તત્વ સેમાગ્લુટાઇડ ભૂખને દબાવીને આંતરડા અને મગજ વચ્ચેના સંકેતોને નિયંત્રિત કરે છે. જેથી ડાયાબિટીસની સારવારની સાથે વજનમાં નાટકીય રીતે મોટો ઘટાડો થાય છે : પેટન્ટ સમાપ્તિ અને લોકોમાં વજન ઘટાડવાની તાલાવેલીનો પૂરેપૂરો ફાયદો ઉઠાવીને ભારતમાં નકલી વેટ-લોસ દવાઓનું એક ભયાનક ઝેરી નેટવર્ક પથરાઈ ચૂક્યું છે

ઓબેસિટી ઘટાડવાના નામે દેશમાં નકલી દવાઓનો વેપલો વધ્યો

ઓઝેમ્પિક-માઉનજારોના નામે નકલી ઈન્જેક્શનનું કૌભાંડ, વજન ઘટાડવાની લાલચમાં જીવનું જોખમ

ડેનમાર્કની નોવો નોર્ડિસ્ક કંપનીએ 'ઓઝેમ્પિક' નામનું ઈન્જેક્શન બજારમાં ઉતાર્યું હતું, જે મૂળભૂત રીતે ટાઈપ-૨ ડાયાબિટીસના નિયંત્રણ માટે તૈયાર કરાયું હતું. આ દવાનું મુખ્ય સક્રિય તત્વ સેમાગ્લુટાઇડ ભૂખને દબાવીને આંતરડા અને મગજ વચ્ચેના સંકેતોને નિયંત્રિત કરે છે. જેથી ડાયાબિટીસની સારવારની સાથે વજનમાં નાટકીય રીતે મોટો ઘટાડો થાય છે : પેટન્ટ સમાપ્તિ અને લોકોમાં વજન ઘટાડવાની તાલાવેલીનો પૂરેપૂરો ફાયદો ઉઠાવીને ભારતમાં નકલી વેટ-લોસ દવાઓનું એક ભયાનક ઝેરી નેટવર્ક પથરાઈ ચૂક્યું છે. આંતરરાષ્ટ્રીય તબીબી એજન્સીઓના તાજેતરના અહેવાલો મુજબ, દેશના મેટ્રો શહેરોથી માંડીને નાના નગરો સુધી નકલી ઓઝેમ્પિક અને માઉનજારોના ઈન્જેક્શનોનો ખુલ્લેઆમ વેપાર થઈ રહ્યો છે : આ નકલી ડ્રગ રેકેટનો સૌથી મોટો અડ્ડો ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા અને અનવેરિફાઈડ ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ બન્યા છે. ઈન્સ્ટાગ્રામ, ટેલિગ્રામ, વ્હોટ્સએપ ગ્રૂપ્સ અને ગેરકાયદેસર ઓનલાઈન ફાર્મસીઓ પર ઓરિજિનલ ઓઝેમ્પિક ૫૦% છૂટમાં મેળવો કે પછી એક મહિનામાં ૧૦ કિલો વજન ઘટાડવાની ખાતરી જેવી આકર્ષક અને ભ્રામક જાહેરાતોનો રાફડો ફાટયો છે.

ભારત આજે વિશ્વમાં ડાયાબિટીસની વૈશ્વિક રાજધાની બનવાની અણી પર આવીને ઊભું છે. ચીન પછી સૌથી વધુ ડાયાબિટીસના દર્દીઓ ધરાવતો આપણો દેશ એક વિકરાળ અને ભયાનક આરોગ્ય સંકટનો સામનો કરી રહ્યો છે. આ આંકડા માત્ર ચોંકાવનારા નથી, પણ આપણા ભવિષ્ય સામે ઊભેલા લાલ બત્તી જેવા ગંભીર જોખમની ચેતવણી આપે છે. અનિયમિત જીવનશૈલી, બેઠાડું દિનચર્યા અને અસ્વસ્થ ખાનપાનને કારણે ભારતીયોમાં મેદસ્વિતા એટલે કે સ્થૂળતા રોગચાળાની જેમ વકરી રહી છે. વજન વધવું એ કેવળ સુંદરતા કે બાહ્ય દેખાવનો પ્રશ્ન નથી રહ્યો, પણ હૃદયરોગ, હાઈ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ જેવી જીવલેણ બીમારીઓનું મૂળ કારણ બની ગયો છે. જ્યારે સમાજમાં પાતળા દેખાવાની અને રાતોરાત વજન ઘટાડવાની ઘેલછા વધે છે, ત્યારે માનવ સ્વાસ્થ્યના ખર્ચે નફાખોરીનું એક ઘૃણાસ્પદ ષડયંત્ર આકાર લઈ રહ્યું છે. આજે ભારતીય બજારમાં સ્લિમિંગ અને વેટ-લોસના નામે અબજો રૂપિયાનું કાળું સામ્રાજ્ય ઊભું થઈ ચૂક્યું છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે હવે સામાન્ય બ્યુટી પ્રોડક્ટ્સ પૂરતું સીમિત ન રહેતાં, આ કાળો કારોબાર જીવરક્ષક દવાઓના નકલી ઉત્પાદન અને વેચાણ સુધી પહોંચી ગયો છે.

વૈશ્વિક ફાર્મા ક્ષેત્રમાં ડેનમાર્કની નોવો નોર્ડિસ્ક કંપનીએ 'ઓઝેમ્પિક' (રૂંડીસૈબ) નામનું ઈન્જેક્શન બજારમાં ઉતાર્યું હતું, જે મૂળભૂત રીતે ટાઈપ-૨ ડાયાબિટીસના નિયંત્રણ માટે તૈયાર કરાયું હતું. આ દવાનું મુખ્ય સક્રિય તત્વ સેમાગ્લુટાઇડ ભૂખને દબાવીને આંતરડા અને મગજ વચ્ચેના સંકેતોને નિયંત્રિત કરે છે. ડાયાબિટીસની સારવાર કરતાં કરતાં ડોક્ટરો અને દર્દીઓએ જોયું કે આ દવાથી વજનમાં નાટકીય રીતે મોટો ઘટાડો થાય છે. બસ, પછી તો હોલીવુડથી લઈને બોલીવુડ સુધી, અને સેલિબ્રિટીઓથી માંડીને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ સુધી બધા જ આને ચમત્કારિક વેટ-લોસ ડ્રગ ગણાવીને તૂટી પડયા. આ જ શ્રેણીમાં અમેરિકન ફાર્મા કંપની એલી લિલી દ્વારા 'માઉનજારો' ઈન્જેક્શન રજૂ કરવામાં આવ્યું. તેમાં ટિર્ઝેપેટાઇડ નામનું ડ્યુઅલ હોર્મોન એગોનિસ્ટ તત્વ છે. આ દવાઓ તબીબી વિજ્ઞાન માટે વરદાન સાબિત થઈ શકી હોત, કારણ કે ગંભીર સ્થૂળતા સામે લડી રહેલા લાખો દર્દીઓને સર્જરી વિના રાહત આપવાની ક્ષમતા આ ફોર્મ્યુલેશનમાં છે. ભારત જેવા દેશમાં, જ્યાં કરોડો લોકો મેદસ્વિતા અને ડાયાબિટીસના બેવડા ભાર હેઠળ દબાયેલા છે, ત્યાં



આ દવાઓ સંજીવની સમાન સાબિત થઈ શકતી હતી.

ઉલ્લેખનીય છે કે, લોકો માટે મોટી મુશ્કેલી આ દવાઓની અસહ્ય અને અવાસ્તવિક કિંમત હતી. માઉનજારો કે ઓઝેમ્પિકના એક મહિનાના ઈન્જેક્શન ડોઝનો ખર્ચ ૧૩,૦૦૦ રૂપિયાથી લઈને ૨૦,૦૦૦ રૂપિયા કે તેથી વધુ થાય છે. વજન ઘટાડવા અને તેને જાળવી રાખવા માટે આ ઈન્જેક્શન મહિનાઓ સુધી લેવા પડે છે, જેના કારણે સારવારનો કુલ ખર્ચ સહેલાઈથી એક લાખ રૂપિયાથી પણ વધી જાય છે. સામાન્ય મધ્યમવર્ગીય ભારતીય પરિવાર માટે આટલો મોટો ખર્ચ કરવો અસંભવ છે. આ મોંઘી દવાઓ પર મોટી વિદેશી કંપનીઓનો લાંબા સમયથી પેટન્ટ અધિકાર હતો. માર્ચ મહિનામાં જ્યારે આ દવાઓના પ્રારંભિક પેટન્ટ્સ સમાપ્ત થવા લાગ્યા, ત્યારે દેશના આરોગ્ય ક્ષેત્રમાં એક નવી આશાનો સંચાર થયો. ભારતીય ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ વિશ્વભરમાં સસ્તી અને ગુણવત્તાસભર જેનરિક દવાઓ બનાવવા માટે જાણીતો છે. ભારતીય કંપનીઓ જ્યારે આ દવાઓના જેનરિક વર્ઝન લાવશે, ત્યારે કિંમતોમાં ૭૦ ટકા સુધીનો જંગી ઘટાડો થશે અને સામાન્ય ગરીબ કે મધ્યમવર્ગીય દર્દી પણ મોંઘી બ્રાન્ડના નામે લૂંટાયા વગર પોતાનું જીવન બચાવી શકશે એવી ગણતરી હતી.

પરંતુ સામાન્ય નાગરિકો સુધી અધિકૃત અને સસ્તી જેનરિક દવાઓ પહોંચે તે પહેલાં જ મેડિકલ માફિયાઓએ બાજી મારી લીધી છે. પેટન્ટ સમાપ્તિ અને લોકોમાં વજન ઘટાડવાની તાલાવેલીનો પૂરેપૂરો ફાયદો ઉઠાવીને ભારતમાં નકલી વેટ-લોસ દવાઓનું એક ભયાનક ઝેરી નેટવર્ક પથરાઈ ચૂક્યું છે. આંતરરાષ્ટ્રીય તબીબી એજન્સીઓના તાજેતરના અહેવાલો મુજબ, દેશના મેટ્રો શહેરોથી માંડીને નાના નગરો સુધી નકલી ઓઝેમ્પિક અને માઉનજારોના ઈન્જેક્શનોનો ખુલ્લેઆમ વેપાર થઈ રહ્યો છે. જ્યાં લોકો સસ્તી કિંમતે સાચી દવા મળવાની રાહ જોઈ રહ્યા હતા, ત્યાં આ ગેરકાયદેસર સિન્ડિકેટ્સ દ્વારા અદ્દલ ઓરિજિનલ જેવું પેકેજિંગ ધરાવતા ઝેરી ઉત્પાદનો પધરાવી દેવામાં આવી રહ્યા છે. સાચી જેનરિક દવા સસ્તી એટલા માટે હોય છે કારણ કે તેના પર માર્કેટિંગ અને બ્રાન્ડ નેમનો ખર્ચ નથી હોતો, પરંતુ નકલી દવા બનાવનારાઓએ આ સસ્તા ભાવના મનોવિજ્ઞાનને હથિયાર બનાવીને સીધા લોકોના જીવ જોખમમાં મૂકવાનું શરૂ કરી દીધું છે. આ નકલી ડ્રગ રેકેટનો સૌથી મોટો અડ્ડો ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા અને અનવેરિફાઈડ ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ બન્યા છે. ઈન્સ્ટાગ્રામ, ટેલિગ્રામ, વ્હોટ્સએપ ગ્રૂપ્સ અને ગેરકાયદેસર ઓનલાઈન ફાર્મસીઓ પર ઓરિજિનલ ઓઝેમ્પિક ૫૦% છૂટમાં મેળવો કે પછી એક મહિનામાં ૧૦ કિલો વજન ઘટાડવાની ખાતરી જેવી આકર્ષક અને ભ્રામક જાહેરાતોનો રાફડો ફાટયો છે.

મુંબઈ, દિલ્હી, અમદાવાદ અને બેંગલુરુ જેવા શહેરોમાં જિમ ટ્રેનર્સ, અનધિકૃત વેલનેસ ક્લિનિક્સ અને બ્યુટી સ્પા સંચાલકો ડોક્ટરના કોઈપણ પ્રિસ્ક્રિપ્શન વિના આ ઈન્જેક્શનો ગેરકાયદેસર રીતે વેચી રહ્યા છે. ઉદાહરણ તરીકે, તાજેતરમાં સામે આવેલા એક કિસ્સામાં લગ્ન પહેલાં ઝડપથી પાતળા થવાના ચક્કરમાં એક યુવતીએ સોશિયલ મીડિયા પેજ પરથી સસ્તું માઉનજારો ઓર્ડર કર્યું હતું. માત્ર ત્રણ અઠવાડિયાના અનિયમિત ઉપયોગ બાદ તેણીને ભયાનક પેન્ક્રિયાટાઈટિસ અને ડીહાઈડ્રેશન થતાં તાત્કાલિક વેન્ટિલેટર પર મૂકવી પડી હતી. તપાસમાં બહાર આવ્યું કે તે ઈન્જેક્શન કોઈ પણ લાયસન્સ વિના તૈયાર થયેલું નકલી કેમિકલ હતું.

આ સ્થિતિ ભારત સરકારની ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ઘભઘૈ) અને રાજ્ય કક્ષાના ફૂડ એન્ડ ડ્રગ કમિશનરેટ સામે ગંભીર સવાલો ઊભા કરે છે. પેટન્ટ સમાપ્તિ બાદ જ્યારે સાચી જેનરિક દવાઓ ભારતીય બજારોમાં સત્તાવાર રીતે આવે ત્યારે આવે, પરંતુ અત્યારે જે બેરોકટોક નકલી ઝેર વેચાઈ રહ્યું છે તેને ડામવા માટે તાત્કાલિક લાલ આંખ કરવી પડશે. ઓનલાઈન ગેરકાયદે વેચાણ કરતી વેબસાઈટ્સને તાકીદે બ્લોક કરવી, કસ્ટમ્સ પોર્ટ્સ પરથી આવતા શંકાસ્પદ કેમિકલ શિપમેન્ટ્સનું કડક ચેકિંગ કરવું અને પ્રિસ્ક્રિપ્શન વગર દવા આપનારા સામે બિનજામીનપાત્ર ફોજદારી ગુના નોંધવા અનિવાર્ય છે. તબીબી નિષ્ણાતોનું સ્પષ્ટ કહેવું છે કે સેમાગ્લુટાઇડ કે ટિર્ઝેપેટાઇડ જેવી દવાઓ કોઈ સાદી પેરાસિટામોલ નથી. આ એન્ડોક્રિનોલોજિસ્ટ કે યોગ્ય લાયકાત ધરાવતા તબીબના કડક નિરીક્ષણ હેઠળ જ આપવાની દવાઓ છે, કારણ કે દર્દીના થાઈરોઈડ, સ્વાદુપિંડ અને હૃદયની સંપૂર્ણ તપાસ કર્યા વિના આ દવાઓ લેવી એટલે સીધા મોતના મુખમાં ધકેલાવું.

ભારતીય નાગરિકોએ પણ હવે અંધવિશ્વાસ અને શોર્ટકટની માનસિકતામાંથી બહાર આવવું પડશે. શરીરને સુડોળ બનાવવાના નામે પોતાના સ્વાસ્થ્ય સાથે રશિયન રૂલેટ રમવાનું બંધ કરવું પડશે. કોઈપણ અધિકૃત ફાર્મસી કે રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર સિવાય સોશિયલ મીડિયા પરથી દવાઓ મંગાવવી એ આત્મઘાતી પગલું છે. જેનરિક દવાનો અર્થ સસ્તી દવા જરૂર થાય છે, પરંતુ જેનરિકના ઓઠા હેઠળ બજારમાં ફરતું કોઈપણ બિન-બ્રાન્ડેડ પ્રવાહી જીવન બચાવનારું નથી હોતું, એ કાળમુખું ઝેર પણ હોઈ શકે છે. જો દેશની નિયમનકારી સંસ્થાઓ, કાયદા અમલીકરણ એજન્સીઓ અને સામાન્ય જનતા સમયસર નહીં જાગે, તો મેદસ્વિતા અને ડાયાબિટીસ ઘટાડવાની આ ક્રાંતિ ભારતના લાખો પરિવારો માટે એક ક્યારેય ન પુરાય તેવી કાળી હોનારત બનીને ત્રાટકશે.

ઉલ્લેખનીય છે કે, આ નકલી દવાઓનો કાળો કારોબાર મુખ્યત્વે બે અત્યંત ઘાતક સ્વરૂપોમાં ચાલી રહ્યો છે. પહેલો પ્રકાર છે સંપૂર્ણ નકલી પ્રોડક્ટ્સ. આ કિસ્સામાં પેકેજિંગ, લેબલિંગ, લોગો અને પેન-ઈન્જેક્ટર બિલકુલ અસલી નોવો નોર્ડિસ્ક કે એલી લિલી જેવું જ દેખાય છે. અંદર માત્ર સાદું ખારું પાણી (સેલાઈન વોટર), કલર્ડ લિક્વિડ અથવા તો સસ્તું ઈન્સ્યુલિન ભરેલું હોય છે. કલ્પના કરો કે જે વ્યક્તિ ડાયાબિટીસની દર્દી નથી, તે વજન ઘટાડવાની લાલચમાં આવું ઈન્જેક્શન લે અને તેમાં ઈન્સ્યુલિન નીકળે, તો તેનું બ્લડ સુગર અચાનક અત્યંત નીચે જઈ શકે છે. આ સ્થિતિ દર્દીને કોમામાં ધકેલી શકે છે અથવા સ્થળ પર જ તેનું મૃત્યુ નીપજાવી શકે છે. વિદેશોમાં અને હવે ભારતના કેટલાક વિસ્તારોમાં આવા ગંભીર કિસ્સા નોંધાયા છે જ્યાં લોકો વજન ઉતારવાની ઘેલછામાં અજાણ્યા તો પાસેથી ઓઝેમ્પિકના નામે નકલી પ્રવાહી શરીરમાં ઈન્જેક્ટ કરીને સીધા આઈસીયુમાં પહોંચ્યા છે. જાણકારોના મતે બીજો અને વધુ જોખમી પ્રકાર છે અનિયંત્રિત, અનરેગ્યુલેટેડ કમ્પાઉન્ડેડ દવાઓ. આ દવાઓમાં સેમાગ્લુટાઇડ કે ટિર્ઝેપેટાઇડ જેવો સક્રિય રાસાયણિક ઘટક કદાચ હાજર હોય છે, પરંતુ તે

અસત્ય પર સત્ય અને અંધકાર પર પ્રકાશનો વિજય એટલે વિજયા દશમી (દશેરા)



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ધર્મ,કર્મ અને ચેતનાનો વિજયોત્સવ

ભારતીય સનાતન સંસ્કૃતિ એ ઉત્સવો અને પર્વોની એક અદ્ભુત પરંપરા છે. આપણા દરેક તહેવાર પાછળ કોઈને કોઈ દિવ્ય સંદેશ, ઐતિહાસિક ગાથા અને ઊંડું આધ્યાત્મિક રહસ્ય છુપાયેલું છે. આ પર્વોમાં 'વિજયા દશમી' અર્થાત્ 'દશેરા'નું સ્થાન અત્યંત ગૌરવવંતુ અને પ્રેરણાદાયી છે. આ માત્ર એક ઐતિહાસિક વિજયની ઉજવણી નથી, પરંતુ તે માનવ માત્રના અંતઃકરણમાં રહેલા અસત્ય, અહંકાર અને અજ્ઞાનરૂપી અંધકાર સામેના સતત સંઘર્ષ અને અંતિમ વિજયનું પ્રતિક છે. અશ્વિન સુદ દશમ એટલે કે વિજયા દશમી. આ દિવસને 'દશેરા' એટલા માટે કહેવામાં આવે છે કારણ કે આ દિવસે દસ પ્રકારના પાપો(કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહંકાર, ભય આળસ અને અનીતિ) પર વિજય મેળવવાનો સંકલ્પ લેવામાં આવે છે. આ પર્વ આપણને યાદ કરાવે છે કે ગમે તેટલી વિષમ પરિસ્થિતિઓ હોય, અંતે વિજય તો ધર્મ અને સત્યનો જ થાય છે.

પૌરાણિક અને ઐતિહાસિક સંદર્ભ: મર્યાદા પુરુષોત્તમ રામ અને અસુરો પર વિજય દશેરાના પર્વ સાથે મુખ્યત્વે બે મહાન ગાથાઓ જોડાયેલી છે,જે આપણા આધ્યાત્મિક જીવનને સીધી પ્રેરણા આપે છે: શ્રી રામ અને રાવણનો યુદ્ધ:શ્રી રામે અસત્ય અને અન્યાયના પ્રતિક સમાન મહાપ્રતાપી રાવણનો વધ કરી સીતાજીને મુક્ત કરાવ્યા હતા. રામાયણની આ કથા માત્ર એક રાજાની જીત નથી, પરંતુ તે દૈવી શક્તિઓ (સત્ય, ધર્મ, મર્યાદા, પ્રેમ) અને આસુરી શક્તિઓ (અહંકાર, કામ, લોભ, અન્યાય) વચ્ચેના શાશ્વત યુદ્ધનું પ્રતીક છે.



રાવણ પાસે અપાર શક્તિ, જ્ઞાન અને સોનાની લંકા હતી, પરંતુ તેનો અહંકાર અને પરસ્ત્રી પરાયણતા તેના વિનાશનું કારણ બન્યા. આ આપણને શીખવે છે કે ગમે તેટલી શક્તિશાળી વ્યક્તિ હોય, જો તેના આચરણમાં અધર્મ ભળે તો તેનો નાશ નિશ્ચિત છે.

માઁ દુર્ગા અને મહિષાસુરનો સંહાર: આ જ દિવસે માં જગદંબાએ નવ દિવસ સુધી ભીષણ યુદ્ધ કરીને અત્યાચારી મહિષાસુરનો વધ કર્યો હતો. આ પ્રસંગ આપણી ભીતરની આસુરી વૃત્તિઓ (મહિષાસુર અર્થાત્ પશુવૃત્તિ) પર દૈવી ચેતના (મા શક્તિ) ના વિજયને દર્શાવે છે.

આધ્યાત્મિક મહાત્મ્ય: રાવણ દહન નહીં, અંતઃકરણના અહંકારનું દહન, દશેરાના દિવસે રાવણના પૂતળાનું દહન કરવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે. પરંતુ એક સાચા આધ્યાત્મિક સાધક માટે આ ક્રિયા માત્ર એક બાહ્ય ઉત્સવ નથી, પરંતુ તે આંતરિક આત્મનિરીક્ષણનો અવસર છે.

બાહ્ય રાવણથી આંતરિક રાવણ તરફ:આપણે દર વર્ષે કાગળ અને લાકડાના બનેલા રાવણને સળગાવી એ છીએ, પરંતુ શું આપણે આપણા મનમાં બેઠેલા 'રાવણ' (અહંકાર, ક્રોધ,ઈર્ષ્યા અને સ્વાર્થ)ને સળગાવી શકીએ છીએ?સાચો દશેરા ત્યારે જ ઉજવાયો કહેવાય જ્યારે આપણે આપણા દોષોને ઓળખીને તેનો ત્યાગ કરીએ.

દસ માથાવાળો રાવણ અને આપણી મનોદશા: રાવણના દસ મસ્તક એ દસ અલગ-અલગ વિકારો (કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, સ્મૃતિ ભ્રમ, બુદ્ધિ ભ્રમ,ભય અને શોક)નું પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે આ વિકારો આપણી બુદ્ધિ પર કબજો જમાવી લે છે,ત્યારે મનુષ્ય રાવણ બની જાય છે. વિજયા દશમી આપણને આ દસેય વિકારો પર વિજય મેળવવાની શક્તિ પ્રદાન કરે છે.શસ્ત્ર અને શાસ્ત્ર પૂજન: કર્તવ્ય અને જ્ઞાનનો સમન્વય દશેરાના દિવસે ભારતીય સંસ્કૃતિમાં શસ્ત્ર અને શાસ્ત્ર બંનેની પૂજાનું વિશેષ મહત્વ છે. શાસ્ત્રોનું જ્ઞાન:શાસ્ત્રો આપણને જીવન જીવવાની સાચી દિશા, સંસ્કાર અને નીતિમત્તા શીખવે છે. શસ્ત્રોની રક્ષા:શસ્ત્રો (અથવા આજના સમયમાં પોતાના કર્તવ્ય અને વ્યવસાયના સાધનો) આપણને અધર્મ સામે રક્ષણ આપવા અને ન્યાય માટે લડવાની તાકાત આપે છે.

આ પૂજાનો મૂળ ઉદ્દેશ્ય એ છે કે શક્તિ અને બુદ્ધિ (શસ્ત્ર અને શાસ્ત્ર) નો ઉપયોગ હંમેશા ધર્મની રક્ષા માટે જ થવો જોઈએ, આક્રમકતા કે અન્યાય માટે નહીં. ક્ષત્રિય ધર્મ હોય કે સામાન્ય ગૃહસ્થ જીવન, પોતાના કર્તવ્યપથ પર અડગ રહેવું એ જ સાચું શૌર્ય છે. આજના યુગમાં વિજયા દશમી ની પ્રાસંગિકતા આજના ભાગદોડ ભરેલા અને ભૌતિકવાદી યુગમાં મનુષ્ય અહંકાર,સ્પર્ધા,તણાવ અને સ્વાર્થના ચક્કરમાં ફસાયેલો છે. આવી સ્થિતિમાં વિજયા દશમીનું પર્વ આપણને થોભીને વિચારવાની પ્રેરણા આપે છે: માનસિક વિજય:આજે આપણો સૌથી મોટો શત્રુ બહાર નથી,પરંતુ આપણું પોતાનું મન છે.મનની નબળાઈઓ,નકારાત્મક વિચારો અને કુટેવો પર વિજય મેળવવો એ જ આજનો સૌથી મોટો દશેરા છે. સામાજિક સૌહાર્દ સમાજમાં ફેલાયેલી અસમાનતા, અજ્ઞાન અને અનીતિ સામે લડવા માટે એકતા અને સાહસની જરૂર છે,જે આપણને આ પર્વ શીખવે છે.

વિજયા દશમી એ માત્ર એક તહેવાર નથી,પરંતુ તે માનવ ચેતના ના ઉત્થાનનો મહાયજ્ઞ છે.તે આપણને અંધકારમાંથી પ્રકાશ તરફ, અસત્યમાંથી સત્ય તરફ અને મૃત્યુ (અજ્ઞાન) માંથી અમરત્વ (જ્ઞાન) તરફ દોરી જાય છે. ચાલો આ દશેરાએ આપણે સૌ એવો સંકલ્પ કરીએ કે આપણા અંતઃકરણમાં રહેલા અહંકાર અને અજ્ઞાનના રાવણને નષ્ટ કરીશું, અને ધર્મ, પ્રેમ, ન્યાય અને માનવતાના માર્ગ પર આગળ વધીને જીવનને સાર્થક બનાવીશું. "અસતો મા સદ્ ગમય, તમસો મા જ્યોતિર્ગમય, મૃત્યોર્મા અમૃતં ગમય"- અર્થાત્ હે ઈશ્વર! મને અસત્યથી સત્ય તરફ, અંધકારથી પ્રકાશ તરફ અને અજ્ઞાનથી જ્ઞાન તરફ લઈ જાઓ. આ જ વિજયા દશમીનો સર્વોચ્ચ આધ્યાત્મિક સંદેશ છે.

રાવણ દહન કરતાં પહેલાં રાવણ વિશે જાણીને આજનાં સમયે એ પાત્રને ન્યાય કરીએ!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

શક્રાદયા સૂરગણાં નિહતે તિવિર્ય તસ્મિન દુરાત્મનિ સૂરારિ બલે ચ દેવ્યામ, ... નોમનાં પણ યજ્ઞ કાર્ય સંપન્ન થયા. વિશ્વંભરી, જય આદ્યા શક્તિની આરતી, તેમજ આંખડી અધીર મારી આંખડી અધીર.. છેટાં રહોને સૌ છેટાં રહો અંબે બહુચરને રમવા દ્યો... આવો રણકાર બીજે ક્યાંય નથી સાંભળ્યો આતો મારાં માજીના રથનો રણકાર... આ બધું જ હવે નવરાત્રી પૂરી થતાં પુરું! નવ નવ દિવસથી ચાલતું આ ભક્તિ ભાવનું પર્વ કાળીયુગી માનસિકતા પ્રમાણે પૂર્ણ થયું. બહાર તો બધું સરખું કર્યું, પરંતુ અંદર હજી એક બહુ મોટો વિકાર એટલે કે આ અહંકાર રહી ગયો છે, અને એને પણ ખત્મ કરવો પડશે. રાવણને આપણે ત્યાં અહંકારનાં અવતાર તરીકે ઓળખવામાં આવે છે,તો દશેરા એ લંકાપતિ રાવણનાં અહંકાર વિશે વાત કરીશું.

આજે આસો સુદ દશમ એટલે કે વિજયાદશમી અથવા દશેરાનો તહેવાર છે, અને આ તહેવાર રામરૂપી સત્યના વિજયની યાદમાં ઉજવાય છે. ત્રેતા યુગમાં ભગવાન શ્રીરામ લક્ષ્મણ અને જાનકી પિતાનું વચન નિભાવવા માટે જ્યારે 14 વર્ષનો વનવાસ ભોગવી રહ્યા છે, ત્યારે લંકાપતિ રાવણ સીતાનું અપહરણ કરે છે, અને લંકામાં લઈ જઈને કેદ કરે છે. ભગવાન રામ ત્યારે સુગ્રીવ હનુમંત, અંગદ, જામવંત, નલનીલ વગેરે જેવા રીંછ વાનરની સેના સાથે લંકા પર આક્રમણ કરે છે, અને રાવણનો વધ કરી સીતાજીને તેની કેદમાંથી છોડાવે છે. આટલી પ્રાથમિક માહિતી લગભગ દરેક ભારતીયને છે, અને ન્હોય તો હોવી પણ જોઈએ. પણ રાવણ વિશે હજી આપણે ઓછું જાણીએ છીએ! એક તો રાક્ષસ કુળ હોવું એ ખરાબ નહોતું! કારણકે જળ એ જીવન છે એ મહત્વની વાતને ધ્યાનમાં રાખીને બ્રહ્મા એ જ બે વર્ગ પાડ્યા હતાં કે, જે પાણીનું રક્ષણ કરે એ અપભ્રંશ થતાં રાક્ષસ અને જે એનું યક્ષાશં કરે એ યક્ષ, એમ બે જ શ્રેણી ત્યારે ઉપસ્થિત હતી! અને આમ પણ રાવણ મૂળમાં બ્રહ્માના પુત્ર પુલસ્ત્યનાં વંશજ તરીકે આવતા વિશ્વશ્રવા કૈકસીનો પુત્ર છે, અને એટલે જ એ ઋષિય ગુણ પણ ધરાવે છે. રાવણ બહુ મોટાં શિવ ભક્ત હતાં! આ ઉપરાંત એ વિવેચક અને વિચારક પણ હતાં, એમણે સમાજ ઉપયોગી ત્રણ પુસ્તક પણ લખ્યા છે. રાવણ સંહિતા, કુમાર તંત્ર અને દત્તાત્રય ! હકીકતમાં એ તંત્ર માર્ગીય સાધના દર્શાવે છે! પરંતુ રાવણ સંહિતામાં ઔષધ અને આર્યુવેદ વિશે પણ મહત્વની ભૂમિકા રચી છે! એમણે કહ્યું કે યોદ્ધાને ઔષધિ તેમજ આયુર્વેદનું જ્ઞાન હોવું જરૂરી છે. આશ્ચર્યની વાત તો ત્યાં છે કે એના તંત્ર માર્ગમાં પણ ક્યાંય બલિ, રક્ત કે અન્ય જીવીત પ્રાણી કે માંસની વાતનો ઉલ્લેખ નથી! અને દરેક મંત્રમાં સરસ્વતીનો ઉલ્લેખ છે, અને એટલે જ તાંડવ સ્તોત્ર જેવી સંસ્કૃત વાણી નીકળી.

અત્યારે કળિયુગ એની અસીમતા વટાવતો જાય છે. સમાજની બેન દીકરીઓની ઈજ્જત સરેઆમ ઉછળે છે, અને છતાં આરોપી આઝાદ ફરે છે. એટલે એવું લાગે કે આપણે આ દશેરાનો તહેવાર ઉજવીને રાવણને દંડ કરી રહ્યા છીએ! સમય બદલાય એમ સંદર્ભ પણ બદલાય, એટલે એ રીતે રાવણ આપણને ઘણો સજ્જન લાગે, કારણ કે એણે લંકામાં લઈ જવા છતાં સીતાજીનો સ્પર્શ પણ કર્યો નથી. આ ઉપરાંત યુદ્ધમાં પણ ક્યાંય અનીતિ થઈ હોય એવું નોંધાયું નથી, રાવણનાં પુત્ર ઈન્દ્રજીતે વિજય માટે યજ્ઞ કર્યો હતો, એવી વાત નોંધાઈ છે, પણ રાવણે પોતાની જીત માટે કંઈ કર્યું હોય એવું નોંધાયું નથી. એટલે કે મંત્ર તંત્રનો પ્રયોગ તેણે કર્યો નહોતો! કારણ કે એ જાણતો હતો કે, પોતે આ ખોટું કરી રહ્યો છે, પણ એને પ્રભુ શ્રીરામના હાથે મૃત્યુ જોઈતું હતું, એટલે તેણે ખેલ નાખ્યો એવો પણ અર્થ કાઢી શકાય, કે તુલસીદાસજી લખ્યું તેમ રાવણ પણ અવતાર હતો. કાળ ગણના પ્રમાણે અત્યારે દાનવ શ્રેણી દેખીતી રીતે લુપ્ત થઈ ગઈ છે, એટલે કે એક કરતાં વધુ મસ્તક હોવા, માથે શિંગડા, લાંબા હાથ, લાંબા નખ,જેવો વિકૃત ચહેરો અને બીજું પણ કેટલુંય એવું બધું દેખાવની રીતે જોવાં મળતું નથી. વિજ્ઞાનની રીતે કહીએ તો ઉત્ક્રાંતિવાદને કારણે આજે મનુષ્યનું એકદમ સુંદર સ્વચ્છ અને શિક્ષિત સ્વરૂપ આપણને મળી ગયું છે, પણ એમાં ધીરે ધીરે સંસ્કૃતિના સંસ્કારનું જે ભૂષણ હતું, એ લુપ્ત થતું જાય છે, અને એને કારણે ક્યાંક ક્યાંક આજનો માનવી રાવણ કરતા પણ વધુ વિકૃત છે, એ આપણે સૌ જાણીએ છીએ. આંતરિક રીતે પ્રવેશી ગયેલી વિકૃતિનું નિવારણ એમ એટલું સહેલું પણ નથી. નવ દિવસથી મા જગતજનની જગદંબાની આરાધના કરી રહ્યા છીએ, એ સર્વોપરી શક્તિ આગળ ત્રિદેવ નત મસ્તક થઈ પોતાના કાર્ય માટે વિનંતી કરે છે.તો પ્રશ્ન એ થાય કે જ્યારે અવતાર તરીકે ઈશ્વરે જન્મ લીધો, ત્યારે નારી શક્તિનું મહાત્મ્ય જેટલું થવું જોઈએ એટલું થયું ખરું! ઈશ્વર કાર્ય કારણ સિધ્ધાંતથી પર હોય છે, એટલે એ જે કરે તે અવતાર લીલા કહેવાય! પરંતુ એક જીવ તરીકે એને મુલાવવામાં આવે તો એમાં પણ ત્રૂટી હતી. માતા સીતા જ નહીં, કૌશલ્યા, કૈકેયી, સુમિત્રા, ઉર્મિલા, માંડવી, શ્રુતિકીર્તિ! બધાંએ વગર કારણે દંડ ભોગવ્યો. દ્વાપરયુગની વાત કરીએ તો, પણ કુંતી, માદ્રી, દ્રૌપદી, ઉત્તરા, ગાંધારી, અને બધા જ! શું કૌરવોની પત્નીઓ દ્રૌપદીનું ચીર હરણ ઈચ્છતી હતી?; પણ કેમ સૌ મૌન રહ્યા? એ રીતે જોઈએ તો આજનો કાળ ઘણો ઉત્તમ લાગે, કારણ કે સમાજના 20% કે 25% ને બાદ કરતાં, બાકીનાં પુરુષો નારી શક્તિનું અનુમોદન કરી રહ્યાં છે, અને તેની ઈચ્છાઓને માન પણ આપી રહ્યા છે, તેને ઉડવા માટે આકાશ પણ આપ્યું છે, અને ઘર ગૃહસ્થિની જંજાળમાંથી થોડી મુક્ત પણ કરી છે. ચૈત્ર સુદ નોમના દિવસે એટલે કે ચૈત્ર નવરાત્રની શક્તિની ઉપાસનાના અંતિમ દિવસે સત્યનો જન્મ થાય છે, અને આસો સુદ દશેરાએ એ રામ રાવણનો વધ કરે છે, એટલે કે અનીતિ રુપે અસત્યનો વધ થાય છે. ત્રેતા કાળ વીતી ગયાને આજે ઘણો સમય થઈ ગયો, એ પછી આખાં યુગનો એટલે કે દ્વાપર યુગનો પણ અસ્ત થઈ ગયો. રાવણનો વધ કરવો, એટલે એનું આજનાં સમયમાં ચિંતન કરીએ તો, આજે રાવણ બહાર નથી. દરેકમાં ભીતર જ એક રામ અને એક રાવણ બંને વસે છે. સમયે સમયે એક પાત્ર બીજા પાત્ર પર હાવી થાય છે, અને કર્મ કે કાર્ય કરાવી જાય છે. રાવણ પર રામ તત્વ હાવી થાય, ત્યારે ધર્મ કર્મ કે સુકર્મ થાય, અને રામપર રાવણ તત્વ હાવી થાય ત્યારે અધમ કૃત્ય થાય. શક્તિની નવ નવ દિવસની ઉપાસના કરી, અને જો આપણને ભીતર રાવણ ન દેખાય તો, આપણી આ ઉપાસના નિષ્ફળ રહી છે, તેવું કહી શકાય. આત્મ વિશ્લેષણને અંતે રામ રાવણ બંને તત્વતઃ અવતાર જ છે. જો એ સ્ત્રી શક્તિ કે અસ્મિતાનું રક્ષણ કરનાર હતો, એટલે સામે જ મૃત્યુ ઉભું છે.

પાર્ટી પ્લોટ ગરબાના 40 વર્ષ : ₹. 12ની ટિકિટના 1200, આયોજન ખર્ચ 50 હજારથી વધી 50 લાખે પહોંચ્યો

અમદાવાદ, તા.19

ગુજરાતી ગરબાની 400 વર્ષ જૂની પરંપરાની સરખામણીમાં પાર્ટી પ્લોટોના ગરબા વર્ષ 2026માં 40 વર્ષના થયા છે. શેરી કે પોળના ગરબાથી અલગ પ્રકારે સ્ત્રી-પુરુષો સાથે મળીને ગરબા ગાઈ શકે તેવા આયોજનો પાર્ટી પ્લોટોમાં શરૂ થયા હતા. આ 40 વર્ષ (1986થી 2026) દરમિયાન પાર્ટી પ્લોટોમાં ગરબા ગાનની પરંપરામાં પ્રોફેસનાલિઝમ સંપૂર્ણપણે પ્રવેશી ચૂક્યું છે. વર્ષ 1986માં પાલડી વિસ્તારમાં માત્ર 12 રૂપિયા ટિકિટ વસૂલીને ગરબામાં એન્ટ્રી અપાતી હતી, જેનો ભાવ વધીને 2026માં 1200 રૂપિયા કે તેથી વધુ થઈ ગયો છે. તે સમયે 10 દિવસના ગરબા આયોજનનો કુલ ખર્ચ આશરે 50,000 રૂપિયા હતો, જે વધીને હવે 50 લાખ કે તેથી વધુ થાય છે.

ટિકિટના દર અને ખર્ચની જેમ જ અમદાવાદમાં પાર્ટી પ્લોટના ગરબા શહેરના દૂર-દૂરના વિસ્તારો સુધી વિસ્તર્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ, અમદાવાદમાં પાર્ટી પ્લોટોમાં વ્યાવસાયિક ધોરણે ગરબા આયોજનની શરૂઆત 1986માં પાલડીના પાર્ટી પ્લોટથી થઈ હતી, જ્યાં રૂ. 12માં એન્ટ્રી અપાતી હતી અને તેમાં સીમિત વર્ગના લોકો જ આવતા હતા.



એક દશકા પછી 1996થી પાર્ટી પ્લોટના ગરબાનું પૂર્ણરૂપે વ્યાવસાયિકરણ શરૂ થયું હતું. 132 ફૂટ રોડને સ્પર્શતા નહેરૂનગર વિસ્તારમાં જ્યારે વ્યાવસાયિક ગરબાનું આયોજન થયું, ત્યારે ટિકિટ હોવા છતાં મોટી સંખ્યામાં લોકો ગરબે ઘૂમવા એકત્ર થયા હતા. આયોજક હિમાશુભાઈના જણાવ્યા અનુસાર, અમદાવાદમાં પહેલી વખત એવું વ્યવસાયિક આયોજન કરાયું હતું કે સાઉન્ડ સિસ્ટમ, લાઈટિંગ ઉપરાંત વીજળી ગુલ થાય તો ગરબા બંધ ન થાય તે માટે મુંબઈથી જનરેટર મંગાવવામાં આવ્યા હતા. તેમજ ખેલૈયાઓને ધૂળથી બચાવવા માટે આખા ગરબા ગ્રાઉન્ડના તણિયાને લીલા રંગની જાજમથી કવર કરવામાં આવ્યું હતું.

1996 પછી અમદાવાદમાં પાર્ટી પ્લોટોના ગરબાનો ટ્રેન્ડ ખૂબ વધ્યો અને તેને સતત પ્રોત્સાહન મળતું રહ્યું. આ જ ક્રમમાં 2003થી ગુજરાત સરકારે પણ 'વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવ' શરૂ કર્યો છે. હવે સ્થિતિ એવી છે કે સરકારી હોય કે ખાનગી, તમામ પાર્ટી પ્લોટોના ગરબામાં પૂર્ણરૂપે પ્રોફેસનાલિઝમ જોવા મળે છે અને સરકારી વાયબ્રન્ટ નવરાત્રીમાં પણ ખેલૈયાઓએ ટોકન ફી ચૂકવવી પડે છે. જૂના આયોજકોના જણાવ્યા મુજબ, 1980ના અરસામાં યુવા પેઢીમાં પરિવાર સાથે પણ સ્વતંત્ર રીતે ગરબા ગાવાનો ભારે ક્રેઝ હતો. પોળ અને સોસાયટીઓમાં ઓડિયો કેસેટ્સ પર થતા ગરબા સામે ઓર્કેસ્ટ્રા અને ગવૈયાઓ સાથે ગરબાનું પ્રથમ આયોજન પાલડીના પાર્ટી પ્લોટમાં 12 રૂપિયાની એન્ટ્રી ટિકિટ સાથે થયું હતું. ત્યારબાદ 1899 (અથવા 1989)માં ક્લબના ગરબા શરૂ થયા હતા. આ પ્રકારે 1986થી 2026 સુધીના 40 વર્ષના સમયગાળા દરમિયાન પાર્ટી પ્લોટના ગરબાએ ખાસ્સો સંઘર્ષ પણ કરવો પડ્યો છે.

અમદાવાદમાં જ્યારે પાર્ટી પ્લોટોના ગરબાની નિયમિત પરંપરા 1996માં શરૂ થઈ, ત્યારે તે 'દાંડિયા રાસ' તરીકે ઓળખાતા હતા અને તે સમયે કોઈ ચોક્કસ ડ્રેસ કોડ નહોતો. તે વખતે યુવતીઓ સાડી કે ચણિયા ચોળીમાં જોવા મળતી હતી, જ્યારે યુવકો અથવા પુરુષો ભાગ્યે જ કેડિયા કે ચોરણીમાં દેખાતા હતા અને મોટાભાગના યુવકો પેન્ટ-શર્ટ પહેરીને જ પાર્ટી પ્લોટમાં જતા હતા. જોકે, પારંપરિક વસ્ત્રો પહેરીને આવતા યુવક-યુવતીઓના જૂથો માટે અલગ સ્ટેજ બનાવવાની વ્યવસ્થા કરવામાં આવતી હતી.

એક સમય એવો હતો કે જ્યારે પાર્ટી પ્લોટોમાં યોજાતા ગરબાની ટિકિટો સીધી પાર્ટી પ્લોટના ગેટ પર અથવા તે વિસ્તારની નિશ્ચિત દુકાનો પર વેચાતી હતી. પરંતુ સમય બદલાતાં હવે પાર્ટી પ્લોટોમાં એન્ટ્રી માટે ઓનલાઈન ટિકિટ્સની શરૂઆત થઈ ગઈ છે. હાલની સ્થિતિ એવી છે કે કોઈ એક વ્યક્તિ આખા ગ્રુપ માટે ઓનલાઈન ટિકિટ બુક કરી દે છે અને પછી દરેક સભ્યને પોતપોતાની ટિકિટ ઓનલાઈન જ મોકલી આપે છે. આ સરળ અને સ્પ્લિટ થતી ઓનલાઈન ટિકિટિંગ સુવિધાના કારણે યુવા વર્ગમાં પાર્ટી પ્લોટનો ક્રેઝ વધુ વ્યાપક બન્યો છે. એક રસપ્રદ ચર્ચા એ પણ છે કે અમદાવાદમાં જે-જે વિસ્તારોનો વિકાસ કરવાનો હોય, તે જ વિસ્તારોમાં પાર્ટી પ્લોટોના ગરબા યોજાય છે.

1950: અમદાવાદનો કોટ વિસ્તાર (હદ: 54.72 ચોરસ કિ. મી.) 1965: સાબરમતી નદીની બંને તરફ વિકાસ થવાથી શહેરની હદ 93 ચોરસ કિ.મી. થઈ. 1986: પૂર્વના વિસ્તારો ભળતાં હદ 160.86 ચોરસ કિ.મી. થઈ અને આ જ સમયગાળામાં પશ્ચિમ વિસ્તારમાં પાર્ટી પ્લોટ ગરબાનો આરંભ થયો. 2006-07: પશ્ચિમના વધુ વિસ્તારો ભળતાં હદ વધીને 464 ચોરસ કિ.મી. થઈ, જ્યાં 132 ફૂટ રોડ અને આસપાસના વિસ્તારોમાં ગરબાની પરંપરા વિકસી. 2020-21: રિંગ રોડની બંને તરફના વિસ્તારો ભેળવાતાં શહેરની હદ 505 ચોરસ કિ.મી. થઈ અને પાર્ટી પ્લોટોના ગરબા હવે આ તમામ વિકસતા નવા વિસ્તારોની આજુબાજુ વિસ્તરી રહ્યા છે.

જનરક્ષકો પોતે જ અસુરક્ષિત! '112' સેવાના પાયલટોનું શોષણ, ભવિષ્ય અંધકારમય દેખાતા સરકારીકરણની માગ

અમદાવાદ, તા.19

ગુજરાતની જનતાની ઇમરજન્સી સુરક્ષા માટે 24 કલાક તહેનાત રહેતી 'ડાયલ 112' (જનરક્ષક) સેવાના પાયલટ હાલ આઉટસોર્સિંગ કંપનીની જોહુકમી અને આર્થિક શોષણ સામે લડી રહ્યા છે. એક તરફ, રાજ્ય સરકાર 112 પ્રોજેક્ટના પ્રમોશન પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરી રહી છે, ત્યારે બીજી તરફ જમીની સ્તર પર રાત-દિવસે એક કરનારા પાયલટના પરિવારોનું ભવિષ્ય અંધકારમય બન્યું છે.



અગાઉ 12 કલાકની ફરજ સામે જે પગાર મળતો હતો, તે શિફ્ટ ઘટાડીને 8 કલાક કરવાના બહાને સીધો 14,000 રૂપિયા આસપાસ કરી દેવાયો છે. સપ્ટેમ્બર મહિનાનો પગાર પણ અનિયમિત મળ્યો છે. જૂન મહિનામાં કોઈ પણ જાણ કર્યા વિના વધુ પગાર જમા કરી, જુલાઈમાં એકાએક કોઈ પણ ખુલાસા વગર કાપ મૂકી દેવાતા પાઈલોટોનું બજેટ ખોરવાઈ ગયું છે.

માત્ર 14-15 હજારના નજીવા પગારમાં કામ કરતા આ પાયલટોની ઘરથી 100 કિલોમીટર દૂર બદલી કરી દેવામાં આવે છે. બદલી અને નવા ઓર્ડર વચ્ચેના સમયગાળામાં પાયલટોને પગાર વગર બેરોજગાર રહેવું પડે છે. પૂરતા વાહનો ન મળવા અને અમુક જ કર્મચારીઓ પાસે ગેરકાયદે વધારાનું કામ કરાવવાની ફરિયાદો પણ ઉઠી છે. આટલા ઓછા પગારમાં વતનથી દૂર રહીને રૂમ ભાડું અને જમવાનો ખર્ચ કાઢવો કે પરિવારને સાચવવો? તે મોટો સવાલ ઉઠ્યો છે.

આઉટસોર્સિંગ કંપનીની જોહુકમી એટલી હદે વધી ગઈ છે કે પોતાની કાયદેસરની માંગણીઓ કે અન્યાય સામે અવાજ ઉઠાવનારા પાયલટોને 3-3 મહિના સુધી કોઈ પણ કારણ વગર 'ઓફ ડ્યુટી' કરી દેવામાં આવે છે અને બાદમાં સીધા નોકરીમાંથી હાંકી કાઢવામાં આવે છે. જે પાયલટો પર ગુજરાતના નાગરિકોની કાયદો અને વ્યવસ્થા જાળવવાની મોટી જવાબદારી છે, તે પોતે જ જો માનસિક તણાવ, આર્થિક સંકટ અને અનિશ્ચિતતામાં જીવશે તો તેઓ ફરજ પર સો ટકા ધ્યાન કેવી રીતે આપી શકશે?

સામાજિક સંગઠનોની માંગ છે કે જો ખાનગી એજન્સીઓ ગુજરાતના યુવાનોને સાચવી શક્તિ ન હોય, તો સરકારે તાત્કાલિક અસરથી 'ડાયલ 112' પ્રોજેક્ટનું સંપૂર્ણ સરકારીકરણ કરીને તેને પોતાના હસ્તક લઈ લેવું જોઈએ, જેથી પાયલટોનું શોષણ અટકે અને તેમનું ભવિષ્ય સુરક્ષિત થાય.

દીવડા કોલોની વસાહતમાં નવરાત્રી હવન....



કડાણા તાલુકાના દીવડા કોલોની વસાહતમાં આસો સુદ આઠમને રવિવાર તારીખ:-18/10/2026 ના રોજ શ્રી જમનાબેન થા વરાભાઈ માતાજીના પાવન સ્થાનકે નવદુર્ગાની શક્તિના પર્વ નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ હવન નો પ્રોગ્રામ રાખવામાં આવેલ હતો શ્રી ભરતભાઈ એ.પંડ્યા દ્વારા હવન માટેનું પૂજન અર્ચન કરાયું હતું. આજુબાજુ વિસ્તારના અનેક ભાવિક ભક્તો દર્શનનો લાભ લેવા આવ્યા હતા શ્રી અમરસિંહભાઈ શ્રી પરમાભાઈ શ્રી રામાભાઈ શ્રી પીન્ટુબેન શ્રી દક્ષાબેન તેમજ સર્વે પરિવારજનોએ ઉત્સાહભેર દરેક ભક્તજનોનું સ્વાગત કર્યું હતું. પૂજનના અંતે સૌએ થાળ,આરતી કરી પ્રસાદી લઈ આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી.

ભરતભાઈ એ. પંડ્યા.દીવડા કોલોની

આખરે ગુજરાતમાં વીજસંકટ સર્જાયું કેમ? ઉત્પાદન ઘટતાં ખાનગી કંપનીઓ પાસેથી મોંઘી વીજળીની ખરીદી કરાઈ

અમદાવાદ, તા.19

ગુજરાત 'પાવર સરપ્લસ' રાજ્ય ગણાવી મોટી મોટી જાહેરાતો કરવામાં આવી હતી. હવે જ્યારે વીજ સંકટ સર્જાયું છે, ત્યારે સરકારના વીજ આયોજન સામે સવાલ ઉઠ્યા છે. એક તરફ સરકારી વીજ ઉત્પાદનમાં ઘટાડો થાય છે, બીજી તરફ ખાનગી વીજ કંપનીઓ પાસેથી મોંઘી વીજળી ખરીદવામાં આવે છે. અંતે મોંઘી વીજ વ્યવસ્થાનો બોજ જનતાએ સહન કરવો પડે છે. જો ગુજરાતમાં પૂરતી વીજ ઉત્પાદન ક્ષમતા ઉપલબ્ધ છે, તો વારંવાર વધારાની વીજળી ખરીદવાની જરૂર કેમ ઊભી થાય છે? તે સવાલ ઉઠ્યો છે.

વિધાનસભામાં રજૂ થયેલી માહિતીના આધારે ઉપલબ્ધ આંકડાઓ મુજબ, વર્ષ 2024માં અદાણી પાવર પાસેથી 15,492 મિલિયન યુનિટ વીજળી ખરીદ માટે 8095 કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા, જ્યારે વર્ષ 2025ના આંકડા મુજબ 13,223 મિલિયન યુનિટ વીજળી માટે 7300 કરોડ રૂપિયા ખર્ચ્યા હતા. આમ, આ બે વર્ષમાં કુલ 28,715 મિલિયન યુનિટ વીજળીની ખરીદી પાછળ 15,395 કરોડ રૂપિયા ખર્ચ દર્શાવવામાં આવ્યો છે.

વર્ષ 2024-25 દરમિયાન 11,777 મિલિયન યુનિટ વીજળીની ખરીદી, 1322 કરોડ રૂપિયાના ફિક્સ્ડ ચાર્જ અને 3.77 પ્રતિ યુનિટના સરેરાશ વેરીએબલ ખર્ચનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ફિક્સ્ડ અને વેરીએબલ ચાર્જ અલગ પ્રકારના ખર્ચ હોવાથી, સમગ્ર નાણાકીય ચિત્ર સમજવા માટે કરારની શરતો, સંબંધિત સમયગાળાઓ અને કુલ ચૂકવણીની



વિગતો જાહેર થવી જોઈએ.

ગુજરાતમાં વીજ વપરાશ વર્ષ 2024માં 1,26,698 મિલિયન યુનિટથી વધીને વર્ષ 2025માં 1,28,128 મિલિયન યુનિટ થયો હતો. બીજી તરફ, સરકારી વીજ કંપનીઓનું ઉત્પાદન 1,21,776 મિલિયન યુનિટથી ઘટીને 1,19,498 મિલિયન યુનિટ થયું હતું. એટલે કે, દર્શાવેલા આંકડાઓ મુજબ વીજ વપરાશમાં 1160 મિલિયન યુનિટનો વધારો થયો, જ્યારે સરકારી વીજ ઉત્પાદનમાં 2280 મિલિયન યુનિટનો ઘટાડો નોંધાયો હતો.

વીજ માંગમાં વધારો થવાનો અંદાજ સરકારને અગાઉથી હોવો જોઈએ. ઉનાળાની ગરમી, ખેતી માટેની વીજ જરૂરિયાત, ઔદ્યોગિક ઉત્પાદન અને ઘરેલુ વપરાશ કોઈ અણધારી ઘટના નથી. તેમ છતાં સરકારી વીજ ઉત્પાદનમાં ઘટાડો થાય અને ખાનગી ખરીદી પર આધાર વધે, તો સરકારના આગોતરા આયોજન સામે સવાલો ઊભા થાય તે સ્વાભાવિક છે. સરકારે દરેક સરકારી વીજ મથકનું પ્લાન્ટવાર ઉત્પાદન, સ્થાપિત ક્ષમતા, ક્ષમતાનો વાસ્તવિક ઉપયોગ, જાળવણીને કારણે બંધ રહેલા સમયગાળા, ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદન ઘટવાના કારણો જાહેર કરવા જોઈએ. સાથે જ સરકારી વીજ ઉત્પાદનની સરેરાશ કિંમત અને ખાનગી કંપનીઓ પાસેથી ખરીદાતી વીજળીના દરની તુલનાત્મક વિગતો પણ રજૂ કરવી જોઈએ.

રાજ્ય સરકારે ઓક્ટોબર માટે 2999 મેગાવોટ, નવેમ્બર માટે 1740 મેગાવોટ અને ડિસેમ્બર માટે 1335 મેગાવોટના ટૂંકા ગાળાના વીજ કરારો અંગે જાહેરાત કરી હતી. આવી ખરીદીની વ્યવસ્થામાં માત્ર કેટલા મેગાવોટ વીજળી મેળવવામાં આવશે તેની જાહેરાત પૂરતી નથી. કઈ કંપની પાસેથી વીજળી ખરીદવામાં આવશે, પ્રતિ યુનિટ દર કેટલો હશે, કરારનો સમયગાળો કેટલો છે, કુલ નાણાકીય જવાબદારી કેટલી છે અને અન્ય ઉપલબ્ધ વીજ સ્રોતો સાથે દરોની સરખામણી કરવામાં આવી છે કે નહીં આ તમામ વિગતો જનતા સમક્ષ મૂકવી જોઈએ તેવી કોંગ્રેસે માંગ કરી છે.

એમ્બ્રોઈડરી કામદારોનું આંદોલન ઉગ્ર બનવાના એંધાણ: મજૂર નેતા શાન ખાનનું એલાન,'ટૂંક સમયમાં વિશાળ કાર્યક્રમ, માંગવાથી અધિકાર નહીં મળે તો છીનવી લઈશું'

સુરત, તા.19

સુરતના એમ્બ્રોઈડરી ઉદ્યોગમાં છેલ્લા 3 મહિનાથી પોતાના કાયદેસરના હકો માટે લડત ચલાવી રહેલા લાખો કામદારો માટે મજૂર નેતા શાન ખાને મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. કારીગરોને સંબોધતા તેમણે જણાવ્યું કે, ટૂંક સમયમાં મજૂર યુનિયન દ્વારા આગામી વિશાળ કાર્યક્રમ અને આંદોલનની રણનીતિની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. તેમણે સુરતના તમામ એમ્બ્રોઈડરી કારીગરોને આહ્વાન કરતાં કહ્યું કે, "જ્યારે પણ યુનિયન દ્વારા સડક પર ઉતરવાનું આહ્વાન કરવામાં આવે, ત્યારે સૌ સાથીઓએ ભારેથી ભારે સંખ્યામાં પહોંચીને આ કાર્યક્રમોને સફળ બનાવવાના છે". જ્યાં સુધી મજૂરોની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે ત્યાં સુધી આ સંઘર્ષ અટકશે નહીં.

શોષણ સામે લડી રહેલા કામદારોમાં જોશ પૂરતા મજૂર નેતા શાન ખાને આક્રમક તેવર સાથે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી ઉચ્ચારી છે. તેમણે પોતાના સંબોધનમાં મક્કમતાથી જણાવ્યું કે, "આપણે આ આંદોલન ત્યાં સુધી ચલાવવાનું છે જ્યાં સુધી આપણને આપણો હક નહીં મળે. જો આપણો અધિકાર માંગવાથી નહીં મળે તો અમને છીનવતા પણ આવડે છે, અમે અમારો અધિકાર છીનવીને લઈશું". તેમણે ઉમેર્યું કે કારીગરો કંઈપણ ગેરકાયદેસર માંગી રહ્યા નથી, પરંતુ શ્રમ કાયદાઓમાં પહેલેથી જે જોગવાઈઓ લખેલી છે માત્ર તેનો જ અમલ કરવાની માંગણી કરી રહ્યા છે.



એમ્બ્રોઈડરી કારખાનાઓમાં કારીગરોની સ્થિતિ અત્યંત દયનીય હોવાનો ઉલ્લેખ કરતાં શાન ખાને જણાવ્યું કે, કારીગરો પાસે 12થી 14 કલાક સુધી સતત અમાનવીય રીતે કામ કરાવાઈ છે. 1 મજૂર પાસે 2થી 3 મશીનો ચલાવડાવીને 2 ગણો અને 3 ગણો બોજ નાખવામાં આવે છે, છતાં તેમને યોગ્ય વેતન પણ મળતું નથી. કાયદા મુજબ કામદારોને અઠવાડિયામાં 1 દિવસ રવિવારની રજા, નિયત લઘુતમ વેતન અને 8 કલાકથી વધુ કામ કરવા બદલ ઓવરટાઈમનું 2 ગણું વેતન મળવું અનિવાર્ય છે, જેનું કારખાનેદારો દ્વારા ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે.

ગત 15 ઓક્ટોબરના રોજ સુરત કલેક્ટર કચેરી સામે યોજાયેલા મહાઆંદોલન સત્યાગ્રહ દરમિયાન પોલીસ દ્વારા આંદોલનને કચડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઘટના અંગે શાન ખાને કામદારોને હિંમત આપતાં જણાવ્યું કે, પોલીસની બર્બર કાર્યવાહીથી નિરાશ કે ભયભીત થવાની કોઈ જરૂર નથી, તેનાથી આપણી અવાજને દબાવી શકાશે નહીં. તેમણે તમામ મજૂર સાથીઓને સાહસ અને સંયમ જાળવી રાખીને શાંતિપૂર્ણ ઢબે કાયદાની મર્યાદામાં રહી પોતાનો અવાજ બુલંદ રાખવાની સલાહ આપી છે. અંતમાં શાન ખાને શ્રમિકોને કાયદાની મર્યાદામાં રહીને એકજૂટ રહેવા તથા સોશિયલ મીડિયા પર કોઈપણ ભડકાઉ કે અભદ્ર ભાષાનો ઉપયોગ ન કરવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે આપણે કાયદો મનાવવાની લડાઈ લડી રહ્યા હોવાથી સૌપ્રથમ આપણે પણ કાયદાનું પાલન કરવું પડશે. મજૂરોનું લોહી ચૂસીને તિજોરી ભરનારા વિરોધીઓને છેવટે ઘૂંટણ ટેકવવા જ પડશે અને હાર સ્વીકારવી પડશે. આગામી દિવસોમાં યુનિયન દ્વારા જાહેર થનારા નવા કાર્યક્રમોમાં સુરતના તમામ કામદારો એક થઈને સહભાગી બનશે અને પોતાનો અવાજ બુલંદ કરશે.

સુરતમાં આશરો આપનાર મિત્રની પત્નીની છેડતી કરનાર ઝડપાયો...

વિરોધ કરનાર પરિણીતા અને તેના પતિ પર ચપ્પુથી હુમલો કરી ઈજા પણ પહોંચાડી

સુરત, તા.19

સુરતના સચીન જીઆઈડીસી વિસ્તારમાં પરિણીતાની છેડતી કરી દંપતી પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કરનાર આરોપીને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો છે. મૂળ બિહારના વૈશાલી જિલ્લાના વતની અને હાલ સચીન જીઆઈડીસીમાં રહી મજૂરીકામ કરતા અશોક શકલદેવ સહાની સામે આ કાર્યવાહી કરાઈ છે.



પરિણીતા પોતાના રૂમમાં રસોઈ બનાવી રહ્યા હતા. તે દરમિયાન તેમના પતિના ગામનો અશોક સહાની, જે છેલ્લા ત્રણ મહિનાથી તેમની સાથે જ રહેતો હતો, તે રૂમમાં આવ્યો હતો અને પરિણીતાની છેડતી કરવા લાગ્યો હતો. આ બાબતની જાણ થતાં પરિણીતાના પતિએ અશોક સહાનીને રૂમમાંથી બહાર કાઢી મૂક્યો હતો. જેનો ખાર રાખી આરોપી અશોક સહાનીએ ઉશ્કેરાઈ જઈ પરિણીતા અને તેના પતિ બંને પર ચપ્પુ વડે હુમલો કરી જીવલેણ ઈજાઓ પહોંચાડી હતી. આ હુમલા બાદ ઈજાગ્રસ્ત પરિણીતાની ફરિયાદના આધારે સચીન જીઆઈડીસી પોલીસ મથકમાં છેડતી તથા હત્યાના પ્રયાસ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસ ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. બાતમીના આધારે પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી અશોક સહાનીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આગળની તપાસ શરૂ કરી છે.

વડોદરામાં 55 ફૂટ ઊંચા રાવણના પૂતળાનું દહન કરાશે: આગ્રાના 22 કારીગરોએ રાવણ

વડોદરા, તા.19

દશેરાના પાવન અવસર પર આ વર્ષે પરંપરાગત ઉત્સાહ અને દબદબા સાથે રાવણ દહનની ભવ્ય તૈયારીઓ પૂર્ણ થઈ ચૂકી છે. આવતીકાલ 20મી ઓક્ટોબરે મંગળવારના રોજ દશેરાના દિવસે શહેરમાં આવેલા પોલોગ્રાઉન્ડ ખાતે અસત્ય પર સત્યના વિજયના પ્રતીક સમાન રાવણ, કુંભકર્ણ અને મેઘનાદના વિશાળ પૂતળાનું જાજરમાન દહન કરવામાં આવશે. પોલો ગ્રાઉન્ડ ખાતે રાવણ, મેઘનાદ અને કુંભકર્ણના પૂતળા મૂકવામાં આવશે જેનું દહન કરવામાં આવશે. ગત વર્ષ કરતા આ વર્ષે મેઘનાદ અને કુંભકર્ણના પૂતળાની ઊંચાઈ એક એક ફૂટ ઘટાડવામાં આવી છે.

આ વર્ષે આયોજનમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર રાવણનું પૂતળું રહેશે, જે 55 ફૂટની ઊંચાઈ સાથે મેઈન કેરેક્ટર એનર્જી અને વિશેષ રોયલ લુક સાથે ઊભું રહેશે. આ ત્રણેય રાક્ષસોના પૂતળા પૈકી કુંભકર્ણ અને મેઘનાદ ગત વર્ષની સરખામણીએ એક-એક ફૂટ ઠીંગણા રાખવામાં આવ્યા છે, જેના ભાગરૂપે કુંભકર્ણ આ વર્ષે 51 ફૂટનો અને મેઘનાદ 51 ફૂટનો તૈયાર કરવામાં આવ્યો છે. મંગળવારે સાંજે સંધ્યાકાળે રાવણ સહિતના ત્રણ પૂતળાનું દહન કરવામાં આવશે. રાવણ



દહનના કાર્યક્રમને લઈને લોકોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આ ભવ્ય પૂતળાઓને આકાર આપવા માટે ઉત્તર ભારત સાંસ્કૃતિક સંઘ દ્વારા આગ્રાથી વિશેષ 22 કારીગરોની કુશળ ટીમને બોલાવવામાં આવી હતી. આ તમામ કારીગરોએ અથાક પરિશ્રમ કરીને માત્ર 3 દિવસની અંદર દિવસ-રાત જોયા વગર આખો રાવણ પરિવાર તૈયાર કરી દીધો છે. આ પૂતળાઓને મજબૂતાઈ અને હળવાશ આપવા માટે વાંસ, લાકડી, મજબૂત રસ્સી અને કાગળનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આશરે 500 માનવ કલાકોની જહેમત બાદ તૈયાર થયેલા આ પૂતળા મકરપુરા જીઆઈડીસીની એક કંપનીમાં સુરક્ષિત રીતે ઘડ, માથા અને પગના સ્વરૂપમાં છૂટા તૈયાર થઈને પડ્યા છે. જેને આજે સાંજે વિશેષ ટ્રેલરમાં ભરીને પોલોગ્રાઉન્ડ ખાતે લાવવામાં આવશે અને ત્યાં તેને ગોઠવવામાં આવશે.

ઉત્તર ભારત સાંસ્કૃતિક સંઘના પ્રમુખ એ.કે. મિશ્રાના જણાવ્યા અનુસાર, આ ત્રણેય પૂતળાના ભવ્ય અને આકર્ષક દહન માટે અંદાજે રૂપિયા 1 લાખની કિંમતના વિસ્ફોટક અને આકર્ષક ફટાકડા ખાસ ભરાવવામાં આવશે. જેમાં સૌથી વધુ રૂ. 40 હજારના ફટાકડા મુખ્ય આકર્ષણ સમાન રાવણના પૂતળામાં ભરાશે, જ્યારે રૂ. 30 - 30 હજારના ફટાકડા કુંભકર્ણ અને મેઘનાદના પૂતળામાં ગોઠવવામાં આવશે. આ ફટાકડાઓ ઉપરાંત પૂતળામાં શુદ્ધ ઘી અને કપૂર પણ રાખવામાં આવશે, જેથી દહનના સમયે પૂતળાનું ઝડપથી અને સુરક્ષિત રીતે પ્રજ્વલન થઈ શકે. દશેરાના મુખ્ય દિવસે આગ્રાથી વિશેષ 5 થી 6 કારીગરો ફરીથી સ્થળ પર આવશે અને આ પૂતળાની અંદર ફટાકડા ભરવાની અને તેને આખરી ઓપ આપવાની મહત્વપૂર્ણ કામગીરી સંભાળશે. પોલોગ્રાઉન્ડ ખાતે યોજાનારા આ ભવ્ય રાવણ દહન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહીને આ પર્વની ઉજવણી કરશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

બાબર આઝમનો વર્લ્ડ રેકોર્ડ, 141 ઈનિંગમાં સૌથી વધુ ODI રન મામલે કોહલીથી પણ આગળ નીકળ્યો

નવી દિલ્હી, તા.19



પાકિસ્તાનનો સ્ટાર બેટ્સમેન બાબર આઝમ શ્રીલંકા સામેની ટ્રાઈ-સીરિઝના પ્રથમ મુકાબલામાં ભલે પોતાની અડધી સદી ચૂકી ગયો હોય, પરંતુ 45 રનની મહત્ત્વપૂર્ણ ઈનિંગ રમીને તેણે વનડે ક્રિકેટમાં એક મોટો વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. બાબર આઝમ હવે વનડે ક્રિકેટ ઈતિહાસમાં પ્રથમ 141 ઈનિંગ્સ પછી સૌથી વધુ રન બનાવનાર વિશ્વનો નંબર-1 બેટ્સમેન બની ગયો છે. તેણે દક્ષિણ આફ્રિકાના પૂર્વ દિગ્ગજ ઓપનર હાસિમ અમલાનો રેકોર્ડ તોડ્યો છે, જ્યારે ભારતીય દિગ્ગજ વિરાટ કોહલી આ યાદીમાં ત્રીજા ક્રમે સરકી ગયો છે.

આ ઈનિંગ સાથે બાબરે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં 16,000 રન પૂરા કરવાનો મોટો માઈલસ્ટોન પણ હાંસલ કર્યો છે અને તેઓ આ સિદ્ધિ મેળવનારા પાકિસ્તાનના માત્ર 5મા બેટ્સમેન બન્યા છે. અગાઉ આ રેકોર્ડ દક્ષિણ આફ્રિકાના હાસિમ અમલાના નામે હતો, જેણે 141 વનડે ઈનિંગ્સમાં 6,626 રન બનાવ્યા હતા. બાબરે શ્રીલંકા સામે 45 રન બનાવીને અમલા કરતાં 45 રન વધુ (કુલ 6,671 રન) પોતાના નામે કર્યા છે.

બાબરે પોતાની 141મી વનડે ઈનિંગ્સ સુધીમાં 53.37 ની શાનદાર સરેરાશ સાથે 20 સદી અને 38 અડધી સદી ફટકારી છે. વિરાટ કોહલી આ યાદીમાં ત્રીજા સ્થાને છે, જેણે 141 ઈનિંગ્સમાં 6,224 રન બનાવ્યા હતા. પ્રારંભિક 141 ઈનિંગ્સની સરખામણીમાં કોહલી ત્રીજા ક્રમે હોવા છતાં, સમગ્ર વનડે ક્રિકેટ ઈતિહાસમાં સૌથી વધુ રન બનાવવાની યાદીમાં વિરાટ કોહલી હાલ 15,109 રન સાથે વિશ્વમાં બીજા ક્રમે અડીખમ છે. કોહલીએ આ રન 305 ઈનિંગ્સમાં 58.78ની સરેરાશ અને 55 સદી (વિશ્વ રેકોર્ડ) સાથે બનાવ્યા છે.

પાકિસ્તાન, શ્રીલંકા અને ઈંગ્લેન્ડ વચ્ચે પાકિસ્તાનમાં રમાઈ રહેલી ટ્રાઈ-સીરિઝના પ્રથમ મુકાબલામાં પાકિસ્તાને શાહીન આફ્રિદીના નેતૃત્વમાં શ્રીલંકાને 37 રને પરાજય આપ્યો છે: પાકિસ્તાને પ્રથમ બેટિંગ કરતાં સલમાન અલી આગાની શાનદાર સદી (90 બોલમાં 10 ચોગ્ગા અને 1 છગ્ગા સાથે 107 રન)ના દમ પર 306 રનનો ટાર્ગેટ આપ્યો હતો.

આગા સિવાય પાકિસ્તાનનો કોઈ બેટ્સમેન 50 રન સુધી પહોંચી શક્યો નહોતો. જવાબમાં પાકિસ્તાની બોલર્સે શાનદાર પ્રદર્શન કરી શ્રીલંકાની ટીમને 268 રનમાં ઓલઆઉટ કરી સીરિઝમાં વિજયી શરૂઆત કરી હતી.

સ્પેનનો એલેઝાન્દ્રો ડેવિડોવિચ શાંઘાઈ માસ્ટર્સમાં ચેમ્પિયન

ફાઇનલમાં પોતાના જ દેશના રાફેલ જોદારને 1-6, 7-6, 6-4થી પરાજય આપ્યો

શાંઘાઈ, તા.19



સ્પેનના એલઝાન્દ્રો ડેવિડોવિચ ફોકિનાએ એક સેસ અને એક બ્રેકથી પાછળ રહ્યા બાદ વાપસી કરતાં પોતાના જ દેશના રાફેલ જોદારને 1-6, 7-6, 6-4થી પરાજય આપી શાંઘાઈ માસ્ટર્સનું ટાઇટલ જીત્યું હતું. આ તેનું આ વર્ષનું ત્રીજું અને તેની કારકિર્દીનું અત્યાર સુધીનું સૌથી મોટું ટાઇટલ છે. ૨૫મા ક્રમાંકિત એલઝાન્દ્રો ડેવિડોવિચ ફોકિનાએ પોતાની કારકિર્દીની પ્રથમ પાંચ ફાઇનલ ગુમાવી ચૂક્યો હતો, જેમાં ૨૦૨૨નો મોન્ટે કાર્લો માસ્ટર્સ પણ સામેલ હતો. આ વર્ષે તે શાંઘાઈ ઓપન સિવાય જૂનમાં મલોરકા અને ગત મહિને ચીનમાં ચેંગડૂ ઓપનમાં ચેમ્પિયન બન્યો હતો. આ બંને ATP 250 ટુર્નામેન્ટ હતી.

૨૦ વર્ષીય સ્પેનિશ ખેલાડી રાફેલ જોદાર જે ૧૨મો ક્રમાંકિત હતો. તે પોતાની કારકિર્દીના પ્રથમ માસ્ટર્સ 1000 ફાઇનલ રમી રહ્યો હતો. પ્રથમ સેટ શાનદાર રીતે જીત્યા બાદ એવું લાગી રહ્યું હતું કે, તે ચેમ્પિયન બની જશે પરંતુ ફોકિનાએ જોરદાર વાપસી કરી હતી. તેણે પોતાની કોર્ટ સ્પીડનો ઉપયોગ કરતાં બીજા સેટમાં ૩-૩ની બરાબરી કરી દીધી હતી. તે પછી બંને વચ્ચે મુકાબલો જામ્યો હતો પરંતુ બીજો સેટ ફોકિનાએ ૭-૬થી જીતી લેતાં મેચ ત્રીજા સેટમાં પહોંચી હતી જ્યાં ત્રીજો સેટ ૬-૪થી જીતી લઈ ટાઇટલ પોતાના નામે કર્યું હતું. મેચ જીત્યા બાદ ફોકિનાએ કહ્યું કે, અત્યારે મારી પાસે કહેવા માટે શબ્દ નથી. મારું મગજ એકદમ ખાલી થઈ ગયું છે. મને ખબર નથી પડતી કે હું શું કહું અને શું અનુભવી રહ્યો છું. બસ એક મોટી રાહત મળી છે.

'દરેક મેચમાં 200 ના સ્ટ્રાઈક રેટની આશા રાખવી એ ભૂલ...' અભિષેક શર્માના ખરાબ ફોર્મ અંગે દિગ્ગજનું નિવેદન

નવી દિલ્હી, તા.19



ભારતીય ક્રિકેટ ટીમનો યુવા વિસ્ફોટક ઓપનર અભિષેક શર્મા વેસ્ટ ઈન્ડિઝ સામેની T20 શ્રેણીની છેલ્લી બે મેચોમાં રન બનાવવા માટે સંઘર્ષ કરતો જોવા મળ્યો હતો. મેદાન પર ઊતરતાં જ પ્રથમ બોલથી મોટા શોટ્સ રમવા માટે જાણીતો અભિષેક પાસેથી ફેન્સ હંમેશાં ચોગ્ગા-છગ્ગાની રમઝટની આશા રાખતા હોય છે. જોકે, આવી આક્રમક શૈલીના કારણે તે સતત દરેક મેચમાં મોટી ઈનિંગ્સ રમી શકતો નથી.

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની પાંચ મેચોની T20I સીરિઝ 2-2ની બરાબરી પર સમાપ્ત થઈ છે (બેંગલુરુ ખાતેની પાંચમી મેચ વરસાદના કારણે રદ્દ થઈ હતી). આ સીરિઝની પાંચ ઈનિંગ્સમાં અભિષેકે કુલ 145 રન બનાવ્યા હતા, જેમાં ઈન્દોર ખાતે રમેલી 69 રનની અડધી સદી સામેલ હતી. અગાઉ અફઘાનિસ્તાન સામેની શ્રેણીમાં એક સદી સાથે 229 રન ફટકારનાર અભિષેકનું આ પ્રદર્શન તેમના પોતાના ઊંચા સ્ટાન્ડર્ડ કરતાં થોડું નીચે રહ્યું હતું.

બેંગલુરુ મુકાબલા બાદ પૂર્વ ભારતીય ઓપનર અને ક્રિકેટ એક્સપર્ટ આકાશ ચોપડાએ જિયોસ્ટાર પર વાત કરતાં અભિષેક શર્માના ફોર્મનો બચાવ કર્યો હતો અને સ્પષ્ટ અભિપ્રાય આપ્યો હતો. 200ના સ્ટ્રાઈક રેટનો ભ્રમ: આકાશ ચોપડાએ ભારપૂર્વક કહ્યું કે, 'જે ખેલાડી હંમેશાં 200ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરવાનો પ્રયાસ કરે છે, તેના માટે દરેક મેચમાં સફળ થવું શક્ય નથી. જે કોઈ પણ 200ના સ્ટ્રાઈક રેટથી રમે છે, તેની કેટલીક મેચો આવી ખરાબ જવાની જ છે. તે સતત રન બનાવતો જ રહેશે એ વિચારવું આપણી મોટી ગેરસમજ અને ભૂલ છે.'

ગેમપ્લેનો હિસ્સો: આકાશ ચોપડાએ ઉમેર્યું કે અભિષેક જે પ્રકારની નિર્ભય અને આક્રમક ક્રિકેટ રમે છે, તેમાં આવો ઉતાર-ચઢાવ રમતનો એક સ્વાભાવિક હિસ્સો છે. દરેક સીરિઝમાં એક બેટ્સમેનના રન એકસરખા ન હોઈ શકે. છેલ્લી મેચોમાં તેમને પૂરતી સ્ટ્રાઈક પણ નહોતી મળી અને તેઓ થોડા અસહજ જણાયા હતા, પરંતુ તેમના ટેલેન્ટ પર શંકા કરવી યોગ્ય નથી.

ભારતે બીજી ટી-20માં ઝિમ્બાબ્વેને 9 વિકેટે હરાવ્યું

ઝિમ્બાબ્વે 102/8, 104/1 (8.5 ઓવર) મંધાના-શેફાલી વર્માની તોફાની બેટિંગ

રાયપુર, તા.19



ભારતીય મહિલા ક્રિકેટ ટીમે બોલિંગમાં શાનદાર પ્રદર્શન બાદ કેપ્ટન સ્મૃતિ મંધાના અને શેફાલી વર્મા વચ્ચે નોંધાયેલી ૯૬ રનની ભાગીદારીની મદદથી ઝિમ્બાબ્વેની મહિલા ક્રિકેટ ટીમને ૯ વિકેટે સજ્જડ પરાજય આપી ત્રણ મેચની સિરીઝમાં ૨-૦ની અજેય લીડ મેળવી લીધી છે. ઝિમ્બાબ્વેએ પ્રથમ બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવી ૧૦૨ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ભારતે શેફાલી વર્માના ૫૫ રન અને સ્મૃતિ મંધાનાના અણનમ ૪૭ રનની મદદથી માત્ર ૮.૫ ઓવરમાં એક વિકેટ ગુમાવી જીત મેળવી લીધી હતી.

પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઝિમ્બાબ્વેની ટીમ ભારતીય બોલર્સ સામે સંઘર્ષ કરતી જોવા મળી હતી. તરફથી ચિપો મુગેરી તિરિપાનોએ સર્વાધિક ૩૪ રન બનાવ્યા હતા જ્યારે કેપ્ટન જોસેફિન એન્કોમો ૨૭ રન બનાવી અણનમ રહી હતી. જ્યારે બાકીની ખેલાડીઓ ડબલ ફિગરે પહોંચી શકી નહોતી. ત્રણ ખેલાડીઓ તો ખાતું પણ ખોલાવી શકી નહોતી. ભારત તરફથી નિકી પ્રસાદે બે જ્યારે ક્રાન્તી ગૌડ, નંદિની શર્મા, દીપ્તિ શર્મા અને શ્રી ચારીણીએ ૧-૧ વિકેટ ઝડપી હતી. બે ખેલાડીઓ રન આઉટ થઈ હતી. ૧૦૩ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની ઓપનર મંધાના અને શેફાલી વર્માએ તોફાની બેટિંગ શરૂ કરતાં પાવર પ્લેમાં વિના વિકેટે ૭૬ રન બનાવી લીધા હતા. બંનેએ આક્રમક બેટિંગ કરતાં ૪૭ બોલમાં ૯૬ રનની ભાગીદારી નોંધાવી હતી. શેફાલી વર્મા ૨૫ બોલમાં ૫૫ રન બનાવી આઉટ થઈ હતી. તેણે ૬ ચોગ્ગા અને ૪ છગ્ગા ફટકાર્યા હતા. જ્યારે સ્મૃતિ મંધાના ૨૫ બોલમાં અણનમ ૪૭ રન બનાવી ભારતને ૮.૫ ઓવરમાં ૯ વિકેટે વિજય અપાવ્યો હતો. મંધાનાએ ૬ ચોગ્ગા અને બે છગ્ગા ફટકાર્યા હતા.

હરમનપ્રીત કૌરે કેપ્ટનપદ છોડ્યા બાદ ભારતીય મહિલા ક્રિકેટ ટીમ સ્મૃતિ મંધાનાની કેપ્ટનશિપમાં પ્રથમ સિરીઝમાં ઉતરી હતી. આ સાથે મંધાનાએ કેપ્ટન તરીકે ઝિમ્બાબ્વે સામેની સિરીઝ પોતાના નામે કરી લીધી છે. સિરીઝની ત્રીજી અને અંતિમ મેચ આગામી ૨૦મી ઓક્ટોબરે રાયપુર ખાતે રમાશે. આ મેચમાં પણ ભારતની નજર વિજય મેળવી ઝિમ્બાબ્વેનો વ્હાઇટવોશ કરવા પર રહેશે.

ટાઈગર શ્રોફ પર હુમલો કરીને બિશ્નોઈ ગેંગે આપી ખુલ્લી ધમકી

મુંબઈ, તા.19



બોલિવૂડ પર ફરી એકવાર અંડરવર્લ્ડ અને ગેંગસ્ટરોનો કાળો પડછાયો ઘેરાઈ રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી લોરેન્સ બિશ્નોઈ ગેંગનું નામ વારંવાર ચર્ચામાં આવી રહ્યું છે. પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની ઘાતકી હત્યાથી લઈને સલમાન ખાનના ઘર પર ગોળીબાર સુધી આ ગેંગે પોતાનો આતંક ફેલાવ્યો છે. સેલિબ્રિટીઓને નિશાન બનાવીને લોકોમાં ભય ઊભો કરવો એ આ ગેંગનો ઉદ્દેશ્ય બની ગયો છે. રવિવાર, 18 ઓક્ટોબરના રોજ બોલિવૂડના એક્શન સ્ટાર ટાઈગર શ્રોફ પર પણ હુમલો થયો છે. આવો જાણીએ કે આ ગેંગે ક્યારે અને કોને પોતાનો શિકાર બનાવ્યા છે.

18 ઓક્ટોબર 2026, રવિવારના રોજ મુંબઈના જુહુમાં ફૂટબોલ મેચ રમીને પરત ફરી રહેલા અભિનેતા ટાઈગર શ્રોફની કાર પર 3 બાઈક સવારોએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. કાર પર લગભગ 7 ગોળીઓ વાગી. સદનસીબે આ હુમલામાં ટાઈગર શ્રોફ બચી ગયો, પરંતુ તેના ડ્રાઈવર ફિરદૌસના ડાબા હાથમાં ગોળી વાગી અને એક ઓટો ડ્રાઈવર ચૌહાણ પણ ઘાયલ થયા. ટાઈગર શ્રોફ જાતે જ ઘાયલોને હોસ્પિટલ લઈ ગયો હતો.

આ હુમલાની જવાબદારી બિશ્નોઈ ગેંગના અનિલ પંડિત (જે પોતાને લોરેન્સનો નાનો ભાઈ ગણાવે છે) અને હરમન સંધુએ ફેસબુક પોસ્ટ દ્વારા લીધી છે. અનિલ પંડિતે એક ઓડિયો મેસેજ પણ જાહેર કર્યો છે, જેમાં તેણે સલમાન ખાનને લોરેન્સ બિશ્નોઈ અને બિશ્નોઈ સમાજની માફી માંગવા કહ્યું છે. તેણે ધમકી આપી છે કે જો સલમાન માફી નહીં માંગે તો તેના આખા પરિવારને ખતમ કરી દેવામાં આવશે. આ ગેંગે ચેતવણી આપી છે કે ટાઈગરે સલમાન સાથે કામ કરવાની ના પાડી ન હતી એટલે તેને પાઠ ભણાવવામાં આવ્યો. મુંબઈ પોલીસે આ ઘટનાની તપાસ માટે 15 વિશેષ ટીમો બનાવી છે.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ તેમજ નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કડક કાર્યવાહીનો આદેશ આપ્યો છે.

ફિરદૌસના ડાબા હાથમાં ગોળી વાગી અને એક ઓટો ડ્રાઈવર ચૌહાણ પણ ઘાયલ થયો. ટાઈગર શ્રોફ જાતે જ ઘાયલોને હોસ્પિટલ લઈ ગયો હતો. સલમાન ખાન વર્ષ 2018થી આ ગેંગના નિશાના પર છે. 1998ના કાળિયાર હરણ શિકાર કેસમાં સલમાનનું નામ આવ્યું હતું. બિશ્નોઈ સમાજ હરણને પવિત્ર માનીને તેની પૂજા કરે છે. આ કેસમાં સલમાનને જોધપુરની ટ્રાયલ કોર્ટે 5 વર્ષની સજા પણ ફટકારી હતી, જેને પાછળથી ઉપલી અદાલતે રોકી દીધી હતી અને સલમાનને જામીન આપ્યા હતા. આ જ કારણે લોરેન્સ બિશ્નોઈએ સલમાનને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અગાઉ ગેંગના સભ્ય સંપત નેહરાએ સલમાનના પનવેલ ખાતેના ફાર્મહાઉસ પર હુમલો કરવા માટે રેકી પણ કરી હતી. 14 એપ્રિલ, 2024ના રોજ વહેલી સવારે 4:50થી 5:00 વાગ્યાની વચ્ચે બાંદ્રામાં આવેલા સલમાનના 'ગેલેક્સી એપાર્ટમેન્ટ'ની બહાર બાઇક પર આવેલા બે હુમલાખોરોએ ફાયરિંગ કર્યું હતું. આ હુમલો લોરેન્સ અને તેના ભાઈ અનમોલ બિશ્નોઈના ઈશારે કરવામાં આવ્યો હતો. ફિલ્મ 'ધુરંધર'ની સફળતા બાદ અભિનેતા રણવીર સિંહ પણ ગેંગસ્ટરોના રડાર પર આવી ગયો છે. રણવીરને બિશ્નોઈ ગેંગ તરફથી 10 કરોડ રૂપિયાની ખંડણી માંગતો ધમકીભર્યો મેસેજ મળ્યો હતો. ગેંગે ચેતવણી આપી હતી કે જો તે તેની વાત નહીં માને તો તેના આખા સ્ટાફને નુકસાન પહોંચાડવામાં આવશે. બોલિવૂડ ડિરેક્ટર રોહિત શેટ્ટીના જુહુ સ્થિત ઘર 'શેટ્ટી ટાવર' પર 1 ફેબ્રુઆરી, 2026ના રોજ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. બિશ્નોઈ ગેંગના ગેંગસ્ટર શુભમ લોંકરે સોશિયલ મીડિયા પર આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. બિશ્નોઈ ગેંગે જૂન મહિનામાં એક ઓડિયો ક્લિપ દ્વારા રોહિત શેટ્ટી પાસે 20 કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી અને ધમકી આપી હતી કે જો પૈસા નહીં મળે તો સીધો હુમલો કરવામાં આવશે. રોહિત શેટ્ટીના ઘરે ગોળીબાર કરનાર દીપક શર્મા નામના શૂટરને પોલીસે આગ્રાથી પકડી લીધો છે. વર્ષ 2022માં પંજાબી મ્યુઝિક ઈન્ડસ્ટ્રીના સુપરસ્ટાર સિદ્ધુ મૂસેવાલાની તેમની SUV કારમાં મુસાફરી કરતી વખતે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાએ આખા દેશને હચમચાવી દીધો હતો. લોરેન્સ બિશ્નોઈના નજીકના સાથીદાર અને કેનેડામાં રહેતા ગેંગસ્ટર ગોલ્ડી બ્રારે આ હત્યાની જવાબદારી સ્વીકારી હતી.

'લોરેન્સ બિશ્નોઈની માફી માંગ, નહીંતર કોઈ નહીં બચે', ટાઈગર પર હુમલા બાદ સલમાન ખાનને ધમકી

મુંબઈ, તા.19



અભિનેતા ટાઈગર શ્રોફની કાર પર થયેલા ફાયરિંગની જવાબદારી સ્વીકારનારા અનિલ પંડિતની એક ઓડિયો ક્લિપ સામે આવી છે. મુંબઈ ક્રાઈમ બ્રાંચ દ્વારા શેર કરવામાં આવેલા આ ઓડિયોમાં અનિલ પંડિતે બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનને સીધી ધમકી આપી છે અને જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ તેમજ બિશ્નોઈ સમાજની માફી માંગવા કહ્યું છે. વાઈરલ થયેલા ઓડિયોમાં અનિલ પંડિતે કહ્યું છે કે, 'સલમાન ખાન, ધ્યાનથી સાંભળી લે. જો તું મારા મોટા ભાઈ લોરેન્સ બિશ્નોઈ અને બિશ્નોઈ સમાજની માફી નહીં માંગે, તો અમે તારા ઘરમાં એક કૂતરાને પણ નહીં છોડીએ. અમે તારા સમગ્ર પરિવારને બરબાદ કરી દઈશું. એવું ન વિચારતો કે તું સુરક્ષામાં છે એટલે તારું કંઈ નહીં થાય.' મુંબઈના જુહૂ વિસ્તારમાં આવેલી પુષ્પા નરસી પાર્ક (જામનાબાઈ નર્સરી) પાસે રવિવારે સાંજે લગભગ 7 વાગ્યે આ ઘટના બની હતી. ટાઈગર શ્રોફ બહાર નીકળી રહ્યો હતો ત્યારે બાઈક પર આવેલા 3 હુમલાખોરોમાંથી 2 લોકોએ તેમની બીએમડબ્લ્યુ કાર પર ફાયરિંગ કર્યું હતું, જ્યારે ત્રીજો વ્યક્તિ બાઈક પર ભાગવામાં મદદ કરવા ઊભો હતો. હુમલાખોરોએ અંદાજે 7 રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

આ હુમલામાં ટાઈગર શ્રોફ ગોળી વાગવાથી બચી ગયો હતો, જોકે કારના કાચ તૂટવાના કારણે તેને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. તેના ડ્રાઈવર ફિરદોસના ડાબા હાથમાં ગોળી વાગી છે, જ્યારે એક રાહદારી પણ ઈજાગ્રસ્ત થયો છે.

ઘટના બાદ અનિલ પંડિત અને હરમાન સંધૂ નામના વ્યક્તિએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. તેણે દાવો કર્યો હતો કે ટાઈગર શ્રોફને સલમાન ખાન સાથે કામ ન કરવા માટે પહેલા ચેતવણી આપવામાં આવી હતી, પરંતુ તેણે આ વાતને અવગણી હતી. પોસ્ટમાં એવું પણ લખવામાં આવ્યું હતું કે, 'મુંબઈ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જે કોઈ અમારું નહીં સાંભળે અથવા સલમાન ખાન સાથે કામ કરશે, આગામી નંબર તેનો હશે.' મુંબઈ પોલીસે આ સોશિયલ મીડિયા પોસ્ટ અને ઓડિયો ક્લિપની સત્યતા તપાસવાનું શરૂ કરી દીધું છે. ક્રાઈમ બ્રાંચ સહિત પોલીસની 15 અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે. પોલીસ સીસીટીવી ફુટેજ અને ફોરેન્સિક પુરાવાઓની મદદથી હુમલાખોરોની શોધખોળ કરી રહી છે.

ઈમરાન ખાનને દેશ છોડવાની નોટિસ મળતાં આમિર ખાન રાજ ઠાકરેને મળવા પહોંચ્યો, રાજકીય હિલચાલ વધી

મુંબઈ, તા.19



અભિનેતા ઈમરાન ખાનને ફોરેનર્સ રીજિયોનલ રજિસ્ટ્રેશન ઓફિસ (FRRO) દ્વારા 28 ઓક્ટોબર સુધીમાં ભારત છોડવાની નોટિસ આપવામાં આવી છે. આ રાજકીય અને વહીવટી ગરમાવા વચ્ચે ઈમરાનના મામા અને બોલિવૂડ અભિનેતા આમિર ખાને રવિવારે દાદર સ્થિત એમએનએસ (MNS) પ્રમુખ રાજ ઠાકરેના નિવાસસ્થાને જઈને તેમની મુલાકાત લીધી હતી. આ મુલાકાતને કારણે રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. સમગ્ર વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે ગત 10 ઓક્ટોબરે મુંબઈ શહેરમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે વિરોધ પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શન સ્થળ પરથી અમેરિકન નાગરિકતા ધરાવતા ઈમરાન ખાનની અટકાયત કરવામાં આવી હતી. આ ઘટના બાદ વહીવટી તંત્ર દ્વારા તેમને 28 ઓક્ટોબર સુધીમાં દેશ છોડી દેવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

ઈમરાન ખાને મુંબઈ સ્થિત FRRO દ્વારા જાહેર કરવામાં આવેલી આ નોટિસને બોમ્બે હાઈકોર્ટમાં પડકારી છે. પોતાની અરજીમાં તેમણે આ નોટિસને મનસ્વી, ગેરવાજબી અને કાયદાકીય રીતે સંપૂર્ણ ખોટી ગણાવી છે. તેમણે દાવો કર્યો છે કે સુનાવણીની કોઈ તક આપ્યા વિના જ આ નોટિસ ફટકારવામાં આવી છે, જે ભારતીય બંધારણના અનુચ્છેદ 14 (સમાનતાનો અધિકાર) અને અનુચ્છેદ 21 (જીવન જીવવાનો અધિકાર) હેઠળ મળેલા મૂળભૂત અધિકારોનું સીધું ઉલ્લંઘન છે. આ ઉપરાંત, FRRO દ્વારા ઈમરાન ખાનને વધુ એક કારણ દર્શાવો નોટિસ આપવામાં આવી છે. આ નોટિસમાં તેમને પૂછવામાં આવ્યું છે કે તેમનું 'ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા' (OCI) રજિસ્ટ્રેશન શા માટે રદ કરવામાં ન આવે. જોકે, તંત્રે નોટિસમાં એ બાબતનો સ્વીકાર પણ કર્યો છે કે માત્ર વિરોધ પ્રદર્શનમાં સામેલ થવું, અટકાયત થવી કે એફઆઈઆર નોંધાવવી એ ગુનાનો આખરી કે નિર્ણાયક પુરાવો ગણાતો નથી. તેથી આવી બાબતોના આધારે સીધેસીધું OCI કાર્ડ રદ કરી શકાય નહીં.

75 વર્ષની વયે બોક્સ ઓફિસ પર રજનીકાંતનો જાદુ! 'જેલર 2'એ 'ધુરંધર 2'નો રેકોર્ડ તોડ્યો, બોલિવૂડ ચોંક્યું

મુંબઈ, તા.19



તમિલ સિનેમાના 'થલાઈવા' સુપરસ્ટાર રજનીકાંત 75 વર્ષની ઉંમરમાં પણ ઘણા મોટા સ્ટાર્સને માત આપી રહ્યા છે. તાજેતરમાં આવેલી તેમની ફિલ્મ 'જેલર 2' પણ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. કમાણીના મામલામાં આ ફિલ્મ આ વર્ષે સાઉથ સિનેમાની સૌથી મોટી ફિલ્મ સાબિત થઈ રહી છે. રજનીકાંતે પહેલા સપ્તાહના અંતે જ બોલિવૂડની સૌથી મોટી ફિલ્મ 'ધુરંધર 2'નો રેકોર્ડ તોડી નાખ્યો છે.

સુપરસ્ટાર રજનીકાંતની ફિલ્મ જેલર 2 એ રિલીઝના માત્ર 4 દિવસમાં બોક્સ ઓફિસ પર વર્લ્ડવાઈડ 400 કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લીધો છે. રવિવારે ફિલ્મની કમાણીમાં સારો ઉછાળો જોવા મળ્યો. નેલ્સન દિલીપકુમારના દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્મે અત્યાર સુધી દુનિયાભરમાં લગભગ 424.25 કરોડ રૂપિયાનું કલેક્શન કરી લીધું છે.

સૈકનિલ્કના રિપોર્ટ પ્રમાણે જેલર 2 એ તેના ચોથા દિવસે એટલે કે રવિવારે, ભારતમાં 55.85 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું. આની સાથે જ ભારતમાં ફિલ્મની કુલ નેટ કમાણી 199.90 કરોડ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે ગ્રોસ કલેક્શન 234.25 કરોડ રૂપિયા છે, જ્યારે વિદેશોથી તેણે લગભગ 190 કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ પ્રકારે ફિલ્મનું વર્લ્ડવાઈડ ગ્રોસ કલેક્શન 424.25 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે.

રવિવારની કમાણી શનિવારની સરખામણીમાં 18.2% વધુ રહી. ફિલ્મે પહેલા દિવસે 59.70 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. ત્યારબાદ શુક્રવારે કમાણી ઘટીને 37.10 કરોડ રૂપિયા રહી ગઈ, પરંતુ શનિવાર અને રવિવારે ફિલ્મે ફરી રફતાર પકડી લીધી.

ફિલ્મે વિદેશોમાં કમાણીના મામલામાં રણવીર સિંહની ધુરંધર 2: ધ રિવેન્જ ને પણ પાછળ છોડી દીધી છે. વર્ષ 2026માં રિલીઝ થયેલી ભારતીય ફિલ્મોમાં જેલર 2 વિદેશોમાં સૌથી મોટી ઓપનિંગ કરનારી ફિલ્મ બની ગઈ છે. જેલર 2 એ પહેલા દિવસે વિદેશી બોક્સ ઓફિસ પર લગભગ 57 કરોડ રૂપિયાની કમાણી કરી હતી, જ્યારે 'ધુરંધર 2'ની કમાણી 52 કરોડ રૂપિયા હતી.

જોકે 'ધુરંધર 2'એ વિદેશોમાં આગળ પણ સારું પ્રદર્શન કર્યું હતું. ફિલ્મે નોર્થ અમેરિકામાં 25 મિલિયન ડોલર એટલે કે લગભગ 240 કરોડથી વધુની કમાણી કરી અને ત્યાં બાહુબલી 2નો રેકોર્ડ પણ પાછળ છોડી દીધો હતો. હવે જેલર 2ની સામે પડકાર એ છે કે તે શરૂઆતી સપ્તાહના અંત પછી પણ વર્લ્ડવાઈડ પોતાની કમાણીની રફતાર જાળવી રાખી શકે છે કે નહીં.

શેરબજારમાં કડાકો, સેન્સેક્સ 1000 પોઈન્ટ ગગડ્યો, નિફ્ટી 22,850ની સપાટીએ

મુંબઈ, તા.19

સપ્તાહના પ્રથમ કારોબારી દિવસે 19 ઓક્ટોબરે ભારતીય શેરબજારમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ લગભગ 1000 પોઈન્ટના ઘટાડા સાથે 73,800ના સ્તરે કારોબાર કરી રહ્યો હતો, જ્યારે નિફ્ટીમાં પણ આશરે 300 પોઈન્ટનો ઘટાડો નોંધાતાં તે 22,850ની સપાટીએ આવી ગયો હતો. બજારમાં ખાસ કરીને આઈટી, ખાનગી બેંકો અને એફએમસીજી ક્ષેત્રના શેરોમાં ભારે વેચવાલી જોવા મળી હતી. વૈશ્વિક બજારોમાંથી મળતા નબળા સંકેતો, બેંકિંગ ક્ષેત્રના શેરોમાં ઘટાડો અને ક્રૂડ ઓઈલના ઊંચા ભાવને કારણે રોકાણકારોનો વિશ્વાસ ડગમગ્યો હતો. પરિણામે બજારમાં ખરીદીનો ઉત્સાહ નબળો પડ્યો હતો અને વેચવાલીનું દબાણ વધ્યું હતું.

શેરબજારમાં ઘટાડાનું એક મહત્ત્વનું કારણ HDFC બેંકનાં ત્રિમાસિક પરિણામો અને તેની કમાણી અંગે ઊભી થયેલી ચિંતા છે. બેંકના નફામાં અપેક્ષા કરતાં નબળા દેખાવ અને નેટ ઈન્ટરેસ્ટ માર્જિન એટલે કે બેંકની વ્યાજની આવક અને ખર્ચ વચ્ચેના તફાવત પર દબાણને કારણે રોકાણકારોએ બેંકના શેરોમાં વેચવાલી કરી હતી. HDFC બેંક દેશની અગ્રણી ખાનગી બેંકોમાં સામેલ હોવાથી તેના શેરમાં થતી હિલચાલની અસર સમગ્ર બેંકિંગ ક્ષેત્રના સેન્ટિમેન્ટ પર પડી શકે છે. આથી બેંકના શેરોમાં ઘટાડા સાથે અન્ય ખાનગી બેંકોના શેરોમાં પણ વેચવાલીનું દબાણ વધ્યું હતું. બેંકિંગ શેરો બજારના મુખ્ય સૂચકાંકોમાં નોંધપાત્ર વજન ધરાવતા હોવાથી તેની નબળાઈએ સેન્સેક્સ અને નિફ્ટી પર પણ અસર કરી હતી.

ભારતીય શેરબજાર પર વૈશ્વિક બજારોના નબળા સંકેતોની પણ અસર જોવા મળી હતી. અમેરિકા અને એશિયાના કેટલાક બજારોમાં ટેક્નોલોજી કંપનીઓના શેરોમાં વેચવાલી થતાં રોકાણકારોમાં સાવચેતી વધી હતી. ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે AI ક્ષેત્રની કંપનીઓના શેરોમાં ઘટાડાને કારણે ટેક્નોલોજી શેરો અંગેની ચિંતા વધી હતી. વિદેશી બજારોમાં અનિશ્ચિતતા વધતાં ભારતીય બજારમાં પણ રોકાણકારોએ જોખમ લેવાનું ટાળ્યું હતું. આઈટી શેરોમાં વેચવાલી વધતાં બજાર પર વધારાનું દબાણ સર્જાયું હતું. ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો પણ બજાર માટે ચિંતાનો



વિષય બન્યો છે. વૈશ્વિક તણાવ વચ્ચે કાચા તેલના ભાવ પ્રતિ બેરલ 108 ડૉલરથી ઉપર રહેતાં ભારત જેવા મોટા તેલ આયાતકાર દેશ માટે ખર્ચ વધવાની આશંકા ઊભી થઈ છે. ક્રૂડ ઓઈલ મોંઘું થવાથી દેશના આયાત બિલમાં વધારો થઈ શકે છે અને મોંઘવારી પર દબાણ સર્જાઈ શકે છે. તેની સાથે પરિવહન, ઉત્પાદન અને અન્ય ઔદ્યોગિક ખર્ચમાં પણ વધારો થવાની શક્યતા રહે છે. જો કંપનીઓના ખર્ચમાં વધારો થાય અને તે ગ્રાહકો પર સંપૂર્ણ રીતે પસાર કરી ન શકે, તો તેમના નફા પર અસર પડી શકે છે. આ આશંકાને કારણે રોકાણકારો ખાસ કરીને ખર્ચ અને માંગ પ્રત્યે સંવેદનશીલ ક્ષેત્રોના શેરોમાં સાવચેતી રાખી રહ્યા છે.

બજારમાં વધતી અનિશ્ચિતતાનો સંકેત ઈન્ડિયા વોલેટિલિટી ઈન્ડેક્સ એટલે કે ઈન્ડિયા વિક્સમાં જોવા મળ્યો હતો. આ ઈન્ડેક્સમાં લગભગ 4 ટકાનો વધારો નોંધાયો હતો. વિક્સ ઈન્ડેક્સમાં વધારો સામાન્ય રીતે બજારમાં આગામી દિવસોમાં ઉતાર-ચઢાવ અંગે રોકાણકારોની ચિંતા વધતી હોવાનો સંકેત આપે છે. જોકે, તે બજાર ચોક્કસ ઘટશે તેની ખાતરી આપતો નથી, પરંતુ અનિશ્ચિતતાનું સ્તર દર્શાવે છે. હાલ વૈશ્વિક બજારોની સ્થિતિ, ક્રૂડ ઓઈલના ભાવ અને કંપનીઓનાં પરિણામોને ધ્યાનમાં રાખીને રોકાણકારો સાવચેતીભર્યું વલણ અપનાવી રહ્યા છે.

એશિયાઈ બજારોમાં પણ એકસરખી દિશા જોવા મળી નહોતી. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 40 પોઈન્ટ એટલે કે 0.52 ટકા વધીને 5,677ની સપાટીએ પહોંચ્યો હતો. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 124 પોઈન્ટ એટલે કે 0.52 ટકા વધીને 24,187 પર કારોબાર કરતો હતો. બીજી તરફ જાપાનના નિક્કેઈ ઈન્ડેક્સમાં 790 પોઈન્ટ એટલે કે 1.21 ટકાનો ઘટાડો નોંધાયો હતો અને તે 64,534ની સપાટીએ રહ્યો હતો. એશિયાઈ બજારોના આ મિશ્ર વલણ વચ્ચે ભારતીય બજારમાં ઘટાડાનું દબાણ વધુ સ્પષ્ટ જોવા મળ્યું હતું. અમેરિકન બજારોમાં અગાઉના કારોબારી સત્ર દરમિયાન પણ નબળાઈ નોંધાઈ હતી. 16 ઓક્ટોબરે ડાઉ જોન્સ 175 પોઈન્ટ એટલે કે 0.34 ટકા ઘટીને 52,002 પર બંધ થયો હતો. નૈસ્ડેકમાં 573 પોઈન્ટ એટલે કે 2.14 ટકાનો મોટો ઘટાડો નોંધાયો હતો અને તે 26,140ની સપાટીએ બંધ થયો હતો. જ્યારે S&P 500 ઈન્ડેક્સ 85 પોઈન્ટ એટલે કે 1.09 ટકા ઘટીને 7,659 પર રહ્યો હતો. ખાસ કરીને નૈસ્ડેકમાં ઘટાડો ટેક્નોલોજી શેરોમાં વેચવાલીનું દબાણ દર્શાવે છે. અમેરિકન બજારોની આ નબળાઈની અસર વૈશ્વિક રોકાણકારોના સેન્ટિમેન્ટ પર પડી હતી. વિદેશી સંસ્થાકીય રોકાણકારો એટલે કે FII/FPIની વેચવાલી પણ ભારતીય બજાર માટે ચિંતાજનક પરિબળ બની રહી છે. ઉપલબ્ધ આંકડા મુજબ, છેલ્લા સાત દિવસમાં વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાંથી ચોખ્ખા ધોરણે આશરે રૂ. 7,282 કરોડના શેર વેચ્યા છે. છેલ્લા 30 દિવસમાં તેમનું ચોખ્ખું વેચાણ રૂ. 85,741 કરોડ સુધી પહોંચ્યું હોવાનું દર્શાવવામાં આવ્યું છે. બીજી તરફ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો એટલે કે DIIએ છેલ્લા 30 દિવસમાં ચોખ્ખી રૂ. 87,980 કરોડની ખરીદી કરી છે. જોકે, છેલ્લા સાત દિવસમાં DIIની ચોખ્ખી ખરીદી રૂ. 4,768 કરોડ રહી હતી.

દશેરા પહેલાં SBIના ગ્રાહકોને ઝટકો!: સ્ટેટ બેંકે હોમ લોનના વ્યાજમાં 25 બેસિસ પોઈન્ટનો વધારો કર્યો

નવી દિલ્હી, તા.19

ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા રેપો રેટમાં વધારા બાદ હવે SBIએ હોમ લોનના વ્યાજમાં વધારો કરવાની જાહેરાત કરી છે. SBIએ હોમ લોનના વ્યાજમાં 25 બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે, જેનો અર્થ છે કે હવે તમારે વધુ પૈસા ચૂકવવા પડશે. હવે તમારી લોનની મુદત વધી શકે છે અથવા તમારી હોમ લોનની માસિક હપ્તાની રકમ પણ વધી શકે છે. જોકે, આ વ્યાજ તમામ પ્રકારની લોન પર લાગુ નહીં થાય, કારણ કે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ તેના એક્સટર્નલ બેન્ચમાર્ક લિંક્ડ રેટ (EBLR) અને રેપો લિંક્ડ લેન્ડિંગ રેટ (RLLR)માં વધારો કર્યો છે. તેથી આ બેન્ચમાર્ક સાથે જોડાયેલી લોન ધરાવતા ગ્રાહકો માટે હપ્તા વધશે. એસબીઆઈના સુધારેલા EBLR-લિંક્ડ વ્યાજદર 15 ઓક્ટોબર, 2026થી અમલમાં આવી ગયા છે.



તેની અસર બાકી મૂળ રકમ, લાગુ પડતા વ્યાજદર અને બાકી રહેલી મુદત પર નિર્ભર રહેશે. માત્ર 0.25 ટકાના નજીવા વધારાથી પણ લાંબા ગાળાની લોનની મુદતમાં ચુકવણીનો બોજ વધી શકે છે, તેથી લોન લેનાર વ્યક્તિ માટે પોતાની લોનની ગણતરી કરવી ખૂબ જરૂરી છે.

નિયમિત હોમ લોન પર વ્યાજદર હવે 7.50%થી 8.80%ની વચ્ચે છે, જ્યારે હોમ લોન મેક્સગેઈનના દરો 8%થી 9.30%ની વચ્ચે છે. ટોપ-અપ લોન પર વ્યાજદર 8%થી 10.75%ની વચ્ચે છે, જ્યારે ટોપ-અપ ઓવરડ્રાફ્ટ લોનના દરો 8.50%થી 11.25%ની વચ્ચે છે.

બેંકબઝાર અનુસાર, 25 બેસિસ પોઈન્ટનો વધારો 30 લાખથી 1 કરોડ રૂપિયા સુધીની બાકી હોમ લોનને કેવી રીતે અસર કરી શકે છે. આ ગણતરી એ ધારણા પર આધારિત છે કે વ્યાજદર 8 ટકાથી વધીને 8.25 ટકા થઈ જાય છે અને બાકી રહેલી મુદત 20 વર્ષ છે.

જો કોઈ લોન લેનારની બાકી લોન 50 લાખ રૂપિયા હોય, તો બાકી મુદતમાં કોઈ ફેરફાર ન થાય ત્યારે માસિક EMIમાં આશરે 781 રૂપિયાનો વધારો થશે. 1 કરોડ રૂપિયાની લોન માટે આ વધારો દર મહિને આશરે 1,563 રૂપિયા થશે. આ ગણતરી 20 વર્ષની મુદત અને 8 ટકાના વ્યાજદર પર આધારિત છે.

વ્યાજદર વધે ત્યારે લોન લેનારને બેંકની શરતોને આધીન, પોતાની હાલની EMI જાળવી રાખીને ચુકવણીની મુદત વધારવાનો વિકલ્પ આપવામાં આવી શકે છે. વૈકલ્પિક રીતે, તેઓ બાકી રહેલી મુદતને યથાવત રાખીને પોતાની EMI વધારી શકે છે. માસિક હપ્તો સ્થિર રાખવાથી માસિક રોકડ પ્રવાહમાં તાત્કાલિક રાહત મળી શકે છે, પરંતુ લાંબી ચુકવણીની મુદતનો સામાન્ય રીતે અર્થ એ થાય છે કે વધુ મહિનાઓ સુધી વ્યાજ ચૂકવવું પડશે. જો તમે તે ચૂકવી શકો, તો હપ્તો વધારવાથી વધારાના વ્યાજના ખર્ચને મર્યાદિત કરવામાં મદદ મળી શકે છે.

લોન લેનારાઓએ નિર્ણય લેતા પહેલાં પોતાની માસિક આવક, જરૂરી ખર્ચ, કટોકટીની બચત અને અન્ય લોનની જવાબદારીઓનું મૂલ્યાંકન કરવું જોઈએ. જેમની પાસે પૂરતી નાણાકીય સુગમતા છે તેઓ વધુ EMI પર વિચાર કરી શકે છે, જ્યારે રોકડની તંગીનો સામનો કરી રહેલા લોન લેનારાઓએ SBI પાસેથી ઉપલબ્ધ વિકલ્પો અંગે ચર્ચા કરવી જોઈએ.

ઝેરોધાએ અમેરિકન શેરોમાં ટ્રેડિંગની સુવિધા શરૂ કરી: પસંદગીના ગ્રાહકોને એક્સેસ મળ્યો, આખો શેર ખરીદવાની જરૂર નથી

નવી દિલ્હી, તા.19

ઝેરોધાએ પોતાના કાઈટ એપ પર પસંદગીના ભારતીય યુઝર્સ માટે અમેરિકન શેરબજારમાં રોકાણ કરવાની સુવિધા શરૂ કરી છે. આ સર્વિસ હાલમાં ટેસ્ટિંગમાં છે. તેના દ્વારા રોકાણકારો અમેરિકાના 2 હજારથી વધુ શેર અને 1 હજારથી વધુ ઈટીએફ ખરીદી-વેચી શકશે.



ઝેરોધા પર અમેરિકન શેર ખરીદવા અને વેચવા બંને પર ટ્રાન્ઝેક્શન વેલ્યુના 0.1% જેટલું બ્રોકરેજ લાગશે. ઓછામાં ઓછો ચાર્જ: પ્રતિ ઓર્ડર 0.01 ડોલર (લગભગ 95 પૈસા). મહત્તમ ચાર્જ: પ્રતિ ઓર્ડર 10 ડોલર (લગભગ 950). ઉદાહરણ તરીકે, જો તમે 20,000 ડોલરના શેર ખરીદો છો, તો સામાન્ય ગણતરી પ્રમાણે 20 ડોલર બ્રોકરેજ બને, પરંતુ કેપને કારણે તમારે ફક્ત 10 ડોલર જ ચૂકવવા પડશે.

ઝેરોધા પહેલાં ગ્રો અને IND મની જેવા પ્લેટફોર્મ્સ આ સુવિધા આપી રહ્યાં છે. ગ્રો પર અમેરિકન સ્ટૉક્સ માટે બ્રોકરેજ 0.1% છે, પરંતુ ત્યાં ઓછામાં ઓછો 1 ડૉલરનો ચાર્જ લાગે છે અને મહત્તમ ફીની કોઈ મર્યાદા નક્કી કરવામાં આવી નથી. આ બંને પ્લેટફોર્મ્સની જેમ ઝેરોધા પર પણ બી-શૅર ટુકડાઓમાં ખરીદી શકાશે.

જ્યારે તમે ભારતમાંથી અમેરિકન શૅર્સ ખરીદો છો, ત્યારે તમારે તમારા રૂપિયાને ડૉલરમાં બદલવા પડે છે. આ સમગ્ર પ્રક્રિયામાં મુખ્યત્વે 3 પ્રકારના ખર્ચ થાય છે. સૌથી પહેલો ખર્ચ ડૉલરમાં બદલવાની ફીનો હોય છે. તેમાં બ્રોકર્સ વાસ્તવિક કરન્સી રેટ કરતાં 0.5%થી 1.2% સુધી વધુ ચાર્જ વસૂલે છે. આ ઉપરાંત, ભારતીય બેંક અકાઉન્ટમાંથી વિદેશી બ્રોકરના અકાઉન્ટમાં પૈસા મોકલવા પર ટ્રાન્સફર ફી અલગથી લાગે છે. સાથે જ, સરકારના ટેક્સ TCS/GST અને અન્ય નાના-મોટા ચાર્જ પણ ઉમેરાય છે. ઉદાહરણ તરીકે, જો તમે 1 લાખના અમેરિકન શેર ખરીદો છો, તો આશરે 500થી 1,200 માત્ર ડૉલર કન્વર્ઝન ફીમાં કપાઈ જશે. બાકીની ટ્રાન્સફર ફી અને કર તેના ઉપરાંત અલગથી લાગશે.

ઝેરોધાએ એટલું તો જણાવ્યું છે કે ટ્રેડિંગ ગિફ્ટ સિટી મારફતે થશે, પરંતુ અમેરિકામાં તેમનો સ્થાનિક બ્રોકર અથવા ટેક પાર્ટનર કોણ છે, તેની માહિતી હજુ જાહેર કરવામાં આવી નથી. આ સુવિધા હાલમાં માત્ર ભારતમાં રહેતા રોકાણકારો માટે છે. NRIs અને કંપનીઓ અથવા ટ્રસ્ટના ખાતાઓને તેમાં રોકાણ કરવાની મંજૂરી નથી. વિદેશમાં નાણાં મોકલવા માટે RBIની લિબરલાઈઝ્ડ રેમિટન્સ સ્કીમ (LRS)ના નિયમોનું પાલન કરવું પડશે.

40 વર્ષની ઉંમરે પણ નથી કરી નિવૃત્તિ માટે બચત? 20 વર્ષમાં તૈયાર કરી શકો છો 3 કરોડનું ફંડ.....

નવી દિલ્હી, તા.19

નોકરી કે વ્યવસાય દરમિયાન પરિવારની જવાબદારીઓ, બાળકોનું શિક્ષણ, ઘરનો ખર્ચ અને લોનના હપ્તા ચૂકવવામાં ઘણી વખત લોકો નિવૃત્તિ માટે બચત કરવાનું ટાળતા હોય છે. પરિણામે 40 વર્ષની ઉંમરે પહોંચ્યા પછી તેમને ખ્યાલ આવે છે કે નિવૃત્તિ માટે અત્યાર સુધી કોઈ ખાસ ફંડ તૈયાર થયું નથી. આવી સ્થિતિમાં ઘણા લોકો ચિંતિત થઈ જાય છે કે હવે નિવૃત્તિ માટે પૂરતી રકમ એકત્ર કરવી મુશ્કેલ બનશે. જોકે, નાણાકીય આયોજનના નિષ્ણાતોના મતે 40 વર્ષની ઉંમરે નિવૃત્તિ માટે રોકાણ શરૂ કરવું મોડું જરૂર છે, પરંતુ અશક્ય નથી. જો વ્યક્તિ પાસે નિયમિત આવક હોય, ખર્ચ પર નિયંત્રણ રાખે અને લાંબા ગાળા માટે શિસ્તબદ્ધ રીતે રોકાણ કરે, તો આગામી 20 વર્ષમાં નોંધપાત્ર નિવૃત્તિ ફંડ તૈયાર કરી શકાય છે. જો કોઈ વ્યક્તિ 40 વર્ષની ઉંમરે રોકાણ શરૂ કરે અને 60 વર્ષની ઉંમરે નિવૃત્ત થવાનું આયોજન ધરાવે, તો તેની પાસે રોકાણ માટે 20 વર્ષનો સમય રહે છે. આ સમયગાળામાં નિયમિત રોકાણ ઉપરાંત ચક્રવૃદ્ધિ વળતરનો લાભ પણ મળી શકે છે. જોકે, નિવૃત્તિ માટે કેટલું ફંડ તૈયાર થશે તે માત્ર રોકાણની શરૂઆતની ઉંમર પર આધારિત નથી. દર મહિને કેટલી રકમનું રોકાણ કરવામાં આવે છે, દર વર્ષે રોકાણમાં કેટલો વધારો કરવામાં આવે છે, રોકાણ પર કેટલું વળતર મળે છે અને નિવૃત્તિ સમયે પરિવારનો ખર્ચ કેટલો હશે તે તમામ બાબતો મહત્ત્વની છે. તેથી મોડેથી શરૂઆત કરનારા લોકોએ પોતાના નાણાકીય લક્ષ્ય મુજબ રોકાણની યોજના તૈયાર કરવી જોઈએ. નિવૃત્તિનું આયોજન કરતી વખતે સૌથી પહેલાં એ નક્કી કરવું જરૂરી છે કે નિવૃત્તિ પછી જીવનશૈલી જાળવી રાખવા માટે દર મહિને કેટલા પૈસાની જરૂર પડશે. સામાન્ય નાણાકીય આયોજનમાં નિવૃત્તિ સમયે વાર્ષિક ખર્ચના 25થી 30 ગણા જેટલું ફંડ તૈયાર રાખવાનો નિયમ ઉપયોગમાં લેવાય છે. જોકે, આ માત્ર અંદાજિત માર્ગદર્શિકા છે. વાસ્તવિક જરૂરિયાત વ્યક્તિની ઉંમર, આરોગ્ય, પરિવારની જવાબદારીઓ, અન્ય આવકનાં સાધનો અને નિવૃત્તિ પછી કેટલાં વર્ષ સુધી ફંડની જરૂર પડશે તેના પર આધારિત રહેશે.

ધારો કે હાલમાં કોઈ પરિવારનો



માસિક ખર્ચ રૂ.30,000 છે. જો મોંઘવારીનો દર સરેરાશ 6 ટકા વાર્ષિક રહે, તો આગામી 20 વર્ષમાં આ ખર્ચ વધીને આશરે રૂ.96,000 પ્રતિ મહિના થઈ શકે છે. એટલે કે 60 વર્ષની ઉંમરે એ જ જીવનશૈલી જાળવી રાખવા માટે વાર્ષિક અંદાજે રૂ.11.5 લાખની જરૂર પડી શકે છે. આ વાર્ષિક ખર્ચના 25 ગણા ગણવામાં આવે તો આશરે રૂ.2.9 કરોડનું નિવૃત્તિ ફંડ જરૂરી બને છે. જોકે, આ ગણતરીમાં નિવૃત્તિ પછીની મોંઘવારી, રોકાણમાંથી મળતી આવક, કર અને આરોગ્ય પાછળના વધારાના ખર્ચને અલગથી ધ્યાનમાં લેવાની જરૂર છે.

આ ઉદાહરણ દર્શાવે છે કે નિવૃત્તિનું આયોજન માત્ર મોટી રકમ એકત્ર કરવા પૂરતું સીમિત નથી. નિવૃત્તિ પછીના ખર્ચને પહોંચી વળવા માટે યોગ્ય કદનું ફંડ તૈયાર કરવું જરૂરી છે. આજના સમયમાં જે ખર્ચ સામાન્ય લાગે છે તે 15થી 20 વર્ષ પછી મોંઘવારીને કારણે અનેક ગણો વધી શકે છે. તેથી નિવૃત્તિનું લક્ષ્ય નક્કી કરતી વખતે આજના ખર્ચની સાથે ભવિષ્યમાં વધનારા ખર્ચનો પણ અંદાજ લગાવવો જોઈએ.

40 વર્ષની ઉંમરે રોકાણ શરૂ કરનારી વ્યક્તિ માટે મ્યુચ્યુઅલ ફંડની સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન એટલે કે SIP એક વિકલ્પ બની શકે છે. તેમાં દર મહિને નક્કી કરેલી રકમનું રોકાણ કરવામાં આવે છે. જો કોઈ વ્યક્તિ આગામી 20 વર્ષ સુધી દર મહિને રૂ.15,000ની SIP કરે, તો તેનું કુલ રોકાણ રૂ.36 લાખ થશે. જો આ સમયગાળામાં વાર્ષિક સરેરાશ 10 ટકા વળતર મળે, તો ફંડ અંદાજે રૂ.1.14થી રૂ.1.15 કરોડ સુધી પહોંચી શકે છે. જ્યારે વાર્ષિક સરેરાશ 12 ટકા વળતરના અનુમાન હેઠળ ફંડ આશરે રૂ.1.48થી રૂ.1.50 કરોડ થઈ શકે છે.


જોકે, અહીં એ સમજવું જરૂરી છે કે શેરબજાર આધારિત મ્યુચ્યુઅલ ફંડમાં વળતર નિશ્ચિત હોતું નથી. 10 કે 12 ટકા વળતર માત્ર ગણતરી માટે ધારવામાં આવેલા દર છે. વાસ્તવિક વળતર બજારની સ્થિતિ અને રોકાણની પસંદગી પ્રમાણે ઓછું કે વધારે હોઈ શકે છે. તેમ છતાં, લાંબા ગાળે નિયમિત રોકાણ કરવાથી અને કમ્પાઉન્ડિંગનો લાભ મળવાથી નાની માસિક રકમ પણ મોટું ફંડ ઊભું કરવામાં મદદરૂપ થઈ શકે છે. જો કોઈ વ્યક્તિનું નિવૃત્તિ ફંડનું લક્ષ્ય રૂ.2.9 કરોડ હોય, તો દર મહિને રૂ.15,000ની સ્થિર SIPથી આ લક્ષ્ય સુધી પહોંચવું મુશ્કેલ બની શકે છે. આવી સ્થિતિમાં રોકાણની રકમ વધારવી જરૂરી બને છે. એક વિકલ્પ એ છે કે 12 ટકા વાર્ષિક સરેરાશ વળતરનું અનુમાન રાખીને દર મહિને આશરે રૂ.29,000ની SIP કરવામાં આવે. આ ગણતરી મુજબ 20 વર્ષમાં રૂ.2.9 કરોડની આસપાસનું ફંડ તૈયાર થઈ શકે છે. જોકે, વાસ્તવિક વળતર નિશ્ચિત ન હોવાથી લક્ષ્યની ખાતરી આપી શકાય નહીં. બીજો વિકલ્પ સ્ટેપ-અપ SIPનો છે. તેમાં શરૂઆતમાં ઓછી રકમથી રોકાણ શરૂ કરીને આવક વધે તેમ દર વર્ષે SIPની રકમમાં વધારો કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, દર મહિને રૂ.15,000થી શરૂઆત કરીને દર વર્ષે SIPમાં 10 ટકાનો વધારો કરવામાં આવે અને 12 ટકા વાર્ષિક સરેરાશ વળતર મળે, તો 20 વર્ષ પછી ફંડ અંદાજે રૂ.2.9થી રૂ.3 કરોડની આસપાસ પહોંચી શકે છે.

લોન ચૂકવ્યા બાદ પણ CIBIL સ્કોર ઘટી રહ્યો છે: નવી લોન રિજેક્ટ થઈ શકે છે

નવી દિલ્હી, તા.19

જો તમે તમારી કાર, બાઈક, ઘર અથવા પર્સનલ લોનના તમામ હપ્તા ચૂકવી દીધા છે અને બેંક પાસેથી નો-ડ્યૂઝ સર્ટિફિકેટ એટલે કે NOC પણ મેળવી લીધું છે, તેમ છતાં તમારા CIBIL રિપોર્ટમાં લોન 'એક્ટિવ' અથવા બાકી રકમ સાથે દેખાઈ રહી છે, તો આ બાબતને અવગણવી નહીં. ક્રેડિટ રિપોર્ટમાં જૂની લોનની ખોટી માહિતી હોવાને કારણે ભવિષ્યમાં નવી લોન મેળવતી વખતે મુશ્કેલી ઊભી થઈ શકે છે. બેંક જ્યારે નવી લોન માટે અરજી કરનાર વ્યક્તિનો ક્રેડિટ રિપોર્ટ તપાસે છે, ત્યારે તેમાં દર્શાવેલી બાકી જવાબદારીઓના આધારે તેની ચુકવણી કરવાની ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવે છે. જો અગાઉથી બંધ થઈ ગયેલી લોન પણ ચાલુ દેખાતી હોય, તો બેંકને એવું લાગી શકે છે કે અરજદાર પર હજુ દેવાની જવાબદારી છે. પરિણામે નવી લોનની અરજીની તપાસ વધુ કડક થઈ શકે છે અથવા લોન મંજૂર કરવામાં વિલંબ થઈ શકે છે. કેટલીક સ્થિતિમાં અરજી નકારવામાં પણ આવી શકે છે.

આવી સ્થિતિમાં સૌથી પહેલાં એ સમજવું જરૂરી છે કે લોન ચૂકવી દેવી અને ક્રેડિટ રિપોર્ટમાં લોન બંધ થયાની માહિતી અપડેટ થવી એ બે અલગ પ્રક્રિયાઓ છે. લોનની સંપૂર્ણ ચુકવણી થયા પછી બેંકે



પોતાના રેકોર્ડમાં ખાતું બંધ કરવું અને સંબંધિત ક્રેડિટ બ્યુરોને યોગ્ય માહિતી મોકલવી જરૂરી છે. જો આ પ્રક્રિયામાં વિલંબ થાય અથવા માહિતી ખોટી રીતે મોકલવામાં આવે, તો ક્રેડિટ રિપોર્ટમાં જૂની સ્થિતિ દેખાઈ શકે છે. તેથી ગ્રાહકે માત્ર CIBIL સ્કોર તપાસવાને બદલે પોતાના લોન એકાઉન્ટની સ્થિતિ અને બાકી રકમની વિગતો પણ ચકાસવી જોઈએ.

ક્રેડિટ રિપોર્ટમાં સુધારો કરાવતાં પહેલાં ખાતરી કરો કે તમારી લોન ખરેખર બેંકના રેકોર્ડમાં સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે. આ માટે બેંક પાસેથી મળેલું નો-ડ્યૂઝ સર્ટિફિકેટ, લોન ક્લોઝર લેટર અથવા શૂન્ય બેલેન્સ દર્શાવતું સ્ટેટમેન્ટ મહત્ત્વના દસ્તાવેજો છે. આ ઉપરાંત છેલ્લો હપ્તો ચૂકવ્યાની રસીદ, બેંક ખાતામાંથી થયેલી ચુકવણીની વિગતો અને લોન એકાઉન્ટનું સ્ટેટમેન્ટ પણ સાચવી રાખવું જોઈએ. જો લોનની ચુકવણી ઓટો-ડેબિટ દ્વારા થતી હોય, તો છેલ્લી ચુકવણીનો બેંક રેકોર્ડ પણ ઉપયોગી થઈ શકે છે.

ઘણી વખત ગ્રાહકો લોનના તમામ હપ્તા ચૂકવ્યા પછી દસ્તાવેજો સાચવી રાખતા નથી. પરંતુ ભવિષ્યમાં ક્રેડિટ રિપોર્ટમાં ભૂલ જોવા મળે ત્યારે આ દસ્તાવેજો જ ગ્રાહકનો દાવો સાબિત કરવામાં મદદરૂપ બને છે. તેથી લોન પૂર્ણ થયા બાદ બેંક પાસેથી લેખિતમાં ખાતું બંધ થયાની પુષ્ટિ મેળવી લેવી જોઈએ. જો NOC મળી ગયું હોય, તો પણ ક્રેડિટ રિપોર્ટમાં લોનની સ્થિતિ અને બાકી રકમ યોગ્ય રીતે દર્શાવવામાં આવી છે કે નહીં તેની તપાસ કરવી જરૂરી છે.

ક્રેડિટ રિપોર્ટમાં લોનની સ્થિતિ દર્શાવતા શબ્દોનો અર્થ સમજવો પણ જરૂરી છે. જો તમે લોનની સંપૂર્ણ બાકી રકમ અને લાગુ પડતા તમામ લેણાં ચૂકવી દીધાં હોય, તો સામાન્ય રીતે લોનનો સ્ટેટસ 'Closed' હોવો જોઈએ. આ દર્શાવે છે કે લોનની જવાબદારી પૂર્ણ થઈ ગઈ છે. જોકે, લોન બંધ થયા પછી પણ તેનો ઈતિહાસ ક્રેડિટ રિપોર્ટમાં રહી શકે છે. લોન 'Closed' થઈ ગઈ હોય એટલે તેનો જૂનો રેકોર્ડ તરત જ ગાયબ થઈ જાય એવું નથી.

બીજી તરફ, જો કોઈ ગ્રાહક બેંક સાથે સમજૂતી કરીને મૂળ બાકી રકમ કરતાં ઓછી રકમ ચૂકવીને લોનનો નિકાલ કરે, તો રિપોર્ટમાં 'Settled' દર્શાવવામાં આવી શકે છે. આ સ્થિતિ સંપૂર્ણ ચુકવણી કરીને લોન બંધ કરવાથી અલગ છે અને ભવિષ્યમાં લોન મંજૂર કરતી વખતે ધિરાણકર્તા તેને ધ્યાનમાં લઈ શકે છે. તેથી જો તમે સંપૂર્ણ રકમ ચૂકવી હોય, છતાં રિપોર્ટમાં ખોટી રીતે 'Settled' દર્શાવવામાં આવ્યું હોય, તો બેંક પાસે પુરાવા સાથે સુધારો માગવો જોઈએ. માત્ર ક્રેડિટ સ્કોર વધારવાના હેતુથી ખોટી માહિતી દૂર કરાવવાને બદલે સાચી સ્થિતિ અપડેટ કરાવવી મહત્ત્વપૂર્ણ છે. કાર અથવા બાઈકની લોન ચૂકવી દીધી હોય તો માત્ર બેંકનું લોન એકાઉન્ટ બંધ કરાવવું પૂરતું નથી. વાહનના રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ એટલે કે RCમાં બેંક અથવા ફાઈનાન્સ કંપનીનું નામ હાઈપોથેકેશન તરીકે નોંધાયેલું હોય, તો લાગુ પ્રક્રિયા પ્રમાણે તેને દૂર કરાવવું જરૂરી બની શકે છે. આ માટે બેંક પાસેથી જરૂરી NOC અને અન્ય દસ્તાવેજો મેળવીને સંબંધિત RTOની પ્રક્રિયા પૂર્ણ કરવી જોઈએ. RCમાંથી બેંકનું નામ દૂર કરાવવાની પ્રક્રિયા અને CIBIL રિપોર્ટ સુધારવાની પ્રક્રિયા અલગ છે. તેથી એક કામ પૂર્ણ થયું હોય તો બીજું પણ આપમેળે પૂર્ણ થઈ ગયું છે એવું માનવું નહીં.

જો ક્રેડિટ રિપોર્ટમાં લોન હજુ પણ સક્રિય દેખાતી હોય, તો સૌથી પહેલાં લોન આપનાર બેંકનો સંપર્ક કરવો જોઈએ. ગ્રાહક પોતાની બેંક શાખાની મુલાકાત લઈ શકે છે અથવા બેંકની અધિકૃત વેબસાઈટ પર આપેલા કસ્ટમર કેર અને ફરિયાદ નિવારણના માધ્યમોનો ઉપયોગ કરી શકે છે. ફરિયાદ કરતી વખતે લોન એકાઉન્ટ નંબર, લોન બંધ થયાની તારીખ, NOCની નકલ અને ક્રેડિટ રિપોર્ટમાં દેખાતી ખોટી માહિતીની વિગતો આપવી જોઈએ. જો બાકી રકમ ખોટી દર્શાવવામાં આવી હોય, તો તેના પુરાવા પણ જોડવા જોઈએ. બેંકને લેખિતમાં અથવા ઈમેઈલ દ્વારા વિનંતી કરવી જોઈએ કે લોન એકાઉન્ટની સ્થિતિની તપાસ કરીને જરૂરી સુધારો કરવામાં આવે અને સંબંધિત ક્રેડિટ બ્યુરોને યોગ્ય માહિતી મોકલવામાં આવે.

વાયદા બજારમાં તેજી, ચાંદીમાં મોટો ઉછાળો, સોનું પણ મોંઘું

મુંબઈ, તા.19

વાયદા બજારમાં ફરી એકવાર સોના-ચાંદીની કિંમતોમાં તેજી જોવા મળતાં નવા ટ્રેડિંગ સપ્તાહના પ્રથમ કારોબારી દિવસે સકારાત્મક શરૂઆત થઈ છે. સોમવારે સોનાના ભાવમાં સામાન્ય વધારો નોંધાયો હતો, જ્યારે ચાંદીના ભાવમાં વધુ મજબૂત ઉછાળો જોવા મળ્યો હતો. વૈશ્વિક બજારની હિલચાલ અને કિંમતી ધાતુઓમાં રોકાણકારોની ખરીદી વચ્ચે બંને ધાતુઓના વાયદા ભાવ ઊંચા સ્તરે પહોંચ્યા હતા. ખાસ કરીને ચાંદીમાં એક ટકાથી વધુનો વધારો નોંધાતાં બજારમાં તેની તેજીની ચર્ચા જોવા મળી રહી છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર 4 ડિસેમ્બર, 2026ની મુદતવાળા સોનાના વાયદામાં અગાઉના બંધ ભાવની સરખામણીએ વધારો નોંધાયો હતો. સોનાનો અગાઉનો બંધ ભાવ પ્રતિ દસ ગ્રામ 1,47,489 હતો, જ્યારે સોમવારે કારોબારની શરૂઆત 1,47,781ના સ્તરે થઈ હતી. દિવસ દરમિયાન સોનાના ભાવમાં વધઘટ જોવા મળી હતી. કારોબારી સત્ર દરમિયાન સોનું ઊંચામાં 1,48,170 અને નીચામાં 1,47,589ના સ્તર સુધી પહોંચ્યું હતું. ત્યારબાદ સોનાનો ભાવ 626 એટલે કે 0.42 ટકાના વધારા સાથે 1,48,115ની સપાટીએ ટ્રેડ થતો જોવા મળ્યો હતો.



સોનાના ભાવમાં થયેલો આ વધારો બજારમાં ખરીદીનું વલણ મજબૂત બની રહ્યું હોવાનો સંકેત આપે છે. જોકે, સોનામાં ઉછાળો મર્યાદિત રહ્યો હતો, પરંતુ ભાવ ફરીથી 1.48 લાખની નજીક પહોંચતાં રોકાણકારોનું ધ્યાન આ કિંમતી ધાતુ તરફ ખેંચાયું છે. સોનાને સામાન્ય રીતે લાંબા ગાળાના રોકાણ અને આર્થિક અનિશ્ચિતતાના સમયમાં સુરક્ષિત વિકલ્પ તરીકે જોવામાં આવે છે. આ કારણે બજારમાં સોનાની કિંમતોમાં થતી દરેક હિલચાલ પર રોકાણકારો અને વેપારીઓની નજર રહે છે.

બીજી તરફ, ચાંદીના વાયદામાં સોનાની સરખામણીએ વધુ જોરદાર તેજી જોવા મળી હતી. MCX પર 4 ડિસેમ્બર, 2026ની મુદતવાળી ચાંદીનો અગાઉનો બંધ ભાવ પ્રતિ કિલો 2,10,660 હતો. સોમવારે ચાંદીનો કારોબાર 2,11,792ના સ્તરે ખુલ્યો હતો. દિવસ દરમિયાન ખરીદી વધતાં ચાંદીનો ભાવ ઊંચામાં 2,13,200 સુધી પહોંચ્યો હતો, જ્યારે નીચામાં 2,11,588ની સપાટી નોંધાઈ હતી. ત્યારબાદ ચાંદી 2,227 એટલે કે 1.06 ટકાના મજબૂત વધારા સાથે પ્રતિ કિલો 2,12,887ના સ્તરે કારોબાર કરતી જોવા મળી હતી.

પશ્ચિમ રેલવે
ભાવનગર ડિવિઝન

માનવસહિત નોન-ઈન્ટરલોક્ડ LC ગેટ્સ ખાતે CCTV કેમેરાઓની જોગવાઈ

ટેન્ડર નં. DRM-SnT-BVP-Tele-04of26-27

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (એસ એન્ડ ટી) પશ્ચિમ રેલવે, ભાવનગર નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. **કામનું નામ:** ભાવનગર ડિવિઝન:- ભાવનગર ડિવિઝન પર માનવસહિત નોન-ઈન્ટરલોક્ડ LC ગેટ્સ ખાતે CCTV કેમેરાઓની જોગવાઈ. **અંદાજીત પડતર:** ₹ ૩,૯૨,૭૮,૩૨૦.૪૫/- (રૂા. ત્રણ કરોડ બાણું લાખ ઈઠ્યોતેર હજાર ત્રણ સો વીસ રૂપિયા અને પીસ્તાળીસ પૈસા પૂરા) બિડરોએ www.ireps.gov.in મારફતે ઓન લાઈન અરજી કરવાની રહેશે. વધુ માહિતી માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ: **૧૨/૧૧/૨૦૨૬** ના ૧૫:૦૦ કલાક સુધી છે.

BVP-151

અમને લાઈક કરો: facebook.com/WesternRly

અમદાવાદમાં નકલી ગરબા પાસ કૌભાંડ

AI અને સોશિયલ મીડિયાથી ઠગાઈ આચરનારા રાજસ્થાનના બે યુવકો ઝડપાયા

અમદાવાદ, તા.19

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સાયબર સેલે નવરાત્રિ પર્વ દરમિયાન ગરબા રસિકો સાથે આચરવામાં આવેલા 8 લાખ રૂપિયાના કથિત નકલી પાસ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ઈન્સ્ટાગ્રામ જાહેરાતો અને વોટ્સએપના માધ્યમથી નકલી પાસ બનાવી લોકોને છેતરનારા રાજસ્થાનના બે યુવકોની પોલીસે ધરપકડ કરી છે. પોલીસે બંને આરોપીઓ પાસેથી મેળવેલા ડિજિટલ પુરાવાના આધારે તપાસ તેજ કરી છે.



પોલીસ તપાસમાં સામે આવેલી માહિતી અનુસાર, આરોપીઓએ 'veer.rajjputt' નામે ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ અને 'anantexperience@gmail.com' નામનું બનાવટી ઈમેલ આઈડી બનાવ્યું હતું. અમદાવાદમાં આયોજિત જાણીતા 'અનંત બ્રહ્માંડ' (Anant Brahmand) ગરબા મહોત્સવના નામ અને લોગોનો આયોજકોની જાણ બહાર ગેરકાયદે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આરોપીઓએ બુકિંગ અને પ્રમોશનલ મેસેજ તૈયાર કરવા તથા અસલ ટિકિટ જેવા જ દેખાતા ક્યૂઆર કોડ (QR Code) અને બારકોડ ધરાવતા પાસ ડિઝાઈન કરવા માટે 'ચેટજીપીટી'નો ઉપયોગ કર્યો હતો. ત્યારબાદ મેટા (Meta) પ્લેટફોર્મ પર પેઇડ ટાર્ગેટેડ જાહેરાતો ચલાવીને ગરબા શોખીનોને ભારે ડિસ્કાઉન્ટની લાલચ આપી હતી. તેની એક જાહેરાત અમદાવાદના આશરે 40 હજાર લોકો સુધી પહોંચી હતી.

સાયબર સેલે ટેકનિકલ સર્વેલન્સ, હ્યુમન ઈન્ટેલિજન્સ અને ડિજિટલ વિશ્લેષણના આધારે તપાસ લંબાવીને રાજસ્થાનના સીકર ખાતેથી બંને આરોપીઓને ઝડપી લીધા હતા. પકડાયેલા આરોપીઓની ઓળખ 21 વર્ષીય વીરેન્દ્રસિંહ રાઠોડ (BBA સ્નાતક, સિલ્વર ઓક યુનિવર્સિટી, અમદાવાદ) અને 22 વર્ષીય કિશન સિંહ રાઠોડ (BSc સ્નાતક, રાજસ્થાન) તરીકે થઈ છે. બંને હાલ બેરોજગાર છે.

તપાસમાં બહાર આવ્યું છે કે, 19મી ઓગસ્ટથી 14 ઓક્ટોબર વચ્ચે આચરવામાં આવેલા આ કૌભાંડમાં આશરે 686 જેટલા નકલી પાસ વેચીને 8 લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવી લેવાયા હતા. આ પૈસા બેંક એકાઉન્ટમાં મેળવાયા બાદ અન્ય શંકાસ્પદ (મ્યુલ) એકાઉન્ટ્સમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ગાંધીનગરના સાંતેજ પોલીસ મથકે ત્રીજી ઓક્ટોબરે કેસ નોંધાયા છતાં આરોપીઓ જોધપુર, બિકાનેર અને સીકર જેવા શહેરોમાં લોકેશન બદલીને નકલી પાસનું વેચાણ ચાલુ રાખતા હતા.

આ મામલે પોલીસે બંને વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે. આ ઉપરાંત સાયબર સેલે નાગરિકોને અપીલ કરી છે કે સત્તાવાર વેબ સાઇટ સિવાય અજાણ્યા સોશિયલ મીડિયા હેન્ડલ્સ પરથી બજાર કિંમત કરતાં ખૂબ સસ્તા દરે મળતા પાસ ખરીદવાનું ટાળવું. જો કોઈ સાથે આવી છેતરપિંડી થઈ હોય તો તેમણે તાત્કાલિક નેશનલ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર 1930 પર સંપર્ક કરવા અથવા cybercrime.gov.in પર ફરિયાદ નોંધાવવા જણાવાયું છે.

ગુલબાઈ ટેકરા વિસ્તારમાં રસ્તો ઓળંગતી વખતે કારની ટક્કરથી 5 વર્ષના બાળકનું મોત

અમદાવાદ, તા.19



અમદાવાદના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં અકસ્માતની ઘટના સામે આવી છે. 18મી ઓક્ટોબરના રોજ ગુલબાઈ ટેકરા ટેલિફોન એક્સચેન્જ જંકશન પાસે રસ્તો ઓળંગી રહેલા 5 વર્ષીય બાળકને પૂરઝડપે આવી રહેલી એક કારે ટક્કર મારી હતી. જેમાં બાળકને ગંભીર ઈજાઓ પહોંચતા ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ માલે બાળકના પિતાની ફરિયાદના આધારે 'બી' ડિવિઝન ટ્રાફિક પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર, 18મી ઓક્ટોબરના રોજ સવારના સુમારે પાંચ વર્ષીય નિલેશ રાઠોડ ગુલબાઈ ટેકરા ટેલિફોન એક્સચેન્જ જંકશન પાસે રસ્તો ઓળંગી રહ્યો હતો. આ દરમિયાન એક કારના ચાલકે વાહન ખૂબ જ ઝડપે નિલેશને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં નિલેશના માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થઈ હતી, તેમજ તેના જમણા પગ અને ડાબા હાથ પર પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાતા આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા.

ઘટના બાદ કારચાલક માલા રાજેશ મિત્તલે કાર રોકી હતી અને બાળકને તબીબી સારવાર મળે તે માટે મદદ કરી હતી. ચાલકે બાળકના પરિવારને સારવારનો તમામ ખર્ચ ઉઠાવવાની ખાતરી પણ આપી હતી. જોકે, નિલેશની તબિયત સતત કથળતી જતી હોવાથી તેને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. પુત્રના અચાનક અવસાનથી પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

મૃતક બાળકના પિતા મહેશ રાઠોડ મજૂરીકામ કરે છે અને અમદાવાદમાં અલગ-અલગ જગ્યાએ પટ્ટા (બેલ્ટ) વેચીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ઘટનાના દિવસે તેઓ કામ પરથી ઘરે પરત ફર્યા ત્યારે પત્ની પાસેથી આ ગંભીર અકસ્માત વિશે જાણ થઈ હતી.

ઉલ્લેખનીય છે કે, મૃતક નિલેશ પરિવારના ચાર બાળકોમાંનો એક હતો અને તેને યોગેશ નામનો પાંચ વર્ષનો જોડિયા ભાઈ પણ છે. એક ભાઈ ગુમાવવાથી જોડિયા ભાઈ અને પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી અકસ્માત કઈ પરિસ્થિતિમાં સર્જાયો તેની વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદ નજીક સાંતેજમાં મંડલી ગરબામાં બબાલ: તલવારો અને લાકડીઓ ઉડતાં ખેલૈયાઓમાં નાસભાગ!

અમદાવાદ, તા.19

અમદાવાદ નજીક સાંતેજ વિસ્તારમાં યોજાયેલા 'મંડલી ગરબા' મહોત્સવમાં રવિવારે (18મી ઓક્ટોબર) રાત્રે હોબાળો મચી ગયો હતો. માન્ય પાસ વગર ગરબા મેદાનમાં પ્રવેશવા બાબતે સિક્યોરિટી ગાર્ડ્સ અને યુવકોના એક જૂથ વચ્ચે બબાલ થઈ હતી. સોશિયલ મીડિયા પર આ ઘટનાના વાઇરલ થયેલા વીડિયોમાં કેટલાક શખ્સો ખુલ્લેઆમ લાકડીઓ અને તલવારો લઈને ફરતા નજરે પડતા હડકંપ મચી ગયો હતો. આ ઘટનાને કારણે ગરબા રમવા આવેલા ખેલૈયાઓ અને મહિલાઓમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, રવિવારે રાત્રે ગરબા મેદાનના પ્રવેશદ્વાર પર કેટલાક યુવકોએ કોઈ પણ પ્રકારના માન્ય પાસ વિના અંદર ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. ગેટ પર હાજર સિક્યોરિટી ગાર્ડ્સ અને બાઉન્સરોએ તેને રોકતાં મામલો બિચક્યો હતો અને બંને પક્ષો વચ્ચે બોલાચાલી બાદ ઉગ્ર મારામારી શરૂ થઈ ગઈ હતી.



પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ હતી કે કેટલાક શખ્સો હથિયારો સાથે મેદાનમાં ઘસી આવ્યા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ વીડિયોમાં યુવકો હાથમાં લાકડીઓ અને તલવારો લહેરાવતા નજરે પડે છે. આ હિંસક ઘટનાથી ગ્રાઉન્ડમાં દોડધામ મચી ગઈ હતી અને મહિલાઓ તથા યુવતીઓ સુરક્ષિત સ્થળે ખસી ગયા હતા.

આ ઘટનામાં એવો દાવો પણ કરવામાં આવ્યા છે કે યુવકોનું આ જૂથ ચોક્કસ ઈરાદા સાથે મેદાનમાં ઘૂસ્યું હતું અને મારામારીની આડમાં રોકડ રકમ ભરેલી એક બેગ લઈને ફરાર થઈ ગયું હતું. જોકે, આ આરોપોની હજુ સુધી પોલીસ દ્વારા પુષ્ટિ કરવામાં આવી નથી.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સાંતેજ પોલીસ સ્ટેશનનો કાફલો અને ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ(LCB)ની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસ દ્વારા તપાસના ભાગરૂપે ગરબાના આયોજકોને પણ એલસીબી-2 (LCB-2) કચેરી ખાતે પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા હતા. બંને પક્ષના શખ્સોને અલગ-અલગ પોલીસ સ્ટેશને લઈ જઈને પૂછપરછ હાથ ધરવામાં આવી છે. આ ઘટનામાં એવો દાવો પણ કરવામાં આવ્યા છે કે યુવકોનું આ જૂથ ચોક્કસ ઈરાદા સાથે મેદાનમાં ઘૂસ્યું હતું અને મારામારીની આડમાં રોકડ રકમ ભરેલી એક બેગ લઈને ફરાર થઈ ગયું હતું. જોકે, આ આરોપોની હજુ સુધી પોલીસ દ્વારા પુષ્ટિ કરવામાં આવી નથી.

અમદાવાદના બાપુનગરમાંથી 24 લાખના હેરોઈન સાથે બે પેડલર ઝડપાયા, રાજસ્થાનના સાંચોરથી જથ્થો લાવ્યા હતા

અમદાવાદ, તા.19

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાને પડકાર ફેંકતી એક મોટી ઘટના સામે આવી છે, જ્યાં પોલીસ દ્વારા કરવામાં આવેલી એક ઝપાઝપીભરી કાર્યવાહીમાં લાખો રૂપિયાના પ્રતિબંધિત નશીલા પદાર્થ સાથે બે શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે. બાપુનગરના સોનેરીયા બ્લોક આગળ જાહેર રોડ પર બાઈક પર બેસીને ખુલ્લેઆમ નશાનો કારોબાર ચલાવવામાં આવી રહ્યો હોવાની ચોક્કસ બાતમી સ્થાનિક પોલીસને મળી હતી, જેના આધારે પોલીસે તાત્કાલિક ત્રાટકીને બે ઈસમોને પકડી લીધા હતા. પોલીસની આ સફળ રેડમાં આરોપીઓ પાસેથી આંતરરાજ્ય ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ થયો છે અને કરોડોની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.



મળતી માહિતી મુજબ, બાપુનગર પોલીસ સ્ટેશનના સ્ટાફને બાતમી મળી હતી કે લલ્લુ રત્નાના છાપરા સામે આવેલા સોનેરિયા બ્લોક પાસે જાહેરમાં બાઈક ઉપર બેસીને બે શખ્સો માદક પદાર્થનું વેચાણ કરી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક તે સ્થળ પર પહોંચીને કોર્ડન ગોઠવી દીધું હતું અને ત્યાં હાજર ૨૮ વર્ષીય રોહિત ભેરોસિંગ રાજપુત અને ૩૭ વર્ષીય આનંદ પ્રજાપતિ નામના શખ્સોને દબોચી લીધા હતા. પોલીસે તેમની અંગજડતી લેતા રોહિત રાજપુતના પેન્ટના ખિસ્સામાંથી શંકાસ્પદ નશીલો પદાર્થ, ૨,૨૫૦ રૂપિયા રોકડા અને મોબાઈલ ફોન મળી આવ્યો હતો, જ્યારે આનંદ પ્રજાપતિ પાસેથી પણ શંકાસ્પદ પદાર્થ, ૩,૩૦૦ રૂપિયા રોકડા અને મોબાઈલ ફોન મળી આવ્યા હતા.

પોલીસે પકડેલા આ પદાર્થની ગંભીરતાને જોતા FSLની ટીમને બોલાવીને ઘટનાસ્થળે જ પરીક્ષણ કરાવ્યું હતું, જેમાં આ પદાર્થ હેરોઈન હોવાનું સત્તાવાર રીતે ખુલ્યું હતું. તપાસ દરમિયાન રોહિત પાસેથી ૫૩.૮૯૦ ગ્રામ એટલે કે અંદાજે ૧૦.૭૭ લાખ રૂપિયાની કિંમતનું હેરોઈન મળ્યું હતું અને આનંદ પાસેથી ૭૦.૨૨૦ ગ્રામ એટલે કે અંદાજે ૧૪.૦૪ લાખ રૂપિયાની કિંમતનું હેરોઈન મળી આવ્યું હતું. આમ, પોલીસે બંને આરોપીઓ પાસેથી કુલ ૧૨૪.૧૧ ગ્રામ હેરોઈન જપ્ત કર્યું હતું, જેની કુલ બજાર કિંમત ૨૪.૮૨ લાખ રૂપિયા થાય છે. આ ઉપરાંત બે મોબાઈલ ફોન, રોકડ રકમ અને ગુનામાં વપરાયેલું બાઈક મળીને પોલીસે કુલ ૨૫.૭૨ લાખ રૂપિયાનો મસમોટો મુદ્દામાલ કબજે કરીને બંને વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ કાયદેસરનો ગુનો નોંધીને ધરપકડ કરી હતી.

આ કેસમાં પોલીસની પ્રાથમિક પૂછપરછ દરમિયાન ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા છે. પકડાયેલા આરોપીઓની સઘન પૂછપરછ કરતાં બહાર આવ્યું હતું કે તેઓ આ ડ્રગ્સનો જથ્થો પોતાની મેળે નહીં પરંતુ સોનેરિયા બ્લોકમાં જ રહેતા નાનુ ઉર્ફે ભાવેશ નટવરભાઈ પટણી અને ટીનાબેન પપ્પુભાઈ પટણી નામના સ્થાનિક દંપતીના કહેવાથી લાવ્યા હતા. આ માસ્ટરમાઈન્ડ દંપતીના ઈશારે જ તેઓ રાજસ્થાનના સાંચોર ખાતે ડ્રગ્સ લેવા માટે ગયા હતા અને ત્યાં પહોંચીને એક અજાણ્યા શખ્સ સાથે વોટ્સએપ નંબરના માધ્યમથી સંપર્ક કરીને આ હેરોઈન મેળવ્યું હતું.

પોલીસ તપાસમાં એ પણ વિગત બહાર આવી છે કે આ આરોપીઓ પહેલીવાર આ ધંધો નથી કરી રહ્યા, પરંતુ અગાઉ પણ તેઓ ૬ થી ૭ વખત આ જ રીતે રાજસ્થાનથી ડ્રગ્સનો મોટો જથ્થો અમદાવાદ લઈ આવી ચૂક્યા છે. આ ગેરકાયદેસર કામ કરવા માટે તેમને મુખ્ય સૂત્રધાર દ્વારા પ્રતિ ફેરા દીઠ ૧૦,૦૦૦ રૂપિયા નક્કી કરાયા હતા અને અમદાવાદ શહેરમાં આ માદક પદાર્થનું છૂટક વેચાણ કરવા માટે તેમને અલગથી કમિશન પણ ચૂકવવામાં આવતું હતું. હાલ બાપુનગર પોલીસે આ ડ્રગ્સ સિન્ડિકેટના મૂળ સુધી પહોંચવા અને આ રેકેટમાં સંડોવાયેલા અન્ય વોટ્સએપ હેન્ડલર્સ તથા ફરાર દંપતીને ઝડપી પાડવા માટે રિમેળ મેળવવાની તજવીજ હાથ ધરી છે અને વધુ ઊંડાણપૂર્વક તપાસ આદરી છે.

નેપાળ પ્રવાસના નામે પોસ્ટલ કર્મચારીઓ સાથે ઠગાઈ, 'દ્વારકેશ હોલીડેયઝ'ના નામે છેતરી ગઠિયો ફરાર

અમદાવાદ, તા.19

દિવાળીના ટૂર બુકિંગ કરાવતા પહેલાં ચેતજો! અમદાવાદના ઈસનપુરમાં રહેતી અને ઘરેથી 'સોનુ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ' ચલાવતી મહિલા મારફતે ટપાલ વિભાગના 20 કર્મચારીઓ માટે નેપાળ ટૂરની એર ટિકિટ બુક કરાવવાના બહાને રૂ.1.50 લાખ પડાવી છેતરપિંડી આચરવામાં આવી છે. આરોપીએ એડવાન્સ પેટે નાણાં મેળવી 9 બોગસ ટિકિટો આપી બાકીની ટિકિટો ન આપી ફોન સ્વિચ ઓફ કરી દેતાં સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. સમગ્ર મામલે ઈસનપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

ઈસનપુર વિસ્તારમાં ગીરીરાજ ફ્લેટ નજીક આવેલી માનસી સોસાયટીમાં રહેતાં 45 વર્ષીય સોનલબહેન નિલેશભાઈ ચુનારા છેલ્લાં પાંચેક વર્ષથી ઘરેથી 'સોનુ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ' ચલાવે છે. તેમના પતિ નિલેશ ટપાલ વિભાગના આર.એમ.એસ. ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવે છે. તેમના વિભાગના 20 જેટલાં કર્મચારીઓએ નેપાળ ફરવા જવાનું આયોજન કર્યું હતું. સરકારી ધારાધોરણ મુજબ એડવાન્સ ટિકિટ રજૂ કર્યા બાદ LTC ભથ્થું મળતું



હોવાથી, ટિકિટ મેળવવા માટે સોનલબહેને નારણપુરા સ્થિત દ્વારકેશ હોલીડેયઝ પ્રા.લિ.ના સંચાલક તરીકે ઓળખ આપનાર વિમલભાઈ મૂળજીભાઈનો સંપર્ક કર્યો હતો.

વિમલભાઈએ 48 કલાકમાં તમામ કન્ફર્મ ટિકિટો આપવાની ખાતરી આપી રૂ. 1.50 લાખની માંગણી કરી હતી. જેના પગલે સોનલબહેને 7 એપ્રિલ 2026ના રોજ પતિના એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ મારફતે રૂ.1 લાખ ફોન-પે દ્વારા ટ્રાન્સફર કર્યા હતા. નાણાં મળ્યા બાદ આરોપીએ 9 ટિકિટ મોકલી બાકીની ટિકિટો માટે વધુ રૂ.50 હજાર માંગતા સોનલબહેને 10 એપ્રિલ 2026ના રોજ પોતાના એસબીઆઈ ખાતામાંથી ગુગલ-પે કર્યા હતા. ત્યારબાદ આરોપી પાસે બાકીની ટિકિટો માંગતા તે ગલ્લાંતલ્લાં કરવા લાગ્યો હતો.

ગત 11 એપ્રિલ 2026ના રોજ સોનલબહેન અને તેમના પતિ આરોપીની નારણપુરા સ્થિત કથિત ઓફિસે તપાસ કરવા પહોંચ્યા ત્યારે આંચકો લાગ્યો હતો. દ્વારકેશ હોલીડેયઝ ખાતે આવી કોઈ વ્યક્તિ નોકરી કરતી ન હોવાનું અને અગાઉ આપેલી 9 ટિકિટો પણ સાવ બોગસ હોવાનું બહાર આવ્યું હતું. ફોન સ્વિચ ઓફ થઈ જતાં આખરે સોનલબહેને ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે વિમલ મૂળજીભાઈ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અમદાવાદના ખોખરામાં એપાર્ટમેન્ટના બંધ ફ્લેટમાંથી ગેમાં ભરેલી 60 વર્ષીય વૃદ્ધાની લાશ મળી

અમદાવાદ, તા.19



અમદાવાદના ખોખરા વિસ્તારમાં આવેલા જીવનરક્ષા એપાર્ટમેન્ટના બીજા માળે આવેલા એક ફ્લેટમાંથી સોમવારે 60 વર્ષીય વૃદ્ધા લક્ષ્મીબેન ડાભીની બેગમાં ભરેલી શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવતાં ચકચાર મચી ગઈ છે. બંધ ફ્લેટમાંથી અસહ્ય દુર્ગંધ ફેલાતાં સ્થાનિક રહીશોને શંકા ગઈ હતી, જેથી તેમણે તુરંત પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરી હતી.

બનાવની જાણ થતાં જ ખોખરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને FSLની ટીમને સાથે રાખી તપાસ હાથ ધરી હતી. વૃદ્ધાની હત્યા કરીને લાશ બેગમાં ભરી દેવામાં આવી હોવાની પ્રબળ આશંકા વચ્ચે પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી તેજ કરી છે.

વિગત અનુસાર, જીવનરક્ષા એપાર્ટમેન્ટના બીજા માળે આવેલા ફ્લેટમાંથી છેલ્લા કેટલાક સમયથી તીવ્ર દુર્ગંધ આવી રહી હતી. રહીશોએ તપાસ કરતાં બંધ મકાનમાંથી દુર્ગંધ આવતી હોવાનું સ્પષ્ટ થયું હતું. સ્થાનિકોની જાણ બાદ ખોખરા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ફ્લેટની અંદર તપાસ કરતાં એક બેગ મળી આવી હતી. આ બેગ ખોલતાં તેમાંથી 60 વર્ષીય લક્ષ્મીબેન ડાભીનો મૃતદેહ મળી આવ્યો હતો.

અંબાજીમાં રેલવે સેવા: મંદિર જેવું બનશે રેલવે સ્ટેશન, તારંગાહિલ-આબુરોડ 117 KM લાંબી લાઇન પર ટનલનું કામ પૂર્ણતાના આરે

અમદાવાદ, તા.19

નવરાત્રિ દરમિયાન જ નહીં, પરંતુ વર્ષ દરમિયાન લાખો માઈભક્તો શક્તિપીઠ મા અંબાના દર્શન કરવા અંબાજી પહોંચે છે. જોકે, અત્યાર સુધી અંબાજી માટે સીધી રેલવે કનેક્ટિવિટી ઉપલબ્ધ ન હોવાથી ભક્તોએ અન્ય પરિવહનનાં સાધનો પર આધાર રાખવો પડતો હતો. હવે આ સ્થિતિ બદલવાની દિશામાં રેલવે દ્વારા તારંગાહિલ-અંબાજી-આબુ રોડ વચ્ચે 117 કિલોમીટરની નવી રેલવે લાઇનનું કામ હાથ ધરવામાં આવ્યું છે. અંદાજે 3,050 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થઈ રહેલા આ પ્રોજેક્ટમાં રેલવે લાઇનની સાથે અનેક ટનલ અને પુલોનું બાંધકામ પણ ચાલી રહ્યું છે. અંબાજીથી આબુ રોડ વચ્ચેની સૌથી લાંબી ટનલનું ખોદકામ લગભગ પૂર્ણ થવા આવ્યું છે, જ્યારે અન્ય સ્થળોએ ટનલ બનાવવાની કામગીરી ચાલુ છે. બીજી તરફ, અંબાજી રેલવે સ્ટેશનનું બાંધકામ પણ પ્રગતિમાં છે. આ પ્રોજેક્ટ હેઠળ અંબાજી રેલવે સ્ટેશનને સામાન્ય સ્ટેશનની જગ્યાએ ભવ્ય આધ્યાત્મિક કેન્દ્ર તરીકે વિકસાવવાનું આયોજન છે. સ્ટેશનની બહારની ડિઝાઈન મા અંબાના મંદિરની સ્થાપત્ય શૈલી પર આધારિત હશે, જ્યારે અંદર એરપોર્ટ જેવી આધુનિક સુવિધાઓ ઊભી કરવામાં આવશે. સ્ટેશન પર 100 રૂમની બજેટ હોટલ બનાવવાનું પણ આયોજન છે, જેથી દર્શન માટે આવતા ભક્તોને રોકાણની સુવિધા મળી શકે.

તારંગાહિલ-અંબાજી-આબુ રોડ રેલવે લાઇનનો માર્ગ દુર્ગમ



પહાડી વિસ્તારોમાંથી પસાર થવાનો હોવાથી પ્રોજેક્ટમાં અનેક ટનલ અને પુલોનું બાંધકામ સામેલ છે. અંબાજીથી આબુ રોડ વચ્ચેની સૌથી લાંબી ટનલનું ખોદકામ લગભગ પૂર્ણ થવા આવ્યું છે. અન્ય સ્થળોએ પણ ટનલ બનાવવાની કામગીરી ચાલી રહી છે. પહાડી વિસ્તારમાંથી રેલવે લાઇન પસાર કરવા માટે આ ટનલ મહત્ત્વપૂર્ણ સાબિત થશે. ટનલ અને પુલોનું બાંધકામ પૂર્ણ થયા બાદ ટ્રેક નાખવા સહિતની આગળની કામગીરીને વેગ મળશે.

અંબાજી સ્ટેશનની મુખ્ય ઇમારતનું બાહ્ય સ્વરૂપ શ્રી આરાસુરી અંબા માતાજીના મંદિરની થીમ પર તૈયાર કરવાની યોજના છે. પરંપરાગત ભારતીય મંદિર સ્થાપત્યની ઝલક સાથે સ્ટેશનને ભવ્ય દેખાવ આપવામાં આવશે. સ્ટેશનના થાંભલા, દિવાલો અને અન્ય ભાગોમાં સ્થાનિક પથ્થરો, નકશીકામ, જાળીદાર કલાત્મક રચનાઓ અને દેવી સાથે જોડાયેલા પ્રસંગો દર્શાવતાં વોલ મ્યુરલ્સનો ઉપયોગ કરવાની કલ્પના છે.

સ્ટેશનનું ઇન્ટિરિયર એરપોર્ટની તર્જ પર આધુનિક અને આકર્ષક બનાવવામાં આવશે. ગ્રાઉન્ડ ફ્લોર પર વૃદ્ધો અને દિવ્યાંગ પેસેન્જરોને સરળતાથી અવરજવર કરી શકાય તેવી વ્યવસ્થા રાખવાનું આયોજન છે. સ્ટેશનની બહાર ભવ્ય અરાઇવલ પ્લાઝા, લેન્ડસ્કેપિંગ અને વાહનો માટે વ્યવસ્થિત પાર્કિંગની સુવિધા પણ વિકસાવવામાં આવશે.

અંબાજી સ્ટેશનના વિકાસ આયોજનમાં પાંચ માળની ઇમારતનો પણ સમાવેશ થાય છે. તેમાં 100 રૂમની આધુનિક બજેટ હોટલ બનાવવાનું આયોજન છે. તેનાથી દૂરના વિસ્તારોમાંથી આવતા ભક્તો અને પ્રવાસીઓને સ્ટેશન પર જ રોકાણ માટે વિકલ્પ મળી શકશે. ધાર્મિક પ્રવાસનને ધ્યાનમાં રાખીને સ્ટેશન પર આધુનિક સુવિધાઓ વિકસાવવાનો હેતુ છે. આ લાઇનનું સંચાલન ઇલેક્ટ્રિફાઇડ ટ્રેક્શન પર કરવાની યોજના છે. પ્રોજેક્ટ માટે જમીન સંપાદનનું કામ પૂર્ણ થઈ ગયું છે અને બાંધકામની કામગીરી પ્રગતિમાં હોવાનું રેલવેની માહિતીમાં જણાવાયું છે.

નવી રેલવે લાઇનથી અંબાજી ઉપરાંત તારંગાહિલ અને આબુ રોડ વચ્ચેની કનેક્ટિવિટી મજબૂત બનશે. આ માર્ગ ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને મહેસાણા જિલ્લાઓ તેમજ રાજસ્થાનના સિરોહી વિસ્તાર માટે ઉપયોગી બનવાની અપેક્ષા છે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ ધાર્મિક યાત્રા, પ્રવાસન અને માલ પરિવહનને વેગ મળવાની સાથે સ્થાનિક સ્તરે રોજગાર અને આર્થિક પ્રવૃત્તિઓ વધવાની શક્યતા છે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ મા અંબાના દર્શન માટે આવતા લાખો ભક્તોને રેલવે દ્વારા અંબાજી પહોંચવાનો નવો વિકલ્પ મળી શકશે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599